॥ શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ ॥

॥ શ્રી મણિબુદ્ધ્યાણંદ હર્ષકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ ॥

શ્રી વજ્રસેન ગુરુ-શિષ્ય

કવીશ્વર હરિ વિરચિત

# કર્પૂરપ્રકર સાર્થ

સંપાદક :

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી

મહારાજ

શ્રી હર્ષપુષ્પામૃત-જૈન ગ્રંથમાલા
ગ્રન્થાંક-૨૧૯

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રીમણિ બુદ્ધયાણંદ હર્ષકપૂરામૃતસૂરિભ્યો નમઃ

શ્રી વજ્રસેન ગુરુ શિષ્ય
કવીશ્વર શ્રી હરિવિરચિત

# કર્પૂર પ્રકર-સાર્થ

-: સંપાદક :-

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી
મહારાજ

-: પ્રકાશિકા :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા
લાખાબાવળ શાંતિપુરી, (સૌરાષ્ટ્ર)

-: પ્રકાશિકા :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
( લાખાબાવળ )

C/o. શ્રીમતી જશમાબેન વી. મેઘજી
વી. વેલજી વી. દોઢિયા

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર

| વી. સં. | વિ. સં. | સને. | પ્રથમ આવૃતિ |
| --- | --- | --- | --- |
| ૨૫૧૭ | ૨૦૪૭ | ૧૯૯૦ | નકલ ૨૦૦૦ |

# સહકાર અને આભાર

આ કર્પૂર પ્રકર સાર્થ ગ્રંથનું સ્વાધ્યાય માટે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. એ સંપાદન કરેલ છે. આ પ્રાચીન ગ્રંથના ઉદ્ધાર માટે અમને નીચે મુજબ પૂજ્યો આદિના સદુપદેશથી સહકાર મલ્યો છે.

(૧) પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિ પૂ. સા. શ્રી જયાશ્રીજી મ. ના સદુપદેશથી નાજુબા શ્રાવિકા ઉપાશ્રય પુના (૨) પૂ. સા. શ્રી સૂર્યમાલાશ્રીજી મ. ના સદુપદેશથી ઇચલકરંજી શ્રાવિકા બેનો (૩) પૂ. સા. શ્રી અમીતગુણાશ્રીજી મ. ના સદુપદેશથી તેમની નિશ્રામાં થયેલ આરાધનાની ઉપજ શ્રાવિકા બેનો પાલીતાણા (૪) પૂ આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. ના ઉપદેશથી શ્રી શ્વે.

મૂ. જૈન સંઘ–બીડ (મહા.) (૫) ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય ઇન્દ્ર ભુવન વાલકેશ્વર મુંબઇ (૬) પૂ. આ. શ્રી વિજય વિબુધપ્રભ સૂ. મ. સા. ના નિશ્રાવર્તી પૂ. સા. શ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી મ. ના સદુપદેશથી અમરાવતી (મહા.) જૈન શ્વે. મૂ. સંઘ.

આ સહકાર માટે ઉપદેશક તથા દાતા શ્રી સંઘોનો આભાર માનીએ છીએ.

તા. ૨–૧૨–૯૦
શાક મારકેટ સામે
નિશાળ ફળી,
જામનગર

મહેતા મગનલાલ
ચત્રભુજ
વ્યવસ્થાપક
શ્રી હર્ષપુષ્પામૃત
જૈન ગ્રંથમાલા

# અલ્પ વક્તવ્ય

પરમ કરૂણાનિધિ શાસન પરમ હિત-ચિંતક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પૂ. સાધુ–સાધ્વીજીની સ્વાધ્યાય અધ્યયન આદિ માટે સુંદર હિતશિક્ષા આપેલ તે વખતે વાંચના આદિ માટે મને કહેવાની તક પૂજ્યપાદશ્રીજી એ આપી અધ્યયન આદિ અંગે જે કહ્યું હતું તેમાં આ કથનપણ હતું કે ચાતુર્માસમાં પૂ. સાધુ મહાત્માઓ પાસે શ્રાવકો અને સાધ્વીજી મહારાજો પાસે શ્રાવિકાઓ આવતા હોય છે તેમને નાના કદમાં પૂર્વાચાર્યોએ રચેલા સેંકડો પ્રકરણો આદિ છે. તે અર્થ સહિત જો અપાય તો તેઓમાં તાત્ત્વિક અભ્યાસ વધે, સમયનો સદુપયોગ થાય અને નાના નાના પ્રકરણો અનેક શ્રાવક શ્રાવિકો પણ કંઠસ્થ કરી શકે.

આ વિષયમાં અનેકોને જિજ્ઞાસા છે તેથી આ દિશામાં ક્રમશઃ પ્રકરણો વિ. સાથે સંપાદન કરવાનું રાખ્યું છે. આ કર્પૂર પ્રકર સાધુ સાધ્વીજી મ. માં પ્રસિદ્ધ છે અને તેથી તેનો જલ્દી ઉપયોગ થશે આ પછી પૂ. હરિભદ્ર સૂ. મ. કૃત ધર્મબિન્દુ સાર્થ તૈયાર થાય છે અને બીજા પ્રકરણો પણ સંગૃહિત થઇ રહ્યા છે.

આ વિષયમાં જિજ્ઞાસુ અને ઉત્સાહી પૂ. સાધુ સાધ્વીજી મ. જુદા જુદા પ્રકરણો અર્થ સાથે સંપાદન કરીને મોકલે તેવી મારી વિનંતિ છે તેથી પ્રકાશન કરવામાં વધુ સરળતા રહેશે.

૨૦૪૭ માગશર સુદ ૧૫
(દેરાસર પ્રતિષ્ઠા દિન)
ભોંયરા જિનેન્દ્રસૂરિ.
(ભોંયરાગઢ–સિદ્ધરાજની રાજધાની)
વાયા વીંછીયા (સૌરાષ્ટ્ર)

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | શુદ્ધ |
| --- | --- | --- |
| ૨ | ૨ | પુણ્યરૂપ |
| ૫ | ૧૪ | કવચિત્ |
| ૫ | ૧૬ | ભૂપઃ |
| ૧૧ | ૮ | ચેષ્ઠે તે |
| ૧૧ | ૧૧ | વર્ણ છે જેમાં એવી |
| ૨૧ | ૧૧ | ગુરુ દ્વાર |
| ૩૩ | ૧૩ | તેજવાળો |
| ૪૧ | ૧૧ | ઈર્ષ્યા |
| ૪૧ | ૧૨ | શુદ્ધ્યતિ |
| ૪૯ | ૧૫ | સ્યાદ્વંકચૂલ |
| ૫૧ | ૧૦ | મર્દ્દ |
| ૫૨ | ૧૦ | ભૂભુદશેકચંદ્રઃ |
| ૫૫ | ૯ | ચ પયો- |
| ૫૮ | ૧૩ | વડવાનલ |
| ૫૯ | ૧૦ | તૃણમપિ ધેનોઃ |

| | | |
|---|---|---|
| ૫૯ | ૧૧ | ૦ વૃષ્ટ્યે |
| ૬૫ | ૧૩ | ફૂલદ્ધ્યૌ |
| ૭૧ | ૧૪ | સાધુભક્ત્યાઃ |
| ૭૨ | ૧૧ | ધનોઃ |
| ૭૨ | ૧૪ | બલ |
| ૭૪ | ૩ | પુષ્પવતી |
| ૭૪ | ૫ | પુરુષથકી |
| ૭૪ | ૯ | સ્રીની |
| ૭૪ | ૧૨ | મુક્તિને |
| ૭૫ | ૧૧ | શાસ્રમાં |
| ૭૫ | ૧૫ | સાધ્વીઓ |
| ૭૬ | ૭ | ૦માનાચ્છેયં૦ |
| ૭૭ | ૪ | દૃષ્ટાંતથી |
| ૭૭ | ૧૩ | જાતુ |
| ૭૯ | ૪ | વિશ્વોપકારિ |

| | | |
|---|---|---|
| ૭૯ | ૪ | સ્વામિન્યા |
| ૭૯ | ૬ | જિનચક્રિણો |
| ૭૯ | ૮ | શુભેહ્નન્ય |
| ૭૯ | ૧૧ | શ્રી |
| ૮૦ | ૯ | શ્લાઘ્યતે |
| ૮૦ | ૯ | ૦ તુષ્ટૈઃ, |
| ૮૨ | ૪ | ૦ શુદ્ધ્યા |
| ૮૩ | ૫ | દમયન્ત્યાઃ |
| ૮૫ | ૧૪ | ૦ મદ્દુર્ગતિં |
| ૮૮ | ૫ | ન્દ્રચકૃતં |
| ૮૯ | ૮ | સ્રગ્ધરાવૃત્તમ્ |
| ૯૦ | ૧ | કૃતવાન્ |
| ૯૨ | ૧૦ | સ્થૂલભદ્ર |
| ૯૪ | ૧ | દ્યુતિમહ– |
| ૯૫ | ૫ | દ્રવિજ્વલન૦ |

| | | |
|---|---|---|
| ૯૭ | ૧૧ | ૦દચાંગમે |
| ૧૦૪ | ૧૧ | ૦ કૃતાદ્ભુત૦ |
| ૧૦૯ | ૧૩ | ર્યદ્વદ્ધર્મરુચિઃ |
| ૧૧૧ | ૪ | તચ્ચાણ્વાક્ય૦ |
| ૧૧૫ | ૧૧ | ૦ ક્ષમાપવત્તદ્વય૦ |
| ૧૧૯ | ૧૦ | નિલોડપિ |
| ૧૨૦ | ૬ | એવ |
| ૧૨૦ | ૭ | કૃતવાન્ |
| ૧૨૧ | ૯ | ઠિં દહતીહ |
| ૧૨૫ | ૮ | ઓછી |
| ૧૨૭ | ૬ | મૃત્યો |
| ૧૨૮ | ૭ | ૦ધોજ્ઝિતઘૃણઃ |
| ૧૨૮ | ૧૩ | પ્રાપો૦ |
| ૧૩૨ | ૯ | નલકૂબર ૦ |
| ૧૩૩ | ૧૨ | સ્યાદ્બ્રહ્મદારચૂલની૦ |

| | | |
|---|---|---|
| ૧૩૫ | ૭ | કષાય વિવશા |
| ૧૩૫ | ૧૦ | રોદ્દાંતરસ્ય |
| | | જલધેર્નનુ |
| ૧૩૬ | ૬ | ભુંક્ષ્વ |
| ૧૩૬ | ૧૨ | ૦ રસખલા– |
| ૧૩૭ | ૧૬ | ૦ કનકદ્રોયોં |
| ૧૩૮ | ૧૧ | સ્યાન્નંદિષેણુ |
| ૧૪૧ | ૧૪ | દુર્ઘન્ત૦ |
| ૧૪૨ | ૧૩ | ઘનૈરપિ |
| ૧૪૩ | ૩ | શતૈરપિ |
| ૧૪૪ | ૩ | વિત્તલેશાભિમૂલઃ |
| ૧૪૭ | ૨ | પલ્વલે |
| ૧૫૦ | ૧૨ | આધાર– |
| ૧૫૧ | ૮ | વૃષ્ટ્યા |

| | | |
|---|---|---|
| ૧૫૫ | ૯ | ગૃહ્ણંતુ પુણ્યવદ્ધ્યે |
| ૧૫૬ | ૧૫ | ગૃહ્ણં૦ |
| ૧૫૯ | ૧૧ | ચૌદશાજ |
| ૧૬૦ | ૯ | ધાર્યા |
| ૧૬૧ | ૧૧ | મિથ્યાત્વ૦ |
| ૧૬૩ | ૧ | મૂર્દ્નિ |
| ૧૬૪ | ૩ | કુર્યા-તુ |
| ૧૬૬ | ૧૪ | ચેનૈવ |
| ૧૬૬ | ૧૬ | ષ્ટાહ્નિકા દ્યુત્તરા |
| ૧૬૮ | ૩ | ૦ પ્રતિરવૈસ્તૂર્યે૦ |
| ૧૬૯ | ૧૧ | વાજીંત્રોના |
| ૧૬૯ | ૧૨ | મૂર્ખજનો ? |
| ૧૭૦ | ૧૧ | ૦ષટ્પદ૦ |
| ૧૭૧ | ૯ | ભેદવાળું |

| | | |
|---|---|---|
| ૧૭૨ | ૧૩ | ત્યજતાશુ |
| ૧૭૩ | ૧૦ | ધૂપ દીવો |
| ૧૭૪ | ૫ | ૦ નેત્રકુમુદ |
| ૧૭૬ | ૬ | સુગુણવાકૃતાંબુલ૦ |
| ૧૭૭ | ૧૧ | ૦માત્યાક્ષૂ |
| ૧૭૭ | ૧૨ | શ્રેયોધૃતો૦ |
| ૧૭૮ | ૧૦ | સમ્યક્ત્વ |
| ૧૮૦ | ૭ | ૦નદીતતિ૦ |
| ૧૮૩ | ૬ | એકાહૂનયપિ |
| ૧૮૩ | ૭ | સ્થાનસ્થાનનિખાત૦ |
| ૧૮૪ | ૪ | હાથમાં |
| ૧૮૪ | ૧૦ | દદાતિ |
| ૧૮૭ | ૩ | નીત્વા |
| ૧૯૭ | ૧૧ | રણત્- |
| ૧૯૮ | ૧૨ | નૃસ્વર્ગાદિફલં |

| | | |
|---|---|---|
| ૧૯૯ | ૧૪ | પુષ્પેલોકશિરઃ |
| ૨૦૦ | ૧ | ૦સંપુટતમો– |
| ૨૦૧ | ૮ | ભૂભૃદ્ભોગાનુભૂતિં |
| ૨૦૩ | ૫ | જ્ઞાભિષ્ટં હૃદિ |
| ૨૦૪ | ૩ | ગુરોસ્ત્રિષષ્ટિ |

## વૈરાગ્ય સજ્ઝાય

શ્રી વિજયદેવ સૂરિકૃત

સુરતરુની પરિ દોહિલઉ રે, લાધઉ નરભવ સાર। આલિ મુધા મ હારજ્યો, કાંઇ કરિજ્યો રે મનમાંહિ વિચારકિ ॥૧॥ ચેતઉ રે ચિતિ પ્રાણિ। મત રાચઉ રે રમણીનઇ રંગિકિ, સેવઉ રે જીન-વાણી। તુમ્હે રમિજ્યો રે સંયમનઇ સંગિકિ ॥૨॥ આંકણી ॥ પહિલઉં સમકિત સેવિયઇ રે, જે સવિ ધર્મહ મૂલ। સંયમ સમકિત બાહિરઉ, જીન ભાષિત રે, તુસ ખંડણ તૂલ ॥૩॥ ચેત૦ ॥ અરિહંતદેવજી આદરઉ રે, ગુરુ ગુરુઆ શ્રીસાધ। ધર્મ

કેવલિનઉ ભાષિયઉ, એ સમકિત રે સુર-
મણિ-સમ લાધકિ ॥૪॥ ચેત૦ ॥ તહત્તિ
કરી તુમ્હે સદ્દહઉ રે, જે ભાખ્યઉ જગનાથિ।
પંચઇ આશ્રવ પરિહરઉ, જીમ મિલિયઇ
સિવપુરનઇ સાથિકિ ॥૫॥ ચેત૦ ॥ [1]જીવે-
વઉં વંછઈ સહૂ રે, મરણુ ન વંછઇ કોઇ।
આપણુની પરિ પાલિવઉ, ત્રસ થાવર રે
હણિવઉ નહુ કોઇકિ ॥૬॥ ચેત૦ ॥ અજસ
અકીરતિ ઈણિ ભવિઇં રે, પરભવિ દુકખ
અનેક। કૂડ કહંતા પામિયઈ, કાંઇ આણુઉ
રે મનમાંહિ વિવેકકિ ॥૭॥ ચેત૦ ॥ ચોરી
લીજઈ પરતણુઉ રે, તૃણ તોઇ લાગઈ પાપ।
ધણ કંચણ કિમ ચોરિયઇ, જીણિ વાધઇ રે
ભવિ ભવિ સંતાપકિ ॥૮॥ ચેત૦ ॥
મહિલા સંગિઇં દૂહવઇ રે, નવલખ સૂષિ-
(ખિ)મ જંતુ। ખિણ સુખ કારણિ એતલી,
કિમ કીજઈ રે હિંસા મતિમંતકિ ॥૯॥
ચેત૦ ॥ પુત્ર-કલત્ર-ધન-હાટની રે, મમતા
કીજઇ ફોક। જે પરિગ્રહ જગમાંહિ અછઇ,

---

1 જીવવું.

તે છંડિ ગયા બહુલા લોકિ ॥૧૦॥ ચેત૦ ॥ માતા પિતા બંધવ સહૂ રે, પુત્ર-કલત્ર-પરિવર । સ્વારથલગિ સહુઇ સગઉ, કોઇ પરભવિ રે નહુ રાખણહારકિ ॥૧૧॥ ચેત૦ ॥ અલપ દિવસનઉ પ્રાહુંણઉ રે, સહુ કો ઇણિ સંસારિ । એક દિનઉઠી જાઇવઉ, કુંણ જાણઇરે કિણિહી અવતારિકિ ॥૧૨॥ ચેત૦ ॥ વ્યાધિ જરા જાંલગિ નહી રે, તાંલગિ ધર્મ સંભાલિ । ધારિ સઘન ઘનિવરસતઇ, કુણ સમરથ રે બંધઇલઉ પાલિકિ ॥૧૩॥ ચેત૦ ॥ અંજલિના જલની પરિઇં રે. ખિણિ ખિણિ છીજઇ આઉ । જાઇ તિવલીન બાહુડઇ, જરા ઘાલઇ રે યોવનનઇં ઘાઉકિ ॥૧૪॥ ચેત૦ ॥ ક્રોધ માન માયા તિજઉ રે, લોભ મ ધરઉ લગાર । સમતા-રસ પૂરી રહુ, વલી દોહિલઉ રે માણુસ ભવ સારકિ ॥૧૫॥ ચેત૦॥ આરંભ છાંડી આતમા રે, પ્રિય સંયમરસ પૂરિ । સિદ્ધિવધૂસ્યઉં જીમ રમઉ, ઇમ બોલઇ રે શ્રી વિજયદેવસૂરિકિ ॥૧૬॥ ચેત૦ ॥

॥ અર્હમ્ ॥

પૂ. આ. શ્રી વિજય કર્પૂરસૂરિભ્યો નમઃ

# ॥ કર્પૂરપ્રકર ॥

॥ ગ્રંથકર્ત્તા એક કાવ્યથી આશીર્વાદરૂપ મંગલાચરણ કરે છે ॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્.)

**કર્પૂરપ્રકરઃ શમામૃતરસે**
**વક્ત્રેંદુચંદ્રાતપઃ,**
**શુક્લધ્યાનતરૂપ્રસૂનનિચયઃ**
**પુણ્યાબ્ધિફેનોદયઃ ॥**
**મુક્તિશ્રીકરપીડનેચ્છસિચયો**
**વાક્કામધેનોઃ પયો,**
**વ્યાખ્યાલક્ષ્યજિનેશપેશલરદ-**
**જ્યોતિશ્ચયઃ પાતુ વઃ ॥૧॥**

શાંતિરૂપ અમૃતજલને વિષે કર્પૂરના સમૂહ સમાન, મુખરૂપ ચંદ્રમાની જ્યોત્સ્ના

(ચાંદની) સમાન. કેવલજ્ઞાન રૂપી વૃક્ષના પુષ્પના સમૂહ સમાન, પુષ્પરૂપ સમુદ્રના ફીણના ઉદય સમાન, મુક્તિરૂપ શ્રી (વધુ) ના વિવાહને વિષે નિર્મલ વસ્ત્ર સમાન અને વાણીરૂપ કામધેનુના દૂધ સમાન એવો જે જિનેશ્વર ભગવાનનો વ્યાખ્યાન સમયે દેખાતો મનોહર દાંતની કાંતિનો સમૂહ, તે તમારૂં રક્ષણ કરો. ॥૧॥

હવે આ ગ્રંથને વિષે કહેવાનાં દ્વારનાં નામો એક કાવ્યથી કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્.)

લબ્ધ્વા લબ્ધ્વાર્યદેશં કથમપિ નૃભવં
સત્કુલં સાધુસંગં.
બોધં દેવાદિશક્તિઃ કુરુત શમયતિ

શ્રાવકત્વવ્રતાનિ ॥

સપ્તક્ષેત્રીજિનાર્ચાનયવિનયસુ-
વૈરાગ્યદાનાદિપુષ્ટિં,
શબ્દપ્રુતકુધાદેર્જયમપિસુકૃતા
હેષુ સત્કર્મ મુક્ત્યૈ ॥૨॥

હે ભવ્યજનો ! મહ કષ્ટથી પ્રાપ્ત થયેલા કોઇ પુણ્યના ઉદયથી આર્યદેશને, સારા કુલને, મનુષ્ય જન્મને અને સાધુ પુરૂષના સંગને પામીને મુક્તિને માટે સમ્યક્ત્વને; દેવ, ગુરૂ અને ધર્મને વિષે શક્તિને; ઉપ-શમપણું, યતિપણું, શ્રાવકપણું અને શ્રાવકના બારવ્રત તેના આરાધનને; સાત-ક્ષેત્ર, જિનપૂજન, ન્યાય, વિનય, વૈરાગ્ય, દાન, શીલ, તપ અને ભાવનાની પુષ્ટિ;

શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, દ્યૂત, માંસ સુરાપાન, વેશ્યાગમન, પાપસંપત્તિ, ચોરી, પરસ્ત્રીગમન, ક્રોધ, માન, માયા, લોભ એ વિગેરેના જયને અને પુણ્યના દિવસને વિષે સારા કાર્યને કરો. ॥૨॥

હવે બે કાવ્યથી આર્યદેશનું સ્વરૂપ કહે છે.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્. )

કોઽપિ સ્યાલ્લઘુકર્મક: સુકૃતધી
દેશેઽપ્યનાર્યે સ્વત-
સ્તસ્યાપ્યાર્દ્રકુમારવદ્દગુણચય:
કિંત્વાર્યદેશાશ્રયાત્ ॥
ક્ષારાબ્ધૌ શશિનોઽથ કૌસ્તુભમણે:
સાશ્રી: કુતો યાઽભવત્,
ગંગાશાલિનિ શંભુમૂર્ધ્નિ કમલા
ગારે હરેશ્ચોરસિ ॥૩॥

કેઇ લઘુકર્મિ જીવ અનાર્ય દેશને વિષે ઉત્પન્ન થઇને પોતાની મેળે ધર્મબુદ્ધિવાલો થાય છે, તો તેને પણ આર્દ્રકુમારની પેઠે આર્યદેશના આશ્રયથી ગુણસમૂહ પ્રાપ્ત થાય છે. ઇહાં દૃષ્ટાંત કહે છે. ગંગાથી શોભતા એવા શંકરના મસ્તકને વિષે ચંદ્રની અને લક્ષ્મીના નિવાસ સ્થાન એવા કૃષ્ણના હૃદયને વિષે કૌસ્તુભમણિની જેવી શોભા છે તેવી ખારા સમુદ્રમાં ચંદ્રની અને કૌસ્તુભમણિની શોભા ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. ॥૩॥

આર્યદેશમવાપ્ય ધર્મરહિતો
ऽप्यन्यस्य धर्मक्रियां,
ધર્મસ્થાનમહાંશ્ચ વીક્ષ્ય સુગુરોઃ
શ્રુત્વા ચ ધર્મં ક્વચિત્ ॥
બોધં યાતિ કુલોત્થનાસ્તિકમતો
ભૂપ પ્રદેશી યથા,

સત્યં ચંદનસંગિનઃ ક્ષિતિરુહો
નાન્યેઽપિ કિં ચંદનાઃ ॥૪॥

ધર્મરહિત પ્રાણી પણ આર્યદેશ પામીને, બીજાઓની ધર્મક્રિયા તેમજ ધર્મના સ્થાનોના મહોત્સવોને જોઇને અને કોઇ વખત સુગુરુ થકી ધર્મ સાંભળીને કુલપરંપરાથી નાસ્તિક મતવાલા પ્રદેશી રાજાની પેઠે બોધ પામે છે; એ સત્ય દૃષ્ટાંત કહે છે કે, ચંદનવૃક્ષના સંગવાલાં બીજાં વૃક્ષો પણ શું ચંદન નથી થતાં? અર્થાત્ થાય છે. ॥૪॥

હવે બે કાવ્યે કરીને કથમપિ દ્વાર કહે છે.

ઉત્સર્પિણ્યવસર્પિણીઃ ક્ષિતિમરુ-
ત્તોજોઽસ્વસંખ્યા વને-
ઽનંતાસ્ત્રા વિકલે ગણેયશરદો
જાત્યાવિપત્યા નયેત્ ॥

સપ્તાષ્ટૌ તુ ભવાંસ્તિરશ્ચિ મનુજે
જીવોઽંતરેત્રાસ્યચે-
દ્ધર્મસ્તદ્ધરણેદ્રવત્સ સુગતિં
પ્રાપ્નોતિ તિર્યક્ષ્વપિ ॥૫॥

આ જીવ પૃથ્વીકાય, વાઉકાય, તેઉકાય અને અપકાયને વિષે અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ નિર્ગમન કરે, વનસ્પતિકાયને વિષે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલપર્યંત રહે. વિકલેંદ્રિય (બેઇંન્દ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય)ને વિષે જન્મ મરણે કરીને સંખ્યાતા વર્ષ રહે અને તિર્યંચ તથા મનુષ્યને વિષે સાત અથવા આઠ ભવ કરે. આમ આ છેલ્લા ગણાવેલા ભવને વિષે જો તે જીવને ધર્મ પ્રાપ્ત થાય,

તો તે ભલેને તિર્યંચ હોય, તો પણ તે ધરણેંદ્રની પેઠે ઉત્તમગતિ મેળવે છે ॥૫॥

કાલપ્રાણિભવા અનાદિનિધના-
સ્તત્સર્વજાતૌ સદા,
જીવેન ભ્રમતા મુહૂર્ત્તમપિ હિ
પ્રાપ્તં ન કિંચિદ્ધિતમ્ ।
મુક્તાસુક્તિકયેવ વારિમણિકૃ-
દ્વાદ્ધૌ ક્વચિદ્દૈવત-
સ્તત્પ્રાપ્યાથ સકંબલેન શબલે
નોક્ષણેવ ધાર્યં શ્રિયે ॥૬॥

કાળ, જીવ અને સંસાર એ ત્રણ આદિ અને અંત રહિત છે, પરંતુ નિરંતર સર્વ યોનિને વિષે ભમતા એવા જીવે બે ઘડી માત્ર પણ કાંઇ હિત મેળવ્યું નહીં; પણ

જો જેમ સમુદ્રમાં મોતીની છીપને કયારેક દૈવયોગે મોતી બનાવનાર પાણી મળી જાય છે, તેમ જીવને એ પુણ્યરૂપ હિત પ્રાપ્ત થઇ ગયું, તો તેણે તે પકડી રાખીને કંબલ અને શંબલ નામના બળદની પેઠે મોક્ષ લક્ષ્મીને અર્થે ધારણ કરવું ॥૬॥

હવે બે કાવ્યે કરીને નૃભવદ્વાર કહે છે.

ક્ષેત્રે નામલવાલુકે ચ લવણા-
કીર્ણે ચ રોહેઘથા,
બીજં કિંચિદિહાખિલે ચ ફલતિ
ક્ષાત્રે ચ નાનાફલૈ: ॥
દેવે નૈરયિકે તિરશ્ચિ મનુજે
શ્રેય:પ્રસૂતિસ્તથા,
તસ્માન્મેઘકુમારવન્નરભવે-
ऽनंतश्रिये त्वर्यताम् ॥૭॥

જેમ આ લોકને વિષે બીજ નિર્મલ રેતીવાલા ખેતરમાં ઉગતું નથી, ખારવાલા ખેતરને વિષે ઉગતું નથી; નહિં ખેડેલા ખેતરમાં કાંઇક ઉગે છે અને ખેડેલા ખેતરને વિષે તો નાના પ્રકારના ફલોએ કરીને ફલે છે. તેવી રીતે દેવના, નારકીના તિર્યંચના અને મનુષ્યના ભવને વિષે ધર્મની ઉત્પત્તિ જાણવી. માટે હે જનો! તમે આ મનુષ્ય ભવને વિષે મેઘકુમારની પેઠે મોક્ષ લક્ષ્મીને અર્થે ઉતાવલ કરો ॥૭॥

(મંદાક્રાંતાવૃત્તમ્)

વેલાકૂલે મહતિ નૃભવે પ્રાક્પ્રસન્નેંદુવત્ત-
ર્જીજવા મૂઢશ્લથદઢધિયઃ
ક્ષીણતે કર્મવસ્તુ ॥

ક્રૂરા ગુપ્તિઃ કુગતિયુગલી-
વર્ણકઃ સ્વદુરંતો,
યેનાંતે સ્યાચ્છિવપુરમુરુ-
સ્ફૂર્ત્તિ તેષાં ક્રમેણ ॥૮॥

સમુદ્ર સમાન વિસ્તીર્ણ એવા નરભવને વિષે મૂઢ, શિથિલ અને દઢ બુદ્ધિવાલા એમ ત્રણ પ્રકારના પ્રાણીઓ, પૂર્વે થઇ ગયેલાં પ્રસંનચન્દ્રરાજર્ષિની પેઠે તેને કર્મરૂપ વસ્તુને ખરીદ કરે છે કે, જે કર્મરૂપ વસ્તુથી તેઓ ત્રણે અનુક્રમે નરક-તિર્યંક રૂપ બે દુર્ગતિનો વર્ણ છે જેમાં જેમાં એવી દુઃખરૂપ ગતિ (૧) દુઃખથી પણ સ્વર્ગ ન પામવા રૂપ ગતિ (૨) અને અત્યંત પ્રકાશમય મોક્ષ ગતિ (૩) પ્રાપ્ત કરે છે ॥૮॥

હવે બે કાવ્યે કરીને સત્કુલદ્વાર કહે છે.

(ઇન્દ્રવજ્રાવૃત્તમ્)

તત્તાદૃશાભવ્યપિતુઃ સુતોઽપિ-
ધર્માલસો યઃ સુલસોઽભવન્ન ।
સ કિં વિષાહેર્વિષહૃન્મણિસ્ત-
ત્પંકાન્ન વા શ્રીસદનં સરોજમ્ ॥૯॥

જે સુલસ નામનો પુરૂષ એક અભવ્ય પિતાનો પુત્ર હોવા છતા પણ ધર્મને વિષે આળસવાલો થયો નથી. દૃષ્ટાંત કહે છે કે, વિષવાલા સર્પથી વિષને હરનારૂં મણિ શું નથી ઉત્પન્ન થતું ? અથવા તો કાદવમાંથી લક્ષ્મીનું ગૃહ એવું કમલ શું નથી ઉત્પન્ન થતું ? અર્થાત્ થાય છે ॥૯॥

બોધાય સદ્ધર્મકુલોદ્ભવાઃ સ્ત્રિયો-
ઽપ્યુદાયનસ્યેવ પુરા પ્રભાવતી ॥

**સત્તીર્થતા કિં જલધેર્ન ગંગયા,**
**સદ્દ્વૃત્તતા વા શશિનો ન રાકયા ॥૧૦॥**

પૂર્વે થઇ ગયેલા ઉદાયન રાજાની રાણી પ્રભાવતીની પેઠે, સદ્ધર્મવાલા કુલને વિષે ઉત્પન્ન થયેલી સ્ત્રીયો પણ બોધને અર્થે થાય છે. અર્થાત્ બોધનું કારણ થાય છે. દૃષ્ટાંત કહે છે કે, સમુદ્રનું ઉત્તમ તીર્થપણું ગંગાવડે શું નથી થતું ? અથવા તો ચંદ્રમાનું ગોલાકારપણું પૂનમવડે શું નથી બનતું ? અર્થાત્ ગંગાથી સમુદ્રમાં તીર્થપણું અને પૂનમથી ચંદ્રમાને વિષે ગોલાકારપણું થાય છે ॥૧૦॥

હવે બે કાવ્યથી સાધુસંગ દ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

જીવાદિતત્ત્વવિકલૈર્વિપુલૈસ્તપોભિ-
ર્મુક્તો ન તામલિરજાતસુસાધુસંગઃ ॥
કઃ સ્વર્ણસિદ્ધિમધિગચ્છતિ કૂટકલ્પૈઃ,
કોવાંબુધિં તરતિ જર્જરયાનપાત્રૈઃ ॥૧૧॥

ઉત્તમ સુગુરૂના સંગ રહિત તામલિ તાપસ જીવાદિ તત્ત્વે રહિત એવા મહાતપથી પણ મુકિત પામ્યો નહી. દષ્ટાંત કહે છે કે. ખોટા ઔષધી પ્રયોગથી કોને સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત થાય? અને જીર્ણ વહાણથી કોણ સમુદ્ર તરી શકે? ॥૧૧॥

(ઔપચ્છંદસિકવૃત્તમ્)

ગિરિપુષ્પશુકાવિવામલાંગી,
ગુણનાશોદયભાગ્ જડજ્ઞસંગાત્ ॥

જલદાંબુ વિષં સુધા ચ ન સ્યાત્,
કનકદ્રો ચ કિમિક્ષુકાનને ચ ॥૧૨॥

નિર્મલ પ્રાણી ગિરિશુક અને પુષ્પશુક નામના બે પોપટની પેઠે મુર્ખ અને જ્ઞાનીની સંગતિથી અનુક્રમે નિર્ગુણી અને સદ્‌ગુણી થાય છે. દૃષ્ટાંત કહે છે કે, મેઘનું જલ ધંતુરાના વૃક્ષને વિષે વિષ અને શેરડીના વનને વિષે અમૃત શું થતું નથી ? અર્થાત્ થાય છે ॥૧૨॥

હવે બે કાવ્યે કરીને બોધદ્ધાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્.)

પ્રાપ્યાલ્પમપ્યમલબોધવચશ્ચિલાતી-
પુત્રો યથાઘમલિનોઽપિ
બિભર્ત્તિ શુદ્ધિમ્ ॥

કિં કોટિવેધિરસચંદનરત્નબિંદુ-
સ્પર્શેઽપિ હેમશિશિરં
ચ ન તપ્તલોહમ્ ॥૧૪॥

પાપથી મલીન એવાય પણ ચિલાતી પુત્રે અલ્પ પણ નિર્મલ એવા બોધકારી વચન સાંભલી નિર્મલપણું ધારણ કર્યું. દૃષ્ટાંત કહે છે કે, તપાવેલું લોઢું કોટિવેધી-રસ (ક્રોડો મણ લોઢાને સુવર્ણ બનાવનાર રસ) રૂપ ગોશીર્ષ ચંદનરત્નના ટીપાના સ્પર્શથી શું શીતલ સુવર્ણ નથી થતું અર્થાત્ થાય છે ॥૧૪॥

દ્વેષેઽપિ બોધકવચઃશ્રવણં વિધાય,
સ્યાદ્રૌહિણેય ઇવ જંતુરુદારલાભઃ ॥

**ક્વાથોઽપ્રિયોઽપિ સરુજાં સુખદો રવિર્વા,**
**સંતાપકોઽપિ જગદંગભૃતાં**
**હિતાય ॥૨૫॥**

અરૂચિ છતાં પણ બોધકારી વચન સાંભલવાથી પ્રાણી, રોહિણેય ચોરની પેઠે અત્યંત લાભ સંપાદન કરે છે. અહિં દૃષ્ટાંત કહે છે કે, અપ્રિય (કડવો) એવોય પણ ક્વાથ રોગી માણસને સુખકારી છે અને તાપ આપનારો એવોય પણ સૂર્ય જગત્‌ના પ્રાણીયોને હિતકારી છે ॥૨૫॥

હવે બે કાવ્યથી સમ્યક્ત્વ દ્વાર કહે છે.

**કોઽપ્યન્ય એવ મહિમા નનુ શુદ્ધદષ્ટે-**
**ર્યચ્છ્રેણિકો હ્યવિરતોઽપિ**
**જિનોઽત્ર ભાવી ॥**

પુણ્યાર્ગલઃ કિમિતરોઽપિ ન સાર્વભૌમો,
રૂપચ્યુતોઽપ્યધિગુણસ્ત્રિજગન્નતશ્ચ ॥૧૬॥

નિશ્ચે સમ્યક્ત્વવંત પ્રાણીનો કોઇ વિલક્ષણ પ્રભાવ હોય છે. કારણકે, અવિરતિ (વિરતિ નહિં પામેલો) એવો પણ શ્રેણિક રાજા આ ભરતક્ષેત્રને વિષે તીર્થંકર થશે. દષ્ટાંત કહે છે કે, સામાન્ય એવોય પણ કોઇ મહાપુણ્યવંત પુરુષ શું સર્વ પૃથ્વીના રાજ્યને ભોગવનારો ન થાય? અથવા તો રૂપરહિત એવોય પણ ગુણવાન્ પુરૂષ શું ત્રણ લોકને નમસ્કાર કરવા યોગ્ય નથી થતો? અર્થાત્ થાય છે ॥૧૬॥

તદ્દર્શનં કિમપિ સા સુલસાપ યેન,
પ્રાદાજ્જિનોઽપિ મહિમાનમમાનમસ્યૈ ॥

નૈર્મલ્યત: શશિકલા ન ચ કેતકીત્વં,
માલાતુલાં ચ હરમૂર્દ્ધિન
બભાર ગંગા ॥૧૭॥

તે સુલસા શ્રાવિકા કોઇ પણ અપૂર્વ એવા સમ્યક્ત્વ દર્શનને પામી હતી કે, જે સમ્યક્ત્વને લીધે શ્રી જિનરાજ એવા શ્રી વીર પ્રભુએ એની (સુલસાની) બહુજ પ્રશંસા કરી. દૃષ્ટાંત કહે છે કે, નિર્મલપણાને લીધે શશિકલાએ શંકરના મસ્તક ઉપર તિલકપણાથી કેતકીપણું અને ગંગાયે પુષ્પમાલાના સમાનપણું શું ધારણ કર્યું નથી ? અર્થાત્ ધારણ કર્યું છે ॥૧૭॥

હવે બે કાવ્યથી દેવદ્વાર કહે છે.

દૂરેઽર્હતામસ્તુ મહનાદિ નતીચ્છયાઽપિ,
શ્રેય:સુરોઽજનિ ન સેડુકદર્દુર: કિમ્ ॥

કલ્પદ્રુમઃ સ્મરણતોઽપિ ન કિં ફલાય,
પાર્શ્વેઽપિ વા મૃગમદો ન હિ
સૌરભાય ॥૧૮॥

શ્રી અરિહંત પ્રભુનું પૂજનાદિક તો દૂર રહ્યું, પરંતુ તેમને નમસ્કાર કરવાની ઇચ્છાથી સેડુક નામના બ્રાહ્મણનો જીવ કે, જે દેડકો થયો હતો, તે પણ શું ઉત્તમ દેવતા નથી થયો ? દૃષ્ટાંત કહે છે કે, કલ્પવૃક્ષ ફક્ત સ્મરણ કરવાથી શું ઇષ્ટફલ નથી આપતું ? અથવા તો સમીપે પડેલી કસ્તુરી શું સુગંધ નથી આપતી ? અર્થાત્ આપે છે ॥૧૮॥

( ઇન્દ્રવજ્રાવૃત્તમ્ )

ધ્યાતઃ પરોક્ષેઽપિ જિનસ્ત્રિશુદ્ધ્યા,
જીર્ણાભિધશ્રેષ્ઠિવદિષ્ટસિદ્ધ્યૈ ॥

સિંધુપ્રવૃદ્ધયે કુમુદૌઘલક્ષ્મ્યૈ,
ચકોરતુષ્ટ્યૈ વિધુરભ્રગોઽપિ ॥૧૯॥

જિનેશ્વર પ્રભુ પ્રત્યક્ષ ન હોય તોપણ ત્રિકરણ શુદ્ધિવડે ધ્યાન કરવાથી જેમ જીર્ણ શેઠને આપી તેમ સર્વ માણસોને વાંછિત સિદ્ધિ આપે છે. દૃષ્ટાંત કહે છે કે, આકાશમાં રહેલો એવોય પણ ચંદ્ર સમુદ્રની વૃદ્ધિને માટે, કમલના સમૂહની શોભાને માટે અને ચકોર પક્ષીના હર્ષને અર્થે થાય છે ॥૧૯॥

હવે બે કાવ્યથી ગુરુદ્ધાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

નવ્યો ગુરુઃ સુરતરૂર્વિહિતામિતર્દ્ધિ-
ર્યત્કેવલાય કવલાર્થિષુ ગૌતમોઽભૂત્ ॥

તાપાતુરેઽમૃતરસઃ કિમુ શૈત્યમેવ,
નાપ્રાર્થિતોઽપિ વિતરત્યજરામરત્વમ્ ॥૨૦॥

પ્રમાણ વિનાની ઋદ્ધિ આપનારા ગુરુ નવીન કલ્પવૃક્ષ સમાન છે; કારણ કે, ગૌતમ ઋષિ કુવલની 'અન્નની' યાચના કરનારા (તાપસો)ને કેવલજ્ઞાનને અર્થે થયા. દૃષ્ટાંત કહે છે કે, પ્રાર્થના નહિં કરેલો એવોય પણ અમૃતરસ, તાપથી આકુલ થયેલાને ફક્ત શીતલતાજ આપે છે, શું અજરામરપણું નથી આપતો ? ॥૨૦॥

(પૃથ્વીવૃત્તમ્.)

કુબોધમતયોઽભિતઃ કુગુરવો
જમાલ્યાદિવત્,
પુનઃ કુવચન વજ્રવત્સુગુરવોઽમલા
જન્મતઃ ॥

**કરીરપિચુમંદવન્ન ઘનસારસચ્ચંદનાઃ,**
**ઘના ન ચ ખરોષ્ટ્રવજજયતુરંગ-**
**ભદ્રદ્વિપાઃ ॥૨૧॥**

જમાલિ વિગેરેની પેઠે કુજ્ઞાનને વિષે બુદ્ધિવાલા કુગુરુઓ સમીપે રહેલા દેખાય છે, અર્થાત્ બહુ છે; પરંતુ વજસ્વામીની પેઠે જન્મથી આરંભીને નિર્મલ એવા સુગુરુઓ કોઇક જ સ્થાનકે જોવામાં આવે છે. દષ્ટાંત કહે છે કે, કેરડા અને લીંબડાની પેઠે કપૂર અને ચંદનના ઉત્તમ વૃક્ષો ઘણાં હોતાં નથી, તેમજ ગધેડા અને ઉંટની પેઠે ઉચ્ચૈઃશ્રવા અને ભદ્રજાતિના હાથીઓ પણ ઘણાં હોતા નથી ॥૨૧॥

હવે બે કાવ્યથી ધર્મદ્વાર કહે છે.

( ઇન્દ્રવજ્રાવૃત્તમ્ )

વિજ્ઞાય ધન્યા જિનધર્મમર્મ,
રજ્યંતિ શય્યંભવવન્ન જાડયે ॥
પીત્વા સિતાભાવિતધેનુદુગ્ધં,
કો વામ્લતક્રાર્કપયાંસિ પશ્યેત્ ॥૨૨॥

ધન્ય પુરૂષો જિનધર્મના મર્મને જાણીને શય્યંભવની પેઠે મૂઢતાને વિષે રાગ કરતા નથી. દૃષ્ટાંત કહે છે કે, સાકરથી મિશ્રિત એવા ગાયના દૂધને પીધા પછી કયો પુરૂષ ખાટી છાશ અથવા આકડાના દુધ સામુ જૂએ ? અર્થાત્ કોઇ ન જૂએ ॥૨૨॥

લબ્ધે જડઃ કોઽપિ હિતેઽપિ ધર્મે
સ્તૌત્યક્ષસૌખ્યાનિ શશીવ રાજા ॥
ન પંકજં ભેક ઉપૈતિ પંકં,
ક્રમેલકો નાશ્રમિયર્ત્તિ નિંબમ્ ॥૨૩॥

હિતકારક એવા ધર્મ પ્રાપ્ત કર્યા છતા કોઇકજ મૂર્ખ પુરૂષ શશી રાજાની પેઠે ઇન્દ્રિઓના સુખને વખાણે છે. દૃષ્ટાંત કહે છે કે, દેડકો, કમલ પ્રત્યે ન જતા કાદવ પ્રત્યે જાય છે અને ઉંટ આંબા સમીપે ન જતા લીંબડા પાસે જાય છે. અર્થાત્ નીચ પુરૂષ નીચ સ્થાનકે જાય છે ॥૨૨॥

હવે બે કાવ્યથી શકિતદ્વાર કહે છે.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ )

અષ્ટાબ્દોઽપિ તથાવિધવ્રતતપઃ
સ્વાધ્યાયકૃત્યાસહો-
ઽપ્યુચ્ચૈર્ધ્યાનબલેન કર્મરિપુભિ
ર્મુક્તોઽતિમુક્તો મુનિઃ ॥
શક્ત્યા ગચ્છત તન્ન કિં હિતપથં
મુક્ત્વા પ્રમાદોત્તરં ।

**શ્રુયંતે ચ મદાલસાતનુભુવો**
**બાલ્યેઽપિ યોગોજ્વલાઃ ॥૨૩॥**

આઠ વર્ષની વયના અને તેવી બાલ્યાવસ્થાને લીધે જ તે તે પ્રકારના અહિંસાદિ વ્રત, માસક્ષપણાદિ તપ અને સ્વાધ્યાય કરવાને અસક્ત એવા અતિમુક્ત મુનિ પોતાના ઉત્કૃષ્ટ એવા ધ્યાન બલવડે કર્મરૂપી શત્રુથી મુક્ત થયા. માટે હે ભવ્યજનો ! તમે મહા પ્રમાદને ત્યજી શકિતએ કરીને હિતકારી એવા માર્ગ પ્રત્યે કેમ જતા નથી ? કારણ કે, મદાલસાના પુત્રો બાલ્યાવસ્થા વિષે પણ ધ્યાનમાં નિર્મલ થયેલા સંભલાય છે ॥૨૩॥

(વસંતતિલકાવૃત્તમ્)

**શીલં તપશ્ચ બલદેવમુનિશ્ચરિત્વા,**
**દાનં પ્રદાય રથકૃત્ત્રિતયેઽપ્યશક્તાઃ ॥**

**એણો મુદા તદનુમોદનયા સુરોઽભૂ-**
**દ્યોગાદ્ધિ સિદ્ધિમગમચ્ચતુરંગિતાંહ્રિ: ।૨૪**

કૃષ્ણના મોટાભાઇ બલદેવમુનિ શીલ અને તપનું આચરણ કરી દેવતા થયા, રથકાર (સુથાર) દાન આપીને દેવપદવિ પામ્યો અને હરિણ શીલ, તપ અને દાનમાં અસમર્થ છતા તેઓની અનુમોદનાથી દેવતા થયો. ઉપર કહેલું સર્વ યોગ્ય છે. કારણ કે, ચતુરંગી પુરૂષ સમાધિના બલથી સિદ્ધિ-પદને પામ્યો છે ॥૨૪॥

હવે બે કાવ્યથી શમદ્વાર કહે છે.

(ઉપેંદ્રવજ્રાવૃત્તમ)

**શમેન સિદ્ધ્યંતિ મતાનિ કૃષ્ણા-**
**નુજર્ષિવત્તીવ્રતપોઽસ્તુ વા મા ॥**

**દિનાધિનાથેન કૃતેઽન્નપાકે,**
**સંધુક્ષણં કઃ કુરૂતેઽનલસ્ય ।।૨૫।।**

તીવ્ર તપશ્ચર્યા કરો અથવા ન કરો; પરંતુ મનની અભિલાષાઓ તો કૃષ્ણ મહારાજના નાના ભાઇ ગજસુકુમાલની પેઠે શમતાથી જ સિદ્ધ થાય છે. દૃષ્ટાંત કહે છે કે, સૂર્યથી અન્ન પાકે છતે કયો પુરૂષ અગ્નિ સળગાવે ? અર્થાત્ કોઇ ન સલગાવે ।।૨૫।।

( વસંતતિલકાવૃતમ્ )

**પ્રીત્યૈ શમી સ્વપરયોરપિ ચંડરૂદ્ર-**
**શિષ્યો યથાત્મનિ ગુરાવપિ કેવલદ્ધર્યા ।।**
**સપ્તર્ષિસંગતિમવાપ્ય વિશાખનામા,**
**ચૌરોઽપ્યમૂદ્વિલસદુજ્જવલ-**
**દિવ્યશકિતઃ ।।૨૬।।**

જેમ શમતાવાળો ચંડરૂદ્રાચાર્યનો શિષ્ય કેવલજ્ઞાનની સમૃદ્ધિયે કરીને પોતાને વિષે તથા ગુરૂને વિષે પ્રીતિવાલો થયો. તેમ બીજો શમતાવાલો પ્રાણી પણ પોતાને તથા પરને વિષે પ્રીતિવાલો થાય છે. દૃષ્ટાંત કહે છે કે, વિશાખ નામનો ચોર પણ સપ્તર્ષિના સંગને પામીને પ્રકાશિત ઉજ્વલ દિવ્ય શક્તિવાલો થયો ॥૨૬॥

હવે બે કાવ્ય કરીને યતિદ્વાર કહે છે.

( માલિનીવૃત્તમ્ )

વ્રતમપિ બહુચીર્ણં સાતિચારં કુગત્યૈ,
દિનમપિ શુચિ સુકૃત્યૈ
કુંડરીકાદિવત્તત્ ॥
અહહ દહતિ ચિત્રાવારિપૂરોઽપિ શસ્યં ।

**ભૃશમપિ કૃશપાથઃ સ્વાતિજં**
**પાતિ જંતૂન્ ॥૨૭॥**

ચિરકાલ પર્યંત પણ અતિચાર યુક્ત પાળેલું વ્રત કુગતિને અર્થે થાય છે અને તેજ વ્રત એક દિવસ પણ નિરતિચારપણે પાલ્યું હોય તો પુંડરિકાદિકની પેઠે મુક્તિદાતા થાય છે. તે ઉપર દૃષ્ટાંત કહે છે. એ ખેદની વાત છે કે, ચિત્રા નક્ષત્રમાં વરસેલો બહુ મેઘ પણ ધાન્યને બાળી નાખે છે અને સ્વાતિ નક્ષત્રમાં વરસેલો અલ્પમેઘ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરે છે ॥૨૭॥

( પૃથ્વીવૃત્તમ્ )

**વ્રતેન શુચિનાપિ કિં કિમથ**
**સદ્ગુરુપાસનો-**
**રુદાયિનૃપમારકશ્રમણવત્સપાપાત્મનઃ ॥**

શિરસ્થવિષહૃન્મણિઃ ફણિગણઃ
કિમાનંદનઃ,
સ ચંદનવનસ્થિતઃ કિમથવા
જગતાપહૃત્ ॥૨૮॥

ઉદાયિ રાજાને મારનાર સાધુની પેઠે પાપયુક્ત છે મન જેનું એવા પુરુષને પવિત્ર વ્રતે કરીને શું ? અથવા તો સદ્ગુરૂની ઉપાસના વડે કરીને પણ શું ? અર્થાત્ કાંઇ નહીં. દૃષ્ટાંત કહે છે કે, મસ્તક ઉપર વિષાપહારી મણિને ધારણ કરનારો સર્પસમુહ શું આનંદ આપનારો છે ? અથવા તો ચંદનના વનને વિષે ક્રીડા કરનારો તેજ સર્પસમૂહ શું જગત્‌ના તાપને દૂર કરનારો છે ? અર્થાત્ નથી ॥૨૮॥

હવે ત્રણ કાવ્યે કરીને શ્રાવકદ્વાર કહે છે.

( સ્રગ્ધરાવૃત્તમ્ )

સાધોરન્હાય સિદ્ધિઃસુચરણકરણૈઃ
શ્રાવકસ્યાપિ હિ સ્યા-
ન્મદ્દ્યેઽષ્ટાનાં ભવાનાં
શશિવિશદગુણાનંદના નંદવૃત્તૈઃ ॥
યે્યાનૈઃ શીઘ્રગાભિર્જલધિજલપથૈ-
સ્તીરદેશેષુ પાંથાઃ ।
કેચિદ્યાત્યાશુ નાન્યે હયકરભરથૈર્ભૂપથૈઃ
કિં ક્રમેણ ॥૨૯॥

રૂડું ચારિત્રપાળવાથી સાધુની શીઘ્ર સિદ્ધિ થાય છે; શ્રાવકની પણ ચંદ્ર સમાન નિર્મલ ગુણથી આનંદકારી આનંદ નામના શ્રાવકના સરખા આચરણે કરીને આઠ ભવમાં સિદ્ધિ થાય છે. દૃષ્ટાંત કહે છે કે જો કેટલાક મુસાફરો શીઘ્રજનારા વહાણથી

જલમાર્ગે કરીને સામા તીરે જલદી પહોચે છે તો બીજા મુસાફરો અશ્વ ઉંટ અને રથોએ કરીને ભૂમિમાર્ગે થઇ અનુક્રમે તે સ્થાનકે શું નથી જતા ? અથાત્ જાય છે ॥૨૯॥

સમ્યક્ત્વોદારતેજા નવનવફલદા-
વર્ત્ત રૂપવ્રતાલિઃ,
સિદ્ધાંતોક્તૌ કવિશત્યમલગુણગતિઃ
શ્રાદ્ધધર્મસ્તુરંગઃ ॥
પ્રાપય્યાંતં ભવાબ્ધેર્નયતિ શિવપુરં
કામદેવાદિવત્તત્,
મિથ્યાત્વાધીશશંકાદિકહયહરતો
યત્નતો રક્ષણીયઃ ।૩૦।

સમ્યક્ત્વ રૂપ ઉદાર તેજવાળો, નવીન નવીન ફલદાયક કુંડાલારૂપ બાર વ્રતની

પંક્તિવાળો અને સિદ્ધાંતમાં કહેલા એકવિશ ગુણ રૂપ ગતિ છે જેની એવો શ્રાવકધર્મ-રૂપ અશ્વ, કામદેવાદિ શ્રાવકોની પેઠે સંસાર-સમુદ્રના અંતને પમાડી મોક્ષ નગર પ્રત્યે પહોચાડે છે; માટે મિથ્યાત્વ રૂપ રાજાના શંકા કાંક્ષાદિક અશ્વચોરોથી એ શ્રાવકધર્મ-રૂપ અશ્વ યત્ને કરી રક્ષણ કરવા યોગ્ય છે, ॥૩૦॥

અક્ષુદ્રો રૂપસૌમ્યો વિનયનયયુતઃ
ક્રૂરતાશાઠ્યમુક્તો,
મધ્યસ્થો દીર્ઘદર્શી પરહિતનિરતો
લબ્ધલક્ષઃ કૃતજ્ઞઃ ॥
સદ્દાક્ષિણ્યો વિશેષી સદયગુણરુચિઃ
સત્કથઃ પક્ષયુક્તો,

સુદક્ષો લજજનો ય શુભજનદયિતો
ધર્મરત્નસ્ય યોગ્યઃ ।૩૧।

બીજાના છિદ્રને નહિં શોધનારો, રૂપવાલો, સૌમ્ય, ગુરુ વિગેરે મ્હોટા પુરુષોનો વિનય કરનારો, નીતિવાલો, ક્રુરપણાથી અને માયાવીપણાથી રહિત, કદાગ્રહ નહિં કરનારો, ભવિષ્યમાં સારું થવાનો વિચાર કરનારો, બીજાઓનું સારું કરવામાં તત્પર, અવસરનો જાણ, કાર્યનો જાણ, સારા સરલ સ્વભાવવાળો, વિશેષ જાણ, દયાવાળો, ગુણને વિષે પ્રીતિ ધરનારો, સારી વાર્તા કરનારો, બન્ને પક્ષવાળો, વૃદ્ધપુરૂષને યોગ્ય, લજજાવાળો અને સારા માણસોને પ્રીય એ એકવિંશ ગુણવાળો જે પુરૂષ હોય તે ધર્મરત્નને યોગ્ય છે. ॥૩૧॥

હવે એ કાવ્યથી પ્રાણાતિપાતવિરમણ દ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

ધર્માણાં ગુરુરેવ જંતુષુ દયા-
ધર્મસ્તતો સંસ્થિતઃ,
શ્રીવજ્રાયુદ્ધચક્રવર્તિસદશાં
નોસંગમાદેહૃદિ ॥
ચૂલયાં કનકાચલસ્ય રમતે
કલ્પદ્રુમો નો મરૌ ।
કિં ચૈરાવણવારણઃ કુનૃપતે-
દ્વીરેડસ્તિ યઃસ્વઃપતેઃ ॥૩૨॥

પ્રાણીઓને વિષે દયા ધર્મરૂપ ધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે અને તેજ કારણથી તે

દયાધર્મ શ્રી વજ્રાયુદ્ધચક્રવર્તી જેવા પુરૂષોના હૃદયમાં રહેલો છે. સંગમદેવ પ્રમુખના હૃદયમાં રહેલો નથી. દૃષ્ટાંત કહે છે કે, કલ્પવૃક્ષ મેરુ પર્વતની ચૂલિકા ઉપર હોય છે; પરંતુ મરુ ભૂમિને વિષે હોતું નથી. વલી ઇંદ્રના દ્વારને વિષે રહેનારો ઐરાવણ હસ્તિ બીજા તુચ્છ રાજાને ત્યાં શું હોય ખરો ? અર્થાત્ ન જ હોય ।૩૨।।

એકા જીવદયૈવ નિત્યસુખદા
તન્નેમિના સ્વામિના,
કન્યારાજયધનાદિ ફલ્ગુતૃણવત્
સંત્યજય સૈવાદૃતા ।।
સોડર્હન્વાસ્ય કિમુચ્યતે નિજહિતે
નાન્યોડપિ મંદાયતે,

**કિં કસ્યાપ્યજરામરત્વમથવા**
**નેષ્ટં સુખં શાશ્વતમ્ ॥૩॥**

એકલી જીવદયાજ નિત્યસુખ આપનારી છે, માટે શ્રી નેમિનાથ પ્રભુએ રાજીમતી કન્યા, મ્હોટું રાજ્ય અને ધન વિગેરેનો તુચ્છ તૃણની પેઠે ત્યાગ કરીને એ જીવદયાનો અંગીકાર કર્યો હતો. અરે ! એ શ્રી નેમિનાથ તો તીર્થંકર હતા એટલે એમની તો શી વાત કરવી ? પરંતુ કોઇ બીજો સાધારણ માણસ હોય તો તે પણ પોતાના હિતને વિષે મંદ આચરણ કરતો નથી અથવા તો શું કોઈ જીવને અજરામરપણું કે શાશ્વત-સુખ ઈષ્ટ નથી લાગતું ? અર્થાત્ સર્વને અજરામરપણું અને શાશ્વતસુખ ઇષ્ટ છે ॥૩॥

હવે એ કાવ્યથી મૃષાવાદ વિરમણદ્વાર કહે છે.

(રથોદ્ધતાવૃત્તમ્)

**સંકટેઽપિ ન મહાન્ મૃષા વદે-**
**દ્દત્તમાતુલકકાલિકાર્યવત્ ॥**
**ચંદનઃ સુરભિરશ્મઘર્ષણે-**
**ઽપીક્ષુરદ્ભુતરસોઽપિ પીલને ॥૩૪॥**

મહાન્ પુરૂષ સંકટને વિષે પણ દત્ત પુરોહિતના મામા કાલિકાચાર્યની પેઠે અસત્ય બોલે નહીં. દૃષ્ટાંત કહે છે કે, ચંદન પાષાણની સાથે ઘસાયા છતા સુગંધ આપે છે અને શેરડી પીલાયા છતા અદ્ભુતરસ આપે છે ॥૩૪॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

ઘોરાં દુર્ગતિમેત્યલીકલવમપ્ય-
ભ્યર્થિતોઽપિ બ્રુવન્,
વાદે નારદપર્વતાખ્યસુહૃદો
ર્યદ્વદ્ વસુભૂપતિઃ ॥
ચક્રેઽર્ચાવિધુરો વિરંચિરનૃતાત્
કેતક્યનિષ્ટા મૃષા-
સાક્ષ્યાત્કિં ન હરિર્ભવેન મહિતઃ
સત્યાત્પરીક્ષાક્ષણે ॥ ૩૫ ॥

અન્ય માણસે પ્રાર્થના કર્યા છતાં પણ જો કોઇ પ્રાણી લેશમાત્ર પણ જૂઠું બોલે તો તે ભયંકર દુર્ગતિ પામે છે. જેમ નારદ અને પર્વત એ બે મિત્રોના વિવાદમાં વસુ રાજા અસત્ય બોલી દુર્ગતિ પામ્યો. દૃષ્ટાંત

કહે છે કે, શું મહાદેવે બ્રહ્માને જૂઠું બોલવાથી અપૂજ્ય કર્યા નથી ? કેતકીને જૂઠી સાક્ષિથી અનિષ્ટ કરી નથી ? અને પરીક્ષાને અવસરે સત્ય વચન બોલવાથી વિષ્ણુને પૂજ્ય કર્યા નથી ? અથાત્ કર્યા છે ॥૩૪॥

હવે બે શ્લોકથી અદત્તાદાન વિરતિ-દ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

વૈરાગ્યશસ્ત્રહતમોહતમોઽમલાંત-
દંષ્ટયાપદિષ્ટપરિદૃષ્ટહિતાહિતાર્થઃ ॥
ચૌરોઽપિ શુદ્ધ્યયતિ શમેન દઢપ્રહારી-
વાપૈતિ વા દવજવો જલદેન કિં ન ॥૩૬॥

વૈરાગ્ય રૂપ શસ્ત્રથી હણાયું છે મોહ રૂપી અજ્ઞાન જેનું એવી પોતાની નિર્મલ

અંતર્દૃષ્ટિથી દેખાડ્યા છે અને જાણ્યા છે હિત અને અહિત (ઉપાદેય અને હેય) પદાર્થો જેણે એવો ચોર પણ દૃઢપ્રહારી ચોરની પેઠે શમતાયે કરીને શુદ્ધ થાય છે. દૃષ્ટાંત કહે છે કે, દાવાનલનો વેગ શું મેઘના જળથી શાંત નથી થતો! અર્થાત્ થાય છે ॥૩૬॥

**નાનાકલાવિદપિ લાઘવમેતિ ચૌર્યા–**
**દ્વિદ્યાનતામ્રફલચૌર ઇવ પ્રિયાર્થે ॥**
**દોષો મહાનધિગુણેઽપિ હિ લાંછનાય,**
**રત્નાકરે કુજલવચ્છશવત્ સુધાંશૌ ॥૩૭॥**

પોતાની પ્રિયાને અર્થે વિદ્યાના બલથી નમાવેલા આમ્રવૃક્ષના ફલના ચોરની પેઠે નાના પ્રકારની કલાને જાણનારો પુરુષ પણ ચોરીના કૃત્યથી લઘુતાને પામે છે. દૃષ્ટાંત કહે

છે કે, અધિક ગુણવાલાને વિષે પણ મ્હોટો દોષ કલંકને અર્થે થાય છે. જેમ સમુદ્રને વિષે ખારું જલ અને ચંદ્રને વિષે હરિણ કલંક રૂપ થયા ॥૩૭॥

હવે બે કાવ્યથી મૈથુન વિરમણદ્વાર કહે છે.

**સ્યુર્બ્રહ્મણા નૃસુરમોક્ષસુખાનિ કિં તુ,**
**જંબૂમુનેઃ સુભગતાભિનવૈવ કાચિત્ ॥**
**ભેજુર્વ્રતં સમમનેન મુદા પ્રિયાસ્તા,**
**અન્યારતા સહ જગામ ચ કેવલશ્રીઃ।૩૮।**

જોકે ઘણા જણને બ્રહ્મચર્ય પાલવાથી મનુષ્ય, દેવ અને મોક્ષના સુખો પ્રાપ્ત થાય છે; તો પણ તે (બ્રહ્મચર્ય) થી જંબૂસ્વામીને તો કોઇ નવીનજ સૌભાગ્યત્વ પ્રાપ્ત થયું;

કારણ કે, જંબૂસ્વામીની સ્ત્રીઓએ પણ તેમનીજ સાથે હર્ષથી દીક્ષા લીધી અને કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી પણ બીજા કોઇ ઉપર આસક્ત નહિં થતા તેમનીજ સાથે મોક્ષગતિ પામી ॥ ૩૮ ॥

**ન બ્રહ્મત: સકલશર્મકૃતશ્ચલંતિ,**
**ધીરાઃ સુદર્શન ઇવ વ્યસને ઘનેડપિ ॥**
**શેષોડબ્ધિવૃધ્ધલહરીચલશૈલવલ્ગ-**
**દ્ભૂભુગ્નમૌલિરપિ વિશ્વભરં બિભર્ત્તિ ।૩૯।**

ધૈર્યવંત પુરુષો ગહન દુઃખમાં આવી પડયા છતાં પણ સુદર્શન શેઠની પેઠે બ્રહ્મચર્યવ્રતથી ચલિત થતા નથી. દૃષ્ટાંત કહે છે કે, સમુદ્રના મ્હોટા તરંગોથી કંપતા એવા પર્વતોને લીધે ધ્રુજતી એવી પૃથ્વીથી

નમી ગયો છે મુકુટ જેનો એવો ય પણ શેષ વિશ્વના ભારને ધારણ કરે છે ॥૩૯॥

હવે બે કાવ્યથી પરિગ્રહપરીમાણદ્વાર કહે છે.

**વિશ્વોપકારિ ધનમલ્પમપિ પ્રશસ્યં,**
**કિં નંદવત્ ફલમમાનપરિગ્રહેણ ॥**
**પ્રિત્યૈ યથા હિમરુચિર્ન તથા હિમૌઘઃ,**
**સ્યાદ્વા યથાऽત્ર જલદો**
**જલધિસ્તથા ન ॥૪૦॥**

થોડું એવું વિશ્વને ઉપકાર કરવાવાળું ધન પ્રશંસા કરવા યોગ્ય છે. પરંતુ નંદ-રાજાની પેઠે પ્રમાણ રહિત એવા પરિગ્રહે કરીને શું ? અર્થાત્ કાંઇ નહીં. દૃષ્ટાંત કહે છે કે, હિમરુચિ એટલે શીતલ કિરણોવાળો

ચંદ્રમા, લોકને જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે તેવો હિમનો સમૂહ લોકને પ્રીતિ ઉત્પન્ન કરી શકતો નથી. તેમજ વલી મેઘ જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે તેવી સમુદ્ર (ખારો સમુદ્ર) પ્રીતિ ઉત્પન્ન કરતો નથી. અર્થાત્ ચંદ્ર અને મેઘ ન્હાના છે તો પણ તે લોકને ઉપકાર કરનાર હોવાથી વખણાય છે અને હિમ તથા સમુદ્ર બહુ મ્હોટા છતા લોકને ઉપકાર કરનાર ન હોવાથી વખાણાતા નથી ॥૪૦॥

**ધન્યઃ પરિગ્રહમિતોઃ સુખભાગ્ ન પાપી,**
**પ્રાઙ્મ્રમણો વણિગિવોઘહૃદીશ્વરોઽપિ ॥**
**વંદ્યઃ કૃતાદરમહો જગતો મિતશ્રીઃ,**
**પશ્યાધિકાધિકવસુઃ શશભૃત્**
**કલંકી ॥૪૧॥**

ભાગ્યવંત પુરૂષ પરિગ્રહના પરિમાણથી સુખી થાય છે. પણ કોટી ધનવાળો છતાં લાકડાના ભારને લાવનાર મમ્મણ શેઠની પેઠે લોભી પુરુષ સુખી નથી. દૃષ્ટાંત કહે છે. જૂઓ કે ચંદ્રમા પરિમિત લક્ષ્મીવાળો (બીજનો ચંદ્રમા થોડી કલાવાલો) હોય છે ત્યારે લોકો તેને આદરથી વંદન કરે છે; પરંતુ જ્યારે તેજ ચંદ્રમા અધિક અધિક કિરણવાળો થાય છે ત્યારે કલંકયુક્ત થાય છે ॥૪૧॥

હવે બે કાવ્યે કરીને દિગ્વિરતિદ્વાર કહે છે.

**સીમસ્થિતે જવનિધૌ નિજકાલમાને,**
**શીતાતપાંભસિ ચ જીવતિ જીવલોકઃ ।**
**દિગ્યાનમાનમપિ જંતુહિતાય તદ્વત્,**
**સ્યાચ્ચારુદત્તવદિહાપ્રયતોઽતિ-**
**દુઃખી ॥૪૨॥**

સમુદ્ર પોતાની મર્યાદામાં રહે છતે તથા શીયાળો, ઉનાળો અને ચોમાસું પોતપોતાની કાલમર્યાદામાં રહે છતે આ જીવલોક સુખે જીવે છે. તેવી રીતે દિશાના પરિણામનું વ્રત પણ જીવોના કલ્યાણને અર્થે થાય છે; પરંતુ આ વ્રતનો અનાદર કરનાર પુરૂષ ચારૂદત્તની પેઠે બહુ દુઃખી થાય છે. ૧૪૨।

(શિખરિણીવૃત્તમ્ )

ન ગમ્યં નાગમ્યં ક્વચિદકૃતદિગ્યાનવિરતેઃ,
કથં વા સ્યાદ્વિશ્વે
સતતગતિરેકત્રવસતિઃ ।।
દ્વિતીયદ્વીપાંતર્ગતભરતમાક્રાંતજલધિ-
ર્ન કિં દ્રૌપદ્યર્થે હરિરમર-
કંકાપુરમગાત્ ।।૪૩।।

જેણે દિગ્વિરમણ વ્રત અંગીકાર કર્યું નથી, તેને કોઇ પણ સ્થાન જવા યોગ્ય અથવા ન જવા યોગ્ય નથી. અથવા તો વિશ્વને વિષે નિરંતર ગતિ કરનાર એવો જે વાયુ તે એક સ્થાનકે નિવાસ કરનારો કેવી રીતે થાય? દષ્ટાંત કહે છે કે, શ્રીકૃષ્ણ વાસુદેવ દ્રૌપદીને અર્થે સમુદ્રને ઉલ્લંઘીને ધાતકી નામના બીજા ખંડમાં રહેલા ભરત ક્ષેત્રમાં અમરકંકા નગરી પ્રત્યે શું નહોતા ગયા? અર્થાત્ ગયા હતા ॥ ૪૩ ॥

હવે બે કાવ્યથી ભોગોપભોગવિરમણદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

**ભોગોપભોગનિયમોऽપિ શિવાય ચેન્ન,**
**સ્વાદ્વંકચૂલ ઇવ દેવપદપ્રદસ્તુ ॥**

પ્રીણાતિ ચાતકમનન્યરતિં પયોદ-
શ્ચૂતાશનેકરસમન્યભૃતં વસંત: ॥૪૪॥

જો ભોગોપભોગનો નિયમ મોક્ષ આપનારો થતો નથી; તો પણ તે વંકચૂલને થયો તેમ (અન્યજનોને) દેવપદવી આપનારો તો થાયજ છે. દ્રષ્ટાંત કહે છે કે, મેઘ, બીજા કોઇ ઉપર નથી પ્રીતિ જેને એવા ચાતક પક્ષીને સંતોષ આપે છે; અને વસંત, આમ્રફલ (કેરી) ને ખાવામાં પ્રીતિવાળા કોકિલને સંતોષ પમાડે છે ॥ ૪૪ ॥

ભોગાદિલોલુપતયા લઘુતા ન શર્મ,
શ્રીબ્રહ્મદત્તસખિવિપ્રકુટુંબવત્ સ્યાત્ ॥
પીનાધિકેં દુરુચિરઝતિ સીમ સિંધુઃ,
શક્રોડપિ ગૌતમકલત્રરતશ્ચ શપ્તઃ ।૪૫।

બ્રહ્મદત્ત ચક્રવર્તીના મિત્ર બ્રાહ્મણના કુટું-બની પેઠે ભોગાદિકની લોલુપતાને લીધે માણસને લઘુતા પ્રાપ્ત થાય છે, પરંતુ સુખ થતું નથી. દૃષ્ટાંત કહે છે. સમુદ્રે ચંદ્રમાની કલાનું પાન કર્યું તો તે મર્યાદાનો ત્યાગ કરે છે અને ઇંદ્ર, ગૌતમ ઋષિની સ્ત્રીને વિષે આસક્ત થયો તો તેને શાપ મળ્યો છે ॥ ૪૫ ॥

હવે બે કાવ્યથી અનર્થદંડવિરમણદ્વાર કહે છે.

નાનર્થદંડમઘદં દધતે મહાંત,
એકેષુમાત્રવિજયીવ સ ચેટભૂપઃ ॥
લોકસ્ય જાડચહૃતયે તરણેઃ પ્રભાન્હિ,
તાપચ્છિદે ચ શશિનો
નિશિ નો તદર્થે ॥ ૪૬ ॥

ફક્ત એકજ બાણુથી વિજયી થયેલા ચેડા રાજાની પેઠે મહાંત પુરુષો પાપદાયક એવા અનર્થદંડને ધારણ કરતા નથી, દષ્ટાંત કહે છે કે, દિવસે સૂર્યના કિરણો લોકની ટાઢ દૂર કરવાને માટે છે અને રાત્રિએ ચંદ્રના કિરણો તાપને દૂર કરવા માટે છે, પરંતુ એકે લોકોને પીડા કરવાને અર્થે નથી થતા ॥ ૪૬ ॥

મૂઢો મુધૈતિ કુગતિં ધિગનર્થદંડાત્,
ચક્રિત્વમિચ્છુરિવ ભૂભૃદશોકચંદ્રઃ ॥
કિં નાંગભંગમયતે શરભોઽબ્દશબ્દ-
મભ્યુત્પતન્ પરિણમંશ્ચ
ગજોઽનુશૈલમ્ ॥ ૪૭ ॥

ચક્રવર્તી થવાની ઇચ્છાવાળા અશોકચંદ્ર રાજાની પેઠે, મૂઢપુરુષ અનર્થદંડથી નરકાદિ

કુગતિ પામે છે માટે તે અનર્થદંડને ધિક્કાર છે. દૃષ્ટાંત કહે છે કે, મેઘના શબ્દ સામે ઉચ્છલતો એવો અષ્ટાપદ પ્રાણી અને દરેક પર્વતપર દંતપ્રહાર કરતો એવો હાથી એ બન્ને જણાનું શરીર શું ભાંગી જતું નથી? અર્થાત્ ભાંગી જાય છે ॥ ૪૭ ॥

હવે બે કાવ્યથી સામાયિકદ્વાર કહે છે.

**સામાયિકં દ્વિઘટિકં ચિરકર્મભેદિ,**
**ચંદ્રાવતંસકવદુચ્ચધિયોઽત્ર કિં તુ ॥**
**સ્પર્શેઽપિ સત્યમુદકં મલિનત્વનાશિ,**
**ઘોરં તમો હરતિ વા**
**કૃત એવ દીપઃ ॥ ૪૮ ॥**

ચંદ્રાવતંસક રાજાની પેઠે બે ઘડી પાળેલું સામાયિક પણ લાંબા વખતના કર્મનો નાશ કરે છે, તો પછી એ સામાયિક ઉચ્ચ બુદ્ધિ-

વાળા પુરુષના કર્મને નાશ કરે તેની તો વાતજ શી કરવી ? એ વાત સત્ય છે. જલ ફક્ત સ્પર્શથીજ મલિનતાનો નાશ કરે છે અને પ્રગટ થયેલો દીવો તુરત ઘોર અંધકારનો નાશ કરે છે ॥ ૪૮ ॥

**સામાયિકં સમતયારિસુહૃત્સુસિદ્ધયૈ,**
**પ્રદ્યોતમુક્તિકૃદુદાયિનરાજવત્ સ્યાત્॥**
**સચ્ચંદનાંશુકમિવાસ્ફુટકુષ્ટભાજ-**
**સ્તત્કુર્વતઃ કપટતો**
**બહિરંગશુદ્ધ્યૈ ॥ ૪૯ ॥**

શત્રુ અને મિત્રને વિષે શમભાવ રાખીને સામાયિક કર્યું હોય તો તે, પ્રદ્યોતન રાજાને છોડી મૂકનારા ઉદાયન રાજાને થયું તેમ મુક્તિને અર્થે થાય છે; પરંતુ જો તે કપટથી

કર્યું હોય તો પણ તે જેને કોઢનો રોગ સ્પષ્ટ પ્રગટ થયો નથી એવા માણસે ચંદનનો લેપ તથા વસ્ત્ર ઓઢાડવાની પેઠે ફક્ત બહારની અંગ શુદ્ધિને અર્થે થાય છે ॥ ૪૯ ॥

હવે બે કાવ્યથી દેશાવકાશિકદ્વાર કહે છે.

દેશાવકાશિકમપાસ્ય સકાકજંઘ-
કોકાશવદ્વિપદમેતિ જનઃ પ્રમાદી ॥
ધત્તે પ્રભાં દિનચરો ન નિશાકરોઽપિ,
ન સ્તૂયતેઽપિ ચપયો-
ભૃદકાલવૃષ્ટઃ ॥ ૫૦ ॥

પ્રમાદી માણસ, દેશાવકાશિકવ્રતને ત્યજી દઇને કાકજંઘ રાજા અને કોકાશ સુથારના પેઠે વિપત્તિ પામે છે. દૃષ્ટાંત કહે છે કે, દિવસે ઉદય પામેલો ચંદ્ર કાંતિને ધારણ

કરતો નથી અને અકાલે વરસેલો મેઘ લોકોથી વખણાતો નથી ॥ ૫૦ ॥

(માલિનીવૃત્તમ્)

ગુરુવચનવિયોગાજ્ઞાતદેશાવકાશો,
વિપદિ તરતિ પુણ્યાચ્ચેદ્યથા લોહજંઘઃ।।
હયમયવૃષભા વા સ્વામિના વાહ્યમાનાઃ,
સતતમમિતગત્યા કિં
હિતં સ્વસ્ય કુર્યુઃ ।। ૫૧ ।।

ગુરુનાં વચનના વિયોગને લીધે નથી જાણ્યું દેશાવકાશિક વ્રત જેણે એવો પુરુષ વિપત્તિને વિષે પડયા છતાં પણ લોહજંઘની પેઠે પુણ્યથી કષ્ટને તરે છે. દૃષ્ટાંત કહે છે કે, સ્વામીએ નિરંતર અપ્રમાણ ગતિવડે વહન કરેલા અશ્વ, ઉંટ અને બળદ શું પોતાનું હિત કરે? અર્થાત્ ન જ કરે ।।૫૧।।

હવે બે કાવ્યથી પૌષધવ્રતદ્વાર કહે છે.

(મંજુભાષિણી-નંદિનીવૃત્તમ્)

શુચિપૌષધેન મુનિતુલ્યતેતિ કિં,
જિનતાપિ મેઘરથવદ્ભવેત્ ક્રમાત્॥
કિમુ નિર્દ્ધનસ્ય મણિનેષ્ટદાયિના,
ધનિતુલ્યતેવ નૃપતુલ્યતા
ન કિમ્ ॥ ૫૨ ॥

પવિત્ર એવા પૌષધ વ્રતે કરીને ગૃહસ્થને પણ મુનિની તુલ્યતા પ્રાપ્ત થાય છે તેમાં શું નવાઇ? પરંતુ તે પૌષધવ્રતથી અનુક્રમે મેઘરથની પેઠે તીર્થંકર પદ પણ પ્રાપ્ત થાય છે. દષ્ટાંત કહે છે કે, નિર્ધન પુરુષને, ઇચ્છિત અર્થ આપનારા ચિંતામણિરત્નથી

શું ધનવાન્‌ની તુલ્યતા થાય છે અને રાજાની તુલ્યતા શું નથી થતી? ॥ ૫૨ ॥

(વસંતતિલકાવૃત્તમ્)

**સત્પૌષધં વિવિધસિદ્ધિદમૌષધં ય-**
**ત્તદ્ભાવનાશમરસાર્દ્રહૃદગ્નિલીઢઃ ॥**
**સ્વઃ સાગરેંદુરજનિ સ્ફુટહેમમૂર્તિ-**
**ર્ર્વાગ્નિતપ્તવિમલોઽદ્રિ-**
**રિવાબ્ધિમંથાઃ ॥ ૫૩ ॥**

વિવિધ સિદ્ધિને આપવામાં ઔષધરૂપ જે પૌષધવ્રત છે, તેની ભાવનામાં શમતારૂપ રસે કરીને ભિંજાયેલું, જે હૃદય તે રૂપ અગ્નિથી સ્પર્શિત થયેલો સાગરચંદ્ર રાજા, વાડવાનલ અગ્નિના તાપથી નિર્મલ થયેલા મેરુ પર્વતની પેઠે સ્ફુટ સુવર્ણ સમાન દેહ

છે જેનો એવો છતો સ્વર્ગને વિષે ગયો છે ॥ ૫૩ ॥

હવે બે કાવ્યથી અતિથીસંવિભાગદ્વાર કહે છે.

(માલિનીવૃત્તમ્)

કિમપિ ફલમપૂર્વં સંવિભાગસ્ય સાધો-
ર્યદભિલષિતસિદ્ધ્યૈ મૂલદેવેઽપિ માષાઃ ॥
કૃશમપિ હિ સુપાત્રે ન્યસ્તમુચ્ચૈઃ
ફલદ્ધ્યૈ,
નનુ તૃણમપિધેનોર્દુગ્ધ
પીયૂષવૃષ્ટ્યૈ ॥૫૪॥

મુનિરાજને પાત્રદાનનું કાંઇ અપૂર્વજ ફલ છે. કારણ સાધુ મુનિરાજને વહોરાવેલા માષ અડદ—પણ મૂળદેવને ઇચ્છિતવસ્તુની

સિદ્ધિ આપનારા થયા છે. નિશ્ચે થોડું પણ સુપાત્રને વિષે આપેલું હોય તો તે ઉત્કૃષ્ટ ફલની સિદ્ધિને માટે થાય છે. દષ્ટાંત કહે છે કે, ગાયને આપેલું ઘાસ પણ દુધ રૂપ અમૃતની વૃદ્ધિને માટે થાય છે.

યદસદપિ દદૌ પ્રાક્ શાલિભદ્રોઽતિથેઃ સ્વં.
તદસદપિ સ લેભે ક્વામરર્દ્ધિઃ ક્વ મર્ત્યઃ॥
ક્વ ભુવિ જલધિરિંદુઃ
ક્વાંબરે તં સ પુષ્ણા-
ત્યમૃતભૃતપયોદં
શોષણેઽપ્યૌર્વવન્હેઃ ॥૫૫॥

પૂર્વભવે શાલિભદ્રે, જે પરમાન્ન રૂપ પોતાની વસ્તુ નહિં છતાં પણ મુનિરાજને વહોરાવી; તેથી તેણે મનુષ્યલોકમાં નહિ

મલી શકે તેવું સુખ પ્રાપ્ત કર્યું. નહિં તો દેવસમૃદ્ધિ કયાં અને મનુષ્યપણું કયાં ? દષ્ટાંત કહે છે કે, સમુદ્ર પૃથ્વી ઉપર છે અને ચંદ્રમા આકાશમાં છે તો પણ તે ચંદ્રમા, વડવાનલ અગ્નિથી શોષણ થયા છતાં પણ જલવડે મેઘની પુષ્ટી કરનારા સમુદ્રનું પોષણ કરે છે ॥ ૫૫ ॥

હવે એ કાવ્યથી સાત ક્ષેત્રદ્વાર કહે છે.

(ઇન્દ્રવંશાવૃત્તમ્)

ક્ષેત્રેષુસપ્તસ્વપિ પુણ્યવૃદ્ધયે,
વપેદ્ધનં સંપ્રતિરાજવદ્ધની ॥
કૃષીવલઃ કેવલશાલિતંદુલાન્,
વપેત્સ કિં યોઽખિલશસ્યલાલસઃ ॥૫૬॥

ધનવાન્ માણસે સંપ્રતિ રાજાની પેઠે

પુણ્યની વૃદ્ધિને અર્થે સાતે ક્ષેત્રોમાં ધન વાવવું. દષ્ટાંત કહે છે કે, સર્વ પ્રકારના ધાન્યની ઇચ્છાવાલો ખેડુત શું ફકત શાલના ચોખાને જ વાવે ? અર્થાત્ સર્વ ધાન્યને વાવે છે ॥૫૬॥

(ઇન્દ્રવજાવૃત્તમ્)

**ક્ષેત્રાણિ સપ્તાપિ ફલંતિ સર્વ-**
**મપ્યેકકં કલ્કિજવત્ સુજુષ્ટમ્ ॥**
**યત્પુણ્યમારાત્તિસપ્તદીપૈ-**
**રેકેનતન્મંગલદીપકેન ॥ ૫૭ ॥**

સાતે ક્ષેત્રો તો સર્વ પ્રકારના ફલદાયી થાય, પરંતુ સારી રીતે સેવન કરેલું એક ક્ષેત્ર પણ કલ્કિપુત્રને થયું તેમ સર્વ પ્રકારના ફલ આપનારું થાય છે. દષ્ટાંત કહે છે કે,

આરતીના સાત દીવાથી જે પુણ્ય થાય છે તે પુણ્ય એક મંગલ દીવાથી પણ થાય છે. ॥ ૫૭ ॥

હવે બે કાવ્યથી જિનબિંબદ્વાર કહે છે

(વસંતતિલકાવૃત્તમ્)

બિંબં મહલ્લઘુ ચ કારિતમત્ર વિદ્યુ-
ન્માલ્યાદિવત્ પરભવેઽપિ શુભાય જૈનમ્ ।
ધ્યાતુર્ગુરુર્લઘુરપીપ્સિતદાયિમંત્રઃ,
પ્રાગ્દૌસ્થ્યભાવિઘનવિઘ્નભિદે ન
કિં સ્યાત્ ॥ ૫૮ ॥

આ લોકમાં એક પણ મ્હોટું કે ન્હાનું જિનબિંબ કરાવ્યું હોય તો તે વિદ્યુન્માલિને થયું તેમ પરભવને વિષે પણ શ્રેયને માટે થાય છે. દૃષ્ટાંત કહે છે કે, મ્હોટો કે ન્હાનો

એવો પણ ઈષ્ટફલ દેનારો મંત્ર, ધ્યાન ધરનારાના પૂર્વભવના દુષ્કર્મથી થયેલા દ્રારિદ્રપણારૂપ ભયંકર વિઘ્નને ભેદવાને માટે શું નથી થતો? અર્થાત્ થાય છે ॥૫૮॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

નિર્માયાર્હતબિંબમાર્હતપદ-
સ્થાનાગ્રિમં ધાર્મિકઃ,
સ્વાત્માનં ચ પરં ચ નિર્મલયતિ
સ્તુત્યર્ચનાવંદનૈઃ ॥
મંત્રી શ્રેણિકસૂરિવાર્દ્રકસુતં
મોહાંધકારે સ્થિતં,
દીપઃ પુષ્યતિ કસ્ય કસ્ય ન મુદં
શ્રેયઃશ્રિયામાસ્પદમ્ ॥ ૫૯ ॥

ધાર્મિક પુરુષ, મોક્ષમાર્ગના પ્રધાન

સ્થાન એવા અરિહંતના પ્રતિબિંબને નિર્માણ કરીને તથા તેની સ્તુતિ, પૂજા અને વંદના કરીને જેમ અભયકુમારે પોતાને તથા મોહાંધકારમાં રહેલા આર્દ્રકકુમારને નિર્મલ કર્યો તેમ પોતાના તથા પરના આત્માને નિર્મલ કરે છે. દૃષ્ટાંત કહે છે કે, કલ્યાણની લક્ષ્મીના સ્થાનકરૂપ એવો જે દીપક તે કોના હર્ષને પુષ્ટ કરતો નથી? ॥૫૯॥

હવે બે કાવ્યથી ચૈત્યદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

તીર્થં મુદે સ્વપરયોરપિ કીર્તિપાલ-
ભૂપાલકારિતતુરંગમબોધવત્ સ્યાત્ ॥
ઉદ્યાનસારસહકારવનં ફલદ્ધર્યૈ,
કિં વપ્તુરેવ ન પુનસ્તદુપાસકાનામ્ ॥૬૦॥

કીર્તિપાલ રાજાએ ભૃગુક્ષેત્રને વિષે કરાવેલા અશ્વાવબોધક ચૈત્યની પેઠે સર્વ ચૈત્યો, બનાવનારને તથા બીજાઓને હર્ષ ઉત્પન્ન કરે છે. દૃષ્ટાંત કહે છે, ઉત્તમ આમ્રવૃક્ષોનું વન, શું તેના વાવનારનેજ ફલરિદ્ધિ આપે છે અને સેવનારને નથી આપતું? અર્થાત્ બન્નેને આપે છે.

ચિત્તં સ્થિરં સુકૃતકીર્તિકરં ચ બાહુ-
બલ્યાદિવદ્વિવિધતીર્થનિવેશકાનામ્ ।।
કેતૂલ્લસદ્ભ્રમરતપુણ્યયશોઽર્થવાદ-
મષ્ટાપદં કઇવ નાનમદધ્યાવત્ ।૬૧।

બાહુબલિની પેઠે વિવિધ તીર્થની સ્થાપના કરાનારાઓનું દ્રવ્ય સ્થિર થાય છે અને સુકૃત–પુણ્ય તથા કીર્તિને કરનારું પણ

થાય છે. દૃષ્ટાંત કહે છે કે, ધ્વજાવડે કરીને દેદીપ્યમાન એવા ભરત ચક્રવર્તીના પુણ્ય અને યશની પ્રશંસા કરનાર અષ્ટાપદ તીર્થને આજ પર્યંત કોણે નમસ્કાર નથી કર્યો ॥૬૧॥

હવે બે કાવ્યથી જ્ઞાનદ્વાર કહે છે.

જ્ઞાનં જગત્ત્રયહિતં પુનરપ્યધીતે,
ज्ञोऽप्यार्यरक्षित इवेतरशास्त्रपाठैः ॥
યે સ્વર્ણધીકનકકાચકૃતાદરાસ્તે,
હેમૈવ સત્યમધિગમ્ય કિમુ ત્યજંતિ ॥૬૨॥

આર્યરક્ષિતની પેઠે અન્યશાસ્ત્રનો અભ્યાસ કરીને વિદ્વાન થયેલો એવો પણ પુરુષ, ત્રણ લોકને હિતકારી એવા જ્ઞાનનો ફરી અભ્યાસ કરે છે. દૃષ્ટાંત કહે છે કે, જે પુરુષોએ સુવર્ણ સરખા કાચના કકડાને સુવર્ણ માન્યું

છે, તેઓ સાચા સુવર્ણને પ્રાપ્ત કર્યા પછી શું તેને ત્યજીદે ખરા? અર્થાત્ ન ત્યજી દે ॥૬૨॥

(માલિનીવૃત્તમ્)

**પઠ પઠતિ યતસ્વાન્નાદિના લેખય સ્વૈઃ,**
**સ્મર વિતર ચ સાધૌ**
**જ્ઞાનમેતદ્ધિ તત્ત્વમ્ ॥**
**શ્રુતલવમપિ પુત્રે પશ્ય શય્યંભવોઽદા-**
**જજગતિ હિ ન સુધાયાઃ**
**પાનતઃ પેયમન્યત્ ॥૬૩॥**

તમે પોતે જ્ઞાનનો અભ્યાસ કરો અને અભ્યાસ કરનારાઓને અન્નાદિકવડે સહાય કરો. દ્રવ્યથી જ્ઞાન લખાવો, તે જ્ઞાનનું સ્મરણ કરો અને તે સાધુઓને આપો. કારણ

કે, એજ તત્ત્વ છે જૂઓ, શય્યંભવ મુનિયે પોતાના પુત્ર મણકને અલ્પ જ્ઞાન પણ આપ્યું. દૃષ્ટાંત કહે છે કે, આ જગત્માં અમૃતના પાનથી બીજું કાંઇ અધિક પાન કરવા લાયક નથી ॥૬૩॥

હવે એ કાવ્યથી સંઘદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

**લોકેભ્યો નૃપતિસ્તતોઽપિ હિ**
**વરશ્ચક્રી તતો વાસવઃ,**
**સર્વેભ્યોઽપિ જિનેશ્વરઃ સમધિકો**
**વિશ્વત્રયીનાયકઃ ।**
**સોઽપિ જ્ઞાનમહોદધિઃ પ્રતિદિનં**
**સંઘં નમસ્યત્યહો,**
**વૈરસ્વામિવદુન્નતિં નયતિ તં**
**યઃ સ પ્રશસ્યઃ ક્ષિતૌ ॥૬૪॥**

સર્વે લોકોથી રાજા શ્રેષ્ઠ છે, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વળી એ સર્વથી ત્રણ જગતના નાયક એવા જિનેશ્વર શ્રેષ્ઠ છે. આશ્ચર્ય છે કે, જ્ઞાનના મહાસાગર તે જિનેશ્વર પણ શ્રી સંઘને પ્રતિદિન નમસ્કાર કરે છે; માટે તે સંઘને જે પુરુષ વૈર સ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે, તેને ધન્ય છે ॥૬૪॥

કોઽપ્યન્યો મહિમાસ્ત્યહો ભગવતઃ
સંઘસ્ય યસ્ય સ્ફુર-
ત્કાયોત્સર્ગબલેન શાસનસુરી
સીમંધરસ્વામિનમ્ ।
નિત્વા તત્કૃતદોષશુદ્ધિમુદિતાં
યક્ષાર્યિકાં ચાનયત્,

**કિંચૈતન્નનુ તત્પ્રભાવવિભ-**
**વૈસ્તીર્થંકરત્વં ભવેત્ ॥૬૫॥**

અહો ! એ સમર્થ એવા સંઘનો કોઇ નવીનજ મહિમા દેખાય છે ! કારણ કે, એ સંઘના કાયોત્સર્ગ બલે કરીને શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રીસીમંધર સ્વામી પાસે લેઇ ગઇ અને ત્યાં સીમંધરસ્વામીએ તેની (યક્ષા-સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી તે યક્ષાસાધ્વીને પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવથી તીર્થંકરપણું થાય છે ॥૬૫॥

હવે બે કાવ્યથી સાધુદ્વાર કહે છે.

(માલિનીવૃત્તમ્)

**ભવતિ હિ ભવપારઃ શુદ્ધયા સાધુભક્ત્યા,**
**ધનગૃહપતિજીવાનંદવૈદ્યેશવત્ પ્રાક્ ॥**

પૃથુરપિ હિ પયોધિસ્તીર્યતે ચારુતર્યા,
તિમિરતરભૃતોડધ્વા
દીપ્રયા દીપયષ્ટયા ।।૬૬।।

શુદ્ધ સાધુભક્તિથી, ધનસાર્થવાહની પેઠે તથા જીવાનંદ વૈદ્યની પેઠે, સંસારનો પાર પમાય છે. બે દષ્ટાંતો કહે છે કે, મ્હોટો એવો પણ સમુદ્ર મનોહર વહાણથી તરાય છે અને પ્રકાશીત એવા દીવાએ કરીને અંધકારમય રસ્તે જઇ શકાય છે ।।૬૬।।

(શાર્દૂલવિક્રીડિતવૃતમ્)

।નૈઃ પ્રાસુકભક્તપાનવસના-
વાસૌષધાનાં મુને-
વૈયાવૃત્યકૃતેશ્વ વિસ્મયકરા
ભોગા ભક્ષં ચાપ્યતે ।।
શ્રીમદ્ બાહુસુબાહુવત્પરભવે
સા કામગવ્યપ્યહો,

સચ્ચારીજલદાનકોમલકર-
સ્પર્શૈરલં તુષ્યતિ ॥૬૭॥

પ્રાસુક અન્નપાણી, વસ્ત્ર, નિવાસ અને ઔષધ એ સર્વ મુનિને દેવાથી તથા તેમની વેયાવચ્ચ કરવાથી, બાહુ અને સુબાહુની પેઠે પરભવને વિષે વિસ્મયકારક ભોગ અને બલ પ્રાપ્ત થાય છે. દષ્ટાંત કહે છે કે, કામધેનુ પણ સારો ચારો, જલપાન અને કોમલ હસ્તના સ્પર્શથી બહુ સંતુષ્ટ થાય છે ॥૬૭॥

હવે બે કાવ્યથી સાધ્વીદ્વાર કહે છે.

ધર્મઃ પુંપ્રભવો યદેતદિદમે-
વાર્યાપિ પૂજ્યા પુન-
ર્યસ્યા ધર્મસદ્ભવા ગુરુજને-
ષ્વાપ્યુન્નતિર્યત્પુરા ॥

સૌનેદયનૃપેડગ્નિકાસુતગુરો

શ્રીચંદનાયાં ન કિં,

બ્રાહ્મી પુષ્પવતીસુતા કિલ મૃગા-

વત્યપ્યભૂન્મુક્તયે ॥૬૮॥

'ધર્મ પુરુષથી ઉત્પન્ન થયેલો છે' એમ કહે છે, તે ખરું છે, તોપણ તપોધના–સાધ્વી સ્ત્રી પણ પૂજ્ય છે. કારણ કે, ધર્મ-થકી ઉત્પન્ન થયેલી એવી જે તે સ્ત્રીની ઉન્નતિ તે ગુરુજનને વિષે પણ મુક્તિને માટે થાય છે. જૂઓ! શ્રી ઋષભપ્રભુની પુત્રી બ્રાહ્મી બાહુબલિની મુક્તિને માટે થઇ. તેમજ પૂષ્પચૂલા અગ્નિકાપુત્રની મક્તિને માટે થઇ. વલી મૃગાવતી શ્રી ચંદનબાલાની મુક્તિને માટે શું નથી થઇ? અર્થાત્ તે પણ તેની મુક્તિને માટે જ થઇ ॥૬૮॥

કિં પૂજ્યા શ્રમણી ન સા શ્રુતરસા
દુર્બોધહૃન્મોહહૃત્,
માત્રાસક્તકુબેરદત્તદયિતા
સાધ્વીવ જાતાવધિઃ ।।
ધન્યા એવ ચિરંતના વ્રતધના
અપ્યાધુનિક્યઃ શુભા,
યાકિન્યા હરિભદ્રવાદિમુકુટઃ
સોડબોધિવાઙ્માત્રતઃ ।૬૯।

માતાને વિષે આસકત એવા કુબેરદત્તની સ્ત્રી કુબેરદત્તા કે જેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે સાધ્વીની પેઠે શાસ્ત્રમાં પ્રીતિવાળી દુષ્ટ બોધને હરણ કરનારી અને અજ્ઞાનને દૂર કરનારી સાધ્વી શું પૂજ્ય નથી? અર્થાત્ પૂજ્ય છે. પૂર્વકાલની સાધ્વીઓને તો ધન્ય છે; પરંતુ આધુનિક કાલની સાધ્વીએ પણ કલ્યાણકારી છે. જૂઓ યાકિની નામની

સાધ્વીયે વાદી શિરોમણી એવા હરિભદ્રસૂરિને કેવલ વચનમાત્રે કરીને બોધ પમાડયો હતો ॥૬૯॥

હવે એ કાવ્યથી શ્રાવકદ્વાર કહે છે.

(મલિનીવૃત્તમ્)

**અકૃત ભરતચક્રી વિશ્વસાધર્મિકાર્ચાં,**
**કુરુત તદનુમાનાચ્છ્રેયસેऽત્રોદ્યમં તત્ ॥**
**યદિ સકલધરિત્રીં પ્રીણયત્યંબુવાહઃ,**
**કિમુ ન તદરઘટ્ટઃ ક્ષેત્રમાત્રં પૃણાતુ ૭૦॥**

જો કે ભરતચક્રવર્તી પણ વિશ્વમાં રહેલા સાધર્મિક ભાઇઓની પૂજા સત્કાર કરતા હતા, તો પછી હે શ્રાવકો! તમે પણ તેમના અનુમાનથી પુણ્યને માટે સાધર્મિક પ્રજા ઉપર ઉદ્યમ કરો. આ ઠેકાણે કોઈ શંકા

કરે કે, ભરત તો નવનિધિ અને ચૌદરત્નના સ્વામી હતા, તથા તે દેવતાના સામર્થ્યથી તેમ કરતા, પણ તેમના અનુમાનની શ્રાવકોએ શીરી તે કરવું ? તે શંકાને દૃષ્ટાંતથી નાશ કરતા છતા કહે છે કે, મેઘનું જલ જો સર્વ પૃથ્વીને તૃપ્ત કરે છે તો અરઘટ્ટ (રેહેંટ) ફક્ત એક ક્ષેત્રને શું નથી તૃપ્ત કરતો ? અર્થાત્ ભરત મેઘ સરખા અને શ્રાવક રેહેંટ સરખા જાણવા ॥૭૦॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

**શ્રાદ્ધાનાં સદુપાસકા બહુમતા**
**એવૈકધર્મત્વત:,**
**સાધૂનામપિ જાતુ ગૌરવપદં**
**વીતસ્પૃહાણામમી ॥**

રુગ્નાશાદુપસર્ગહૃત્સ્તવનત:
શ્રીભદ્રબાહોર્યથા,
ચંદ્રાર્કાબ્દવદુત્તમેષુ સહજં
વિશ્વોપકારી વ્રતમ્ ॥૭૧॥

સાધર્મિપણાને લીધે અતિ શ્રેષ્ઠ ઉપાસના કરનારા શ્રાવકો શ્રાવકોને તો બહુમાન્ય હોય, પરંતુ તેઓ કોઇ વખત નીરાગી એવા સાધુઓના પણ ભદ્રબાહુ સ્વામીની પેઠે ગૌરવના સ્થાન રૂપ થાય છે. કોઇ શંકા કરે કે, રાગરહિત સાધુઓને શ્રાવકો બહુમાન્ય કરવા યોગ્ય કેમ હોય ? ત્યાં સમાધાન કરે છે કે, ઉત્તમ પુરુષોનો ઉપકારી સ્વભાવજ હોય છે. દૃષ્ટાંત કહે છે કે, ઉત્તમ પુરુષમાં ચંદ્ર, સૂર્ય અને મેઘ વિગેરેની પેઠે સર્વ ઉપર ઉપકાર કરવાનું સ્વાભાવિક વ્રત હોય છે ।૭૧।

હવે બે કાવ્યથી શ્રાવિકાદ્વાર કહે છે.

સ્ત્રી પુંસોપ્યધિકા ત્રિપક્ષવિષદા
પુંરત્નખાનિર્યતઃ,
સ્વાથિન્યા મરુદેવયા તુ સદૃશી
ભૂતા ન ભાવિન્યપિ ।।
વિશ્વાર્યૌ જિનચક્રિણૌ પ્રથમતો
યત્પુત્રપોત્રાવહો,
યા પ્રાગેવ શુભેહ્યભૂચ્છિવપુર-
પ્રસ્થાનકસ્થા પ્રભોઃ ।।૭૨।।

પિતૃપક્ષ, માતૃપક્ષ અને શ્વસુરપક્ષ એમ ત્રણે પક્ષે નિર્મલ એવી સ્રી, પુરુષથકી પણ અધિક છે. કારણ કે, તે પુરુષરૂપ રત્નની ખાણ છે. વલી મરુદેવી માતા સમાન તો કોઇ સ્રી થઇ નથી અને થવાની પણ નથી

કારણ કે, તેમના પુત્ર ઋષભદેવ અને પૌત્ર (પુત્રનો પુત્ર) ભરત સર્વ વિશ્વને વિષે પૂજ્ય તીર્થંકર તથા ચક્રવર્તી થયા છે. વલી જે મરુદેવી માતા પોતે શ્રી આદિનાથ પ્રભુની પહેલા જ શિવપુર પ્રત્યે પ્રસ્થાન કરનારા થયા. ॥૭૨॥

(વસંતતિલકાવૃત્તમ્)

**યા શ્રાવિકાપ્યમલશીલપવિત્રિતાંગી,**
**સા શ્લાધ્યતે ત્રિભુવનેઽપિ યથા સુભદ્રા ॥**
**યસ્યાસ્ત્રિચારિચુલકાહિતલોકતુષ્ટે,**
**સ્રોતઃસહસ્રકૃતમુત્ સદૃશી કૂવ ગંગા ॥૭૩॥**

નિર્મલ શીલવડે પવિત્ર છે અંગ જેનું એવી શ્રાવિકા પણ સુભદ્રાની પેઠે ત્રણ ભુવનને વિષે પ્રશંસા પામે છે. દષ્ટાંત કહે છે

કે, હજારો પ્રવાહોવડે હર્ષ કરનારી ગંગા. ફક્ત ત્રણ અંજલીથી લોકોને સંતુષ્ટ કરનારી સુભદ્રાના સમાનપણાને ક્યાંથી પામે ? ॥૭૩॥

હવે બે કાવ્યથી પૂજાદ્વાર કહે છે.

પુષ્પાક્ષતાંબુફલચંદનદીપધૂપ–
નૈવેદ્યતઃ પ્રતિદિનં જિનપાદપૂજા ॥
શ્રી શ્રેણિકાદિજનવજ્જિનતાદિ દત્તે,
ચક્રાદયઃ કલશતામિવમૃદ્દલસ્ય ।૭૪।

જેમ ચક્ર, દંડ, દોરડી અને કુંભાર એ સર્વ એકઠા થઇને માટીના પીંડાનો ઘડો બનાવી આપે છે તેમ જિનેશ્વર પ્રભુની નિરંતર પુષ્પ, અક્ષત, જલ, ફલ, ચંદન, દીપ, ધૂપ અને નૈવેદ્ય ઇત્યાદિકથી કરેલી પૂજા, શ્રી-

શ્રેણિક રાજાને આપ્યું તેમ તીર્થંકર પદ આપે છે ॥૭૪॥

(સ્વાગતાવૃત્તમ્)

સ્યાજ્જિનાર્ચનકૃતસ્ત્રિકશુદ્ધ્યા,
શં વિપદ્યપિ યથા દમયંત્યાઃ ॥
સ્વસ્તરુઃ ફલતિ કિં ન હિ રોરે,
નેંદુરસ્યતિ તૃષં ચ ચકોરે ॥૭૫॥

ત્રિકરણ શુદ્ધિથી જિનપૂજા કરનારને દમયંતીની પેઠે આપત્તિમાં પણ સુખ થાય છે. દૃષ્ટાંત કહે છે કે, દારિદ્રી માણસને કલ્પવૃક્ષ શું ફલીભૂત નથી થતું ? અથવા ચંદ્રમા ચકોર પક્ષીની તૃષ્ણા નથી દૂર કરતો ? ॥૭૫॥

હવે બે કાવ્યથી નયદ્વાર કહે છે.

(ઇન્દ્રવજ્રાવૃત્તમ્)

**શ્રી રામવલ્લભો નય એવ સેવ્યઃ,**
**પ્રજાનુરાગવ્રતવિત્તમૂલમ્ ।**
**કો દક્ષિણાવર્ત્તમુપેત્ય શંખં,**
**ત્યજેન્મુધા શામલચિત્રકં ચ ।૭૬।**

હે પ્રાણીઓ! તમારે શ્રી રામચંદ્રની પેઠે પ્રજાના અનુરાગ રૂપ વ્રતવાલા દ્રવ્યના મૂલ ઉત્પત્તિ કારણ રૂપ ન્યાયજ સેવન કરવા યોગ્ય છે. દૃષ્ટાંત કહે છે કે, કયો પુરુષ પ્રાપ્ત થયેલા દક્ષિણાવર્ત્ત શંખને અને કાળીચિત્રાવેલને મેલવ્યા પછી વૃથા ત્યજી દે? અર્થાત્ કોઇ ન ત્યજી દે ।।૭૬।।

(માલિનીવૃત્તમ્)

**મનસિ વસતિ રાધન્ન્યાય એવોત્તમાનાં,**
**યદમરવરલ્લભ્યાપારદારિક્યચૌર્યે ।।**

અનુવિષયમરૌત્સીચ્ચક્રભૃદ્બ્રહ્મદત્તઃ,
ક્વ સુરસરિતિ પંકઃ ક્વેશચંદ્રે કલંકઃ ૭૭

ઉત્તમ પુરુષોનાં મનને વિષે નિરંતર ન્યાયજ વસે છે; કારણ કે, બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પણ પોતાના પ્રત્યેક દેશમાં દેવતાનાં વરદાનથી પરદારાગમન અને ચોરી એ બંને કાર્યને નિવારણ કર્યું હતુ. દૃષ્ટાંત કહે છે કે, સ્વર્ગગંગાના જલને વિષે કાદવ ક્યાંથી હોય? અને શંકરના મસ્તક ઉપર રહેલા ચંદ્રને વિષે કલંક ક્યાંથી હોય? ॥૭૭॥

(વસંતતિલકાવૃત્તમ્)

વિદ્યાવિભૂતિમહિમવ્રતધર્મમોક્ષ-
સંપત્તયે વિનય એવ વિભુઃ કિમન્યૈઃ ॥
કિં કિં નમિઃ સવિનમિર્જિનતો ન લેભે,
પૂજ્યાંઘ્રિરેણુરપિ પશ્ય નમસ્ય એવ ।૭૮।

વિદ્યા, સમૃદ્ધિ, યશ, વ્રત, ધર્મ અને કલ્યાણ એટલા વાના મેલવવાને વિનયજ સમર્થ છે. બીજી વસ્તુઓએ કરીને શું ? દૃષ્ટાંત કહે છે કે, વિનયમાં તત્પર એવા વિનમિ સહિત નમિએ શ્રીઆદિનાથ પ્રભુ પાસેથી શું શું મેલવ્યું નથી ? જૂઓ ! પૂજ્યના ચરણની રજ પણ નમન કરવા યોગ્ય છે ।૭૮।

(શાર્દૂલવિક્રીડિતમ્)

કિં મર્ત્યસ્ત્રિદશોઽપ્યપાસ્તવિનયો
મ્લાનેઃ સહાનેઃ પદં,
યક્ષો વૃદ્ધકરઃ કિમાર્યખપટા-
ચાર્યેણ નાશિક્ષિતઃ ।।
કિં વા વિષ્ણુકુમારતો ન નમુચિ-
ર્મૃત્વાઽગમદ્દુર્ગતિં,

નદ્યોઘસ્તરસુન્નતં રુજતિ વા
નમ્રં તુ નો વેતસમ્ ॥૭૯॥

નિર્બલ માણુસની તો વાતજ શી કરવી, પરંતુ બલવંત એવા દેવતા પણ વિનયને ત્યજી દેવાથી હાનિસહિત પરાભવ પામે છે. શું (અવિનયથી) વૃદ્ધકર નામના યક્ષને આર્યખપટાચાર્યે શિક્ષા નથી કરી ? અથવા તો નમુચિ પ્રધાન, વિષ્ણુકુમારથી મૃત્યુ પામીને દુર્ગતિપ્રત્યે નથી ગયો ? દૃષ્ટાંત કહે છે કે, નદીના જલનો પ્રવાહ ઉંચા એવા વૃક્ષને પાડી નાખે છે અને નમ્ર એવા નેતરના વૃક્ષને ઉખાડી નાખતો નથી ॥૭૯॥

હવે બે કાવ્યથી વૈરાગ્યદ્વાર કહે છે.

રાજ્યં શક્રકૃતાભિષેચનમહો
રૂપં ત્રિલોકેડપ્યસ-
ત્સારૂપ્યં ચ સનત્કુમારનૃપતેઃ
સોડપ્યંગવૈરાગ્યતઃ ।।
ચક્રે ચારૂતપઃ સલબ્ધિરપિ તત્
સ્વં નાચિકિત્સત્પુના,
રજ્યેદ્ધા પ્રતિકર્મનિર્મલરૂચૌ
કઃ કુપ્યપાત્રે સુધીઃ ।।૮૦।।

ઇંદ્રે અભિષેક કરેલું રાજ્ય અને ત્રણ લોકને વિષે અસમાન એવું રૂપ એ બન્ને જેને હતાં એવા સનત્કુમાર ચક્રવર્તીએ પણ શરીર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મહાતપ કર્યું. વલી તેજ મુનિએ લબ્ધિ છતાં પણ શરીરની ચિકિત્સા કરી નહીં. દ્રષ્ટાંત કહે છે કે, માંજવાથી ઉજવલ થયેલા પીતલના

પાત્રને વિષે કયો ડાહ્યો પુરુષ આસક્ત થાય ? અર્થાત્ કોઇ થાય નહીં ॥૮૦॥

આજન્માંતમનંતદુર્મતિભવે
વૈરાગ્યમસ્ત્યેવ ત-
દ્વ્યક્તં હેતુષુ સત્સુ કિં તુ ભવતિ
પ્રત્યેકબુદ્ધેષ્વિવ ॥
સૂર્યાશ્યન્યનલં પય: શશિમણૌ
સ્વર્ણં સુવર્ણાવનૌ,
કોઽદ્રાક્ષીત્ પુનરર્કચંદ્ર, હુતભુ-
ગ્યોગાત્કુતોઽપ્યેતિ વા ।૮૧।

જન્મથી આરંભીને મૃત્યુ પર્યંત અનંતદુઃખથી ભરેલા એવા આ સંસારને વિષે વૈરાગ્ય તો છે; પરંતુ તે વૈરાગ્ય ચાર પ્રત્યેક બુદ્ધને પ્રગટ થયો તેમ હેતુ પ્રાપ્ત

થયે છતે સર્વને પ્રગટ થાય છે. દષ્ટાંત કહે છે કે, સૂર્યકાંત મણિને વિષે અગ્નિ, ચંદ્રકાંત મણિને વિષે જલ અને સુવર્ણ પૃથ્વીને વિષે સુવર્ણ એ સર્વ કોઇએ જોયા છે ? એ તો સૂર્ય ચંદ્ર અને અગ્નિના યોગને લીધેજ કોઇ સ્થાનકથી આવે છે ॥૮૧॥

હવે બે કાવ્યથી દાનદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

સુપ્રાપં શુદ્ધપાત્રં ધનમપિ વિષદં
કિં તુ નિ:પુણ્યકાનાં,
નો ચિત્તં પાત્રદાનં પ્રતિ ભવતિ મતિ-
ર્યત્ર શુદ્ધાશનાદ્યૈ: ॥
આદ્યોઽહંન્ વર્ષમેકં પ્રતિદિનમગમ-
ચ્છુદ્ધભૈક્ષેઽપિ દેશે,

**શ્રેયાંસસ્ત્વેક આદ્યં સુકૃતિષુ કૃતવાન**
**સ્વં પ્રભોઃ પારણેન ॥૮૨॥**

શુદ્ધ પાત્ર મળે, ધન પણ શુદ્ધ હોય; છતાં પુણ્યરહિત જનોનું ચિત્ત પાત્રદાન પ્રત્યે થતું નથી કે, જે ચિત્તને વિષે શુદ્ધ એવા અશન, પાન, ખાદિમ સ્વાદિમ વિગેરેની બુદ્ધિ હોય. દૃષ્ટાંત કહે છે કે, પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ શુદ્ધ એવા અન્નથી ભરપૂર એવા દેશને વિષે એક વર્ષપર્યંત પ્રતિદિવસ વિચર્યા છતાં પણ ફક્ત એક શ્રેયાંસ કુમારે જ પ્રભુને પારણું કરાવીને પુણ્યવંત પુરુષોની મધ્યે પોતાના આત્માને અગ્રેસર કર્યો ॥૮૨॥

*

(માલિનીવૃત્તમ્)

યદપિ તદપિ શુદ્ધં ચંદનાવત્પ્રદત્તં,
ઝટિતિ ફલતિ પાત્રે-
ऽन्यत्र नो चार्थपि स्वम् ॥
જલધિજલમસારં વારિવાહેઽમૃતીસ્યાત્,
મધુરમપિ હિ દુગ્ધં
પન્નગાસ્યે વિષં સ્યાત્ ॥૮૩॥

જેવું તેવું પણ શુદ્ધ અન્નાદિક જો પાત્રને વિષે આપ્યું હોય તો તે ચંદનબાલાને ફલ્યું તેમ તત્કાલ ફલે છે; પણ અપાત્રને વિષે આપેલું સારું દ્રવ્ય ફલતું નથી, પણ વિપરીત રૂપે પરિણમે છે. દૃષ્ટાંત કહે છે કે, ખારું એવું પણ સમુદ્રનું જલ મેઘને વિષે અમૃત સમાન થાય છે અને

મધુર એવું પણ દુધ સર્પના મુખને વિષે વિષ થાય છે ॥૮૩॥

હવે બે કાવ્યથી શીલદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

**સ્ત્રીવિભ્રમૈશ્ચલતિ લોલમના ન ધીરઃ,**
**શ્રીસ્થુલભદ્ર ઇવ તાદશસંકટેડપિ ।**
**ચૂર્ણીભવેદ્દૃદષદચોડપિ વિલિયતે ચ,**
**વૈડુર્યમેતિ વિકૃતિં જ્વલનાત્પુનર્ન ।૮૪।**

ચંચલ મનવાલો પુરુષજ સ્ત્રીના કટાક્ષથી ચલે છે; પરંતુ સ્લથૂ ભદ્ર જેવો ધીર પુરુષ તેવા તેવા કોશાયે કરેલા મહા સંકટોને વિષે પણ ચલતો નથી. જૂઓ દષ્ટાંત કહે છે કે, અગ્નિ થકી પાષાણ ચૂર્ણ થાય છે, લોઢું ગલી જાય છે; પરંતુ વૈડુર્ય રત્ન વિકાર પામતું નથી ॥૮૪॥

સદ્રૂપયૌવનગુણાગતસાનુરાગ-
વિરોશદત્તતનયાનયનૈરભેદાત્ ।।
વજ્રેણ વજ્રમુનિના સ્વયશોર્ણસાઽસત્
સંગાશુચિ ક્વચિદપૂયત શીલમેવ ।૮૫।

સારા રૂપવાલી, યૌવનના ગુણથી સમીપ આવેલી અને પ્રેમવાલી ધનદત્ત શેઠની કન્યાના કટાક્ષોથી નહિં ભેદાતા વજ્ર સમાન વજ્ર મુનિએ અસત્પુરુષોના સંગથી અપવિત્ર થયેલા શીલને પોતાના યશરૂપી જલથી પવિત્ર કર્યું ।।૮૫।।

હવે બે કાવ્યથી તપોદ્ધાર કહે છે.

(પૃથ્વીવૃત્તમ્)

તપઃ શિવકુમારવચ્ચરતિ
મંદિરસ્થોઽપિ યઃ

સ દેવપરિષદ્યપિ દ્યુનિમહ-
રત્વ વિસ્ફૂર્તિભૃત ॥
કૃશાનુવકૃશાતાપનોલ્લસિત-
વર્ણકં કાંચનં,
ન ધાતુષુ વિશિષ્ટતાં નૃપતિ-
મૌલિતામેતિ ચ ॥૮૬॥

જે પુરૂષ શિવકુમારની પેઠે પોતાના મંદિરને વિષે રહ્યો છતો પણ તપશ્ચર્યા કરે છે, તે દેવ સભામાં તેજને, મહત્વને અને ઉત્તમ મૂર્તિને ધારણ કરનારો થાય છે, દૃષ્ટાંત કહે છે કે, અગ્નિના અત્યંત તાપથી પ્રકાશિત છે વર્ણ જેનો એવું સુવર્ણ સર્વ ધાતુઓમાં શિરોમણિપણાને અને રાજાના મુકુટપણાને શું નથી પામતું ? અર્થાત પામે છે ॥૮૬॥

તપઃસકલકર્મભિદ્વિવિધલબ્ધિકૃન્નિશ્ચિતં,
ગૃહે પુરિ ચ દુર્ભગોઽપ્યહહ
નંદિષેણો દ્વિજઃ ।।
વ્રતે શમતપઃપરઃ સુરનરૈકવંદ્યોઽભવ-
દ્રવિજવલનતાપિતઃ શ્રયતિ
દીપ્તિમામો ઘટઃ ।।૮૭।।

નિશ્ચે તપશ્ચર્યા સકલ કર્મને ભેદનારી અને વિવિધલબ્ધિ કરનારી છે, જૂઓ ઘરને વિષે તેમજ નગરને વિષે દુર્ભાગી એવો પણ નંદિષેણ બ્રાહ્મણ વ્રતને વિષે શમતાને વિષે તથા તપશ્ચર્યાને વિષે; તત્પર થયો છતો મનુષ્યને તથા દેવતાને વંદન કરવા યોગ્ય થયો. દૃષ્ટાંત કહે છે કે, મૃત્તિકાનો કાચો ઘડો સૂર્ય અને અગ્નિના તાપે કરીને તેજવંત થાય છે ।।૮૭।।

હવે બે કાવ્યથી ભાવનાદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

દાનં વિત્તવ્યયેનાપરયુવતિરતિ-
ત્યાગતઃ શીલલીલા,
નાનાહારાપ્રચારાત્તપ ઇહ તદહો
દુષ્પ્રધ્યાનહીનાઃ ।।
ભાવં કુર્વંતુ યેનાપ્યખિલસુખભૃતાં
વલ્કલસ્યેવ મુક્તિઃ,
મિષ્ટાસ્વાદૈર્યદિ સ્યાન્નનુતનુપટુતા
કો ન તાં કારયેત્તત્ ।।૮૮।।

આ લોકોને વિષે દ્રવ્યનો વ્યય કરવાથી દાન થાય છે, પર સ્ત્રીને વિષે પ્રીતિનો ત્યાગ કરવાથી શીલ કહેવાય છે અને નાના પ્રકારના આહારના પરિત્યાગથી તપશ્ચર્યા

થાય છે; માટે હે ભવ્યજનો! તમે હૃદય-
માંથી દુષ્ટ ધ્યાનને દૂર કરીને તે દાન, બ્રહ્મ-
ચર્ય અને તપ વિગેરેને વિષે ભાવ કરો કે,
જેથી સર્વ પ્રકારના સુખને ધારણ કરનારા-
ઓની મધ્યે વલ્કલચીરિની પેઠે તમારી પણ
મુક્તિ થાય. દૃષ્ટાંત કહે છે કે, જો મિષ્ટ
ભોજન વિગેરેથી શરીર નિરોગી રહેતું હોય
તો પછી તે કયો પુરુષ ન કરે? ॥૮૮॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

યો દાનં ન દદૌ કથૈવ ન તપઃ
શીલાર્હદર્ચાગમે,
યસ્યાનાર્યયુજોઽત્ર કેવલમભૂદ્
ભાવાદિલાનંદને ॥
સ્વર્ણાદૌ જ્વલનેન વહ્નિદૃષદો-
ર્ગાઢં મિથો ઘટ્ટનૈ-

રાદૃશં રવિણા મહૌષધિવને કિં
તું સ્વભાવેન ભા ॥૮૯॥

જેણે નથી આપ્યું દાન, અનાર્ય લોક સાથે જોડાવાને લીધે નથી કરી તપશ્ચર્યા, નથી પાલ્યું શીલ, નથી કરી જિનેશ્વરની પૂજા કે નથી કર્યું શાસ્ત્રશ્રવણ એવા પણ ઇલાપુત્રને આ લોકમાં ફક્ત ભા-થીજ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દૃષ્ટાંત કહે છે કે, સુવર્ણાદિકને વિષે અગ્નિ વડે કાંતિ ઉત્પન્ન થાય છે, પરસ્પર ઘસારાથી અગ્નિના પાષાણમાં કાંતિ પ્રગટ થાય છે, દર્પણમાં સૂર્યની કાંતિથી પ્રકાશ થાય છે; પરંતુ મ્હોટા એવા ઓષધીઓના વનને વિષે જે કાંતિ હોય છે તેતો નિશ્ચે સ્વભાવિકજ હોય છે ॥૮૯॥

હવે બે કાવ્યથી ધર્મદ્વાર કહે છે.

[સ્રગ્ધારવૃત્તમ્)

માતુર્ગર્ભાવતારે ચતુરધિકદશસ્વપ્ન-
સંસૂચિતો પ્રાક-
જાતો યાવેકરાત્રૌ ત્વજિતસગરયો:
પુણ્યયો: પશ્ય જાતિમ્
આગર્ભોત્પાદમિંદ્રૈરસુરસુરનરૈ:
સેવનીયસ્ત્રિલોકી-
નાથોऽર્હન્નેક આસીદ્ભરતનૃપનતો-
ऽન્યશ્ચ ચક્રી દ્વિતીય: ॥૯૦॥

જેઓ પહેલાં ચૌદ સ્વપ્નોએ સૂચિત હોઇ માતાના ગર્ભાવતારને વિષે એક રાત્રીમાં ઉત્પન્ન થઇ પુણ્યશાલી એવા અજિતનાથ અને સગર ચક્રવર્તી થયા, તેમની જાતિ

જૂઓ. તેમનામાંથી એક ગર્ભમાં રહ્યા ત્યાર-
બીજ ઈંદ્ર, દેવ, ભવનવાસી અને મનુષ્યોએ
સેવા કરવા યોગ્ય એવા ત્રિલોકીનાથ શ્રી-
તીર્થંકર થયા. અને બીજા ભરતખંડના
રાજાઓએ નમસ્કાર કરેલા ચક્રવર્તી થયા।૯૦।

તુલ્યં તીર્થાધિપત્યં બલમપિ સદૃશં
સર્વતીર્થંકરાણાં,
કિં તુ શ્રીમલ્લિનાથઃપ્રથયતિ સુકૃતૈઃ
કિંચિદાશ્ચર્યમુચ્ચૈઃ
પૂર્વાહ્ણે યસ્ય જજ્ઞે વ્રતમપિ સુલભં
કેવલં ચાપરાહ્ણે,
જ્ઞાનં નાભેયવીરપ્રભૃતિજિનપરો-
ઽપ્યભૂદ્ધચ્ચિરેણ ॥૯૧॥

સર્વ તીર્થંકરોને વિષે તીર્થાધિપણું

તથા બલ એ બે સમાન છે, તોપણ શ્રી-મલ્લિનાથ પ્રભુ પુણ્યને લીધે અતિશયવડે કાંઇક આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. કારણકે, જેમને દિવસના પહેલા પ્રહરને વિષે વ્રત પ્રાપ્ત થયું અને (તેજ દિવસના) છેલ્લા પ્રહરને વિષે કેવલ જ્ઞાન પ્રગટ થયું કે, જે કેવલજ્ઞાન શ્રી આદિનાથ અને મહાવીર પ્રભુ વિગેરેને તો દીક્ષા લીધા પછી બહુ કાલે પ્રાપ્ત થયું હતું ॥૯૧॥

હવે બે કાવ્યથી વિષયદ્વાર કહે છે.

શ્રુત્વાહ્વાનં સ્ત્રિયસ્તામનુસરતિ રસો

હંસકોન્નાદપાદે-

નાશોકસ્પૃષ્ટમાત્રસ્તિલકકુરુબકૌ

ચુંબનાલિંગનાભ્યામ્

પુષ્પેદ્રકુરબકજવાસાધિકરસસુરયા
　　　　કેસરશ્ચેદ્રિકારોડ-
પ્યેષાં તત્સત્યકીવાધિકવિષયરતિ-
　　　ર્યાતુ કિં નો ભવાર્ત્તિમ્ ॥૯૨॥

પારો સ્ત્રીના આમંત્રણને સાંભળી તે સ્ત્રીની પાછળ જાય છે; અશોક વૃક્ષ સ્ત્રીના ઝાંઝરથી શાબ્દિત થતા પગવડે સ્પર્શીત થયો છતો પ્રફુલ્લિત થાય છે; તિલક અને કુરબક વૃક્ષ સ્ત્રીના ચુંબન અને આલિંગન એમ અનુક્રમથી પ્રમોદિત થાય છે અને કેશર વૃક્ષ સ્ત્રીના મુખકમલથી અધિક સુવાસિત મદિરાથી પ્રફુલ્લિત થાય છે. આ પ્રમાણે જો આ એકેંદ્રિય વૃક્ષોમાં પણ વિકાર રહેલો છે તો સત્યકી વિદ્યાધરની પેઠે વિષયમાં

અધિક પ્રીતિવાલો માણુસ સંસારની પીડાને કેમ ન પામે? અર્થાત્ પામેજ ॥૯૨॥

સંસારારણ્યમધ્યે મધુઃમુખકટુ-
પ્રાંતભૃત્કામધૂર્તો,
દક્ષાન્મૂઢાંશ્ચ તત્તત્સુખલવભજનૈઃ
પ્રાણિનો વિપ્રતાર્ય ॥
હૃત્વા તત્પુણ્યવિત્તં ગમયતિ કુગતિં
બ્રહ્મદત્તં યથા તત્-
પૂર્વભ્રાતેવ ધીરઃ શિવમટતિ પુન-
સ્તં તપોઽસ્ત્રેણ ભિત્વા ॥૯૩॥

સંસારરૂપી અરણ્યને વિષે પ્રથમ મધુર અને અંતે કડવો એવો કામદેવ રૂપી ધૂર્ત, ડાહ્યા અને મૂર્ખ એવા સર્વ પ્રાણીઓને તે તે અલ્પ સુખના ભોગ આપી છેતરીને,

તેમના પુણ્યરૂપ દ્રવ્યને હરિ લઇ બ્રહ્મદત્તની પેઠે નરકગતિમાં પહોચાડે છે. પણ જે બ્રહ્મ-દત્તના પૂર્વ જન્મના ભાઇના જેવો ધીર પુરુષ હોય છે તે, તે કામરૂપી ધૂર્તને તપ રુપી શસ્ત્રવડે ભેદી નાખી મોક્ષ મેળવે છે ॥૯૩॥

હવે બે કાવ્યથી શબ્દદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

ગીતામૃતાતિરતિકર્ણપુટસ્ત્રિપૃષ્ટ-
પર્યંકપાલ ઇવ કષ્ટમુપૈતિ ઘોરમ્ ॥
સદ્બ્રહ્મલુબ્ધકકૃતાદ્ભુતગીતલુબ્ધં,
બદ્ધં વિલોકય મૃગં ભયવિહ્વલાંગમ્ ।૯૪।

ગીતરૂપ અમૃતને વિષે અતિ આસક્ત છે કાન જેના એવો પુરુષ, ત્રિપૃષ્ટ વાસુદેવના

શય્યાપાલકની પેઠે ઘોર દુઃખ પામે છે. દૃષ્ટાંત કહે છે કે, કપટી પારધીએ કરેલા અદ્ભુત ગીતમાં લુબ્ધ થયેલા અને તેથીજ પાસમાં પડી બંધન પામેલા, તેમજ ભયથી વિહ્વલ અંગવાલા મૃગને જૂઓ ॥૯૪॥

**સ્યાત્ ક્ષુલ્લકાભિધકુમારવદસ્થિરેષુ-**
**સ્થૈર્યાય ગીતમપિ બોધકરં કદાચિત્॥**
**બાલોઽપિનિર્વૃતિમુપૈતિ નિશમ્ય સમ્યક્**
**માત્રોદિતાનિ કલમન્મથગીતકાનિ ॥૯૫॥**

ગીત પણ ક્યારેક ક્ષુલ્લક કુમારને થયું તેમ અસ્થિરને સ્થિર કરનારું અને બોધ કરનારું પણ થાય છે. દૃષ્ટાંત કહે છે કે, બાળક પણ માતાયે કહેલા મધુર પ્રીય ગીતોને સારી રીતે સાંભળીને સુખ પામે છે ॥૯૫॥

હવે એ કાવ્યથી રૂપદ્વાર કહે છે.

(સ્ત્રગ્ધરાવૃત્તમ્)

નો વિંદત્યુષ્ણશીતાદ્યપિ ન સદસદ-
ત્યુક્તમાવિષ્કરોતિ,
દુ:સદ્ગંધાન્ન વેત્તિ પ્રથયતિ ન રસાન્
રૂપનિમગ્નદષ્ટિ: ॥
તદષ્ટયેકેંદ્રિયેઽસ્મિન્નહિતહિતમતિ:
કો કુમારાગ્રનંદી,
ચંપાપૂ:સ્વર્ણકારે વિવશદશિ યથા
પંચશૈલેશદેવ્યો: ॥૯૬॥

પંચશૈલ પર્વત ઉપર નિવાસ કરનારી હાસા પ્રહાસા દેવીયો ઉપર અનુરાગવંત થયેલા ચંપાનગરીના સોની કુમારાગ્રનંદીની પેઠે ફક્ત રૂપને વિષે આસક્ત છે દૃષ્ટિ જેની

એવો પુરૂષ, નથી જાણતો ઉના ટાઢાને કે, નથી સાંભળતો સારા ખોટા કહેલા વચનને, નથી ઓળખી શકતો સુગંધને દુર્ગંધને કે, નથી પારખી શકતો રસોને, માટે તે એકેન્દ્રિયવાળા પુરુષને સર્પાદિકમાં ખોટી અથવા માતાના ધર્માદિકમાં સારી બુદ્ધિ કયાંથી હોય? અર્થાત્ નજ હોય ॥૯૬॥

(શાલિનીવૃત્તમ્.)

આસ્તાં સત્યં રૂપમાલેખ્યબિંબ-
સ્યાલોકેડપિ ક્લેશ એવાતિરાગાત્ ॥
સુજ્યેષ્ઠા શ્રીશ્રેણિકક્ષ્માપવત્સ્યાત્,
નૈણશ્રાંતિર્ભ્રાંતિવારીક્ષણાત્કિમ્ ।૯૭।

સત્ય રુપ તો દૂર રહો, પરંતુ આલેખેલું રૂપ જોવાથી પણ અત્યંત અનુરાગને

લીધે સુજ્યેષ્ટાને શ્રેણિકરાજાનું રૂપ જોવાથી થયો તેમ કલેશજ થાય છે. દષ્ટાંત કહે છે કે, ઝાંઝવાનાં જલ જોવાને લીધે ભમવાથી શું હરિણને થાક નથી લાગતો ? અર્થાત્ લાગે છે ॥૯૭॥

હવે બે કાવ્યથી રસદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

રુક્ પથ્યં ચ રસૈર્યથા બહુતયા
સંસેવિતૈર્લોલુપૈ-
ર્ધીરૈર્યદ્વિધિના ભવેદપિ તથા
સંસારમોક્ષાવપિ ॥
યન્નાનારસલાલસઃ સ મથુરા-
મંગુર્ભવં ભ્રાંતવાન્,
યત્તીર્ણશ્ચ સ ઢંઢણઃ સમમધીઃ
સન્મોદકક્ષોદકૈઃ ॥૯૮॥

લોલુપી પુરુષોએ બહુ રીતે સેવન કરેલા રસથી જેમ રોગ થાય છે અને ધીર પુરૂષોએ વિધિ પ્રમાણે સેવન કરેલા રસથી જેમ પથ્ય થાય છે. તેવી રીતે સંસાર અને મોક્ષનું પણ જાણવું. જૂઓ, નાના પ્રકારના રસમાં પ્રીતિવાલા મથુરામંગુ આચાર્યે સંસારને વિષે ભ્રમણ કર્યું અને પાપસહિત ઉત્તમ એવા મોદકનું ચૂર્ણ કરનાર ઢંઢણ મુનિ સંસારને તરી ગયા ॥૯૮॥

કિં જેયો રસનેંદ્રિયેણ સ મહાન્
યઃ સત્ત્વરક્ષારુચિ-
ર્ત્વર્યં દ્વર્ધ્વર્મરુચિઃ કુતુંબકમપિ
પક્વાન્નવહ્નભક્ષાયન્ ॥
કિં વા વિશ્વહિતાય નોદરગતં
સિંધુર્દધો વાડવં,

સારગ્રાહિસુરાસ્તમાશુ ન વિષં
કિં નીલકંઠઃ પપૌ ॥૯૯॥

જીવરક્ષા ઉપર રુચિ છે જેની એવો મહાપુરુષ શું જીવ્હા ઇંદ્રિયથી જીતાય ખરો ? જૂઓ, જીવરક્ષા ઉપર રુચિ ધરનારા ધર્મ-રૂચિ મુનિ કડવા તુંબડાને પણ પાકેલા આમ્રફલની પેઠે ભક્ષણ કરી ગયા. દૃષ્ટાંત કહે છે કે, વિશ્વના હિતને અર્થે શું સમુદ્રે વડવાગ્નિને પોત્તાના ઉદરમાં નથી રાખ્યો ? અથવા સાર વસ્તુને ગ્રહણ કરનારા દેવતા-ઓએ ત્યજી દીધેલું વિષ શું શિવે નથી પાન કર્યું ? અર્થાત્ જગત્‌ના હિતને માટે સમુદ્રે વડવાગ્નિને ધારણ કર્યો છે અને શંકરે વિષનું પાન પણ કર્યું છે ॥૯૯॥

હવે બે કાવ્યથી ગંધદ્વાર કહે છે.

સ્યાદ્દગંધોઽપિ યતસ્તતોઽપ્યધિગતઃ
ક્લેશાય નાશાય વા,
તચ્ચાણાક્યધિયાતુરઃ શ્રુતિમગા-
ન્મંત્રી સુબંધુર્ન કિમ્ ॥
પશ્ય ક્લિશ્યતિ પુષ્પસૌરભહૃતઃ
સર્પઃ સદર્પોઽપિ સન્,
સાયં ચાંબુજકોશબંધનમલિઃ
પ્રાપ્નોતિ ગંધાતિતૃટ્ ॥૧૦૦॥

જયાં ત્યાંથી આવેલો એવોય પણ ગંધ, દુઃખ તથા નાશને માટે થાય છે. ચાણાક્યની બુદ્ધિવડે ક્લેશ પામેલો મંત્રી સુબંધુ શું તમારા સાંભળવામાં નથી આવ્યો ? દૃષ્ટાંત કહે છે કે, જૂઓ, અહંકાર યુક્ત એવો

સર્પ પણ પુષ્પના સુગંધને વિષે આશકિત કરવાથી ગારૂડીથી બંધન પામી ક્લેશ પામે છે અને સુગંધની અતિ તૃષ્ણાવાલો ભ્રમર સાયંકાલે કમલકોશરુપ બંધનમાં પડે છે ॥ ૧૦૦ ॥

વિસ્રૈર્ધાતુભિરંગમેતદઘટિ
પ્રાગેવ તત્રાપ્યહો,
દુર્ગંધઃ પ્રતિકર્મણાપિ હિ બહિઃ
પ્રાક્રમ્તઃ કેચન ॥
દુર્ગંધેવ મૃગાતનુજવદતઃ
સૌરભ્યયત્નોઽત્ર કો,
ગંધદ્રવ્યચયૈર્નિબોધશુચિતા
કા નીલિકાભાજને ।૧૦૧।

પ્રથમ આ શરીરજ દુર્ગંધિ ધાતુઓથી બનેલું છે. આશ્ચર્ય છે કે તે શરીરને વિષે

બહાર ધોવું કસ્તુરી વિગેરે અંગરાગ લગાવવું વિગેરે, પ્રતિકર્મ કરતા છતાં પણ કોઇ પૂર્વ કર્મને લીધે દુર્ગંધા અને મૃગાપુત્રની પેઠે નહિ દૂર થઇ શકે એવો દુર્ગંધજ રહેલો છે; માટે એવા શરીરને સુગંધી પદાર્થોથી સુગંધીવાલું કરવાનો શો પ્રયત્ન કરવો? દૃષ્ટાંત કહે છે કે, ગલીના પાત્રને વિષે સ્વભાવિકી પવિત્રતા કયાંથી હોય? ॥૧૦૧॥

હવે બે કાવ્યથી સ્પર્શદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

સ્પર્શાતિગૃધ્નુરતિ બહ્યપિ યાતિ દુઃખં,
પ્રદ્યોતભૂપ ઇવ મંત્ર્યભયેન બદ્ધઃ ॥
કો વાગ્રહીષ્યદિભમેવ ન ચેત્કરેણુ-
સ્પર્શાંધધીઃ સ્થગિતગર્તગતોઽભિ-
વિષ્યત્ ॥૧૦૨॥

અત્યંત બળવાન્ એવો પણ પ્રાણી સ્પર્શ ઇંદ્રિયને વિષે ઘણો ઇચ્છાતુર થયો છતો અભયકુમારે બંધનમાં નાખેલા ચંડપ્રદ્યોતન રાજાની પેઠે દુઃખી થાય છે. દૃષ્ટાંત કહે છે કે, હાથણીનો સ્પર્શ કરવામાં આંધળો બુદ્ધિવાળો હાથી જો ઢાંકી રાખેલા ખાડાને વિષે ન પડતો હોય તો તેને કોણ પકડી શકે? ॥૧૦૨॥

યઃ સ્પર્શસૌખ્યલવમિચ્છતિ મૂઢબુદ્ધિઃ।
સિદ્ધિપ્રદેન તપસા સુકુમાલિકેવ ॥
ચિંતામણેઃ સકલભૂતલરાજ્યદાતુ-
ર્બાલઃ સ ભૃષ્ટચણકાન્ વૃણુતે ક્ષુધાર્તઃ
॥૧૦૩॥

જે મૂઢબુદ્ધિ પુરુષ, સિદ્ધિને આપનારી એવી તપશ્ચર્યાએ કરીને સુકુમારીકાની પેઠે

અલ્પ એવા પણ સ્પર્શના સુખની ઇચ્છા કરે છે તે, સકલ પૃથ્વીના રાજ્યની સંપત્તિ આપનાર ચિંતામણિ પાસેથી શેકેલા ચણાને માગનાર ભૂખ્યા બાલક જેવો છે ॥૧૦૩॥

હવે બે કાવ્યથી સાત વ્યસનદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

નિઃસત્ત્વં નિર્દયત્વં વિવિધવિનટના-
શૌચનાશાત્મહાની,
અસ્વાસ્થ્યં વૈરવૃદ્ધિર્વ્યસનફલમિહા-
મુત્રદુર્ગત્યવાપ્તિઃ
ચૌલુક્યક્ષ્માપવત્તદ્વ્યસનવિરમણે
કિં ન દક્ષા યતધ્વં,
જાનંતો માંધકૂપે પતત ચલત મા
દગ્વિષાહેઃ પથા હે ॥

ઘુત રમવાથી નિર્ધનપણું, માંસભક્ષણથી નિર્દયપણું, મદ્યપાનથી વિવિધ વિટંબના, વેશ્યા ભોગથી અપવિત્રતા, મૃગયાથી આત્મહાનિ, ચોરીથી વ્યાકુલપણું અને પરસ્ત્રી સેવાથી વૈરની બુદ્ધિ એ સર્વ આ જગતને વિષે કુવ્યસનના ફલ છે. વલી પરલોકને વિષે તો નરકની પ્રાપ્તિ એજ કુવ્યસનનું ફલ છે, માટે હે દક્ષજનો! તમે ચૌલુક્ય ભૂપતિની પેઠે એ વ્યસનનો ત્યાગ કરવાને કેમ નથી યત્ન કરતા? જાણતા છતાં અંધારા કૂવામાં ન પડો અને દૃષ્ટિવિષ સર્પના માર્ગને વિષે ન ચાલો ॥૧૦૪॥

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

સપ્તાપિ વ્યસનાનિ પાપસદના-
-ન્યેતાનિ વર્જ્યાનિ યત્,

સત્કર્માપિ ન શસ્યતે વ્યસનમત્યા-
સેવયા સ્યાદ્યથા ।।
સ્નેહોઽર્હત્યપિ ગૌતમસ્ય ગણનાઽ-
કાલે ચ કોશાગુરોઃ,
ગ્લાનિઃ પારદભાવિતે હિ કનકે-
ઽરિષ્ટં ફલેઽનાર્ત્તવે ।।

આ સાતે વ્યસનો પાપના સ્થાન છે, માટે ત્યજવા યોગ્ય છે. કારણ કે, અતિ આશક્તિથી સત્કાર્ય કરનારો પ્રાણી હોય તો પણ તે વખણાતો નથી. એ વ્યસનો અતિશય સેવવાથી દુઃખ થાય છે. ગૌતમ ગણધરનો શ્રી વીરપ્રભુની ઉપરનો સ્નેહ, એ પણ વ્યસન છે. સ્થૂલભદ્રની અકાલે ગણના એ પણ વ્યસન છે. દષ્ટાંત કહે છે. પારાથી મિશ્રિત એવા કનકને વિષે શ્યામપણું અને ઋતુ

વિના ઉત્પન્ન થયેલાં ફલમાં અરિષ્ટ હોય છે ॥૧૦૫॥

હવે બે કાવ્યથી દ્યુતદ્વાર કહે છે.

દ્યુતેનાર્થયશઃ કુલક્રમકલા-
સૌદર્યં તેજઃ સુહૃત્-
સાધૂપાસનધર્મચિંતનગુણા
નશ્યંતિ સંતોઽપિ હિ ।
યદ્વત્પાંડુસુતેષુ તચ્ચ્યુતસુધી-
ર્વાદિત્યભાવર્જિતે,
વિશ્વે કિં તમસા સ્ફુટં ઘટપટ-
સ્તંભાદિ વા લક્ષ્યતે ।૧૦૬।

દ્યુત રમવાને લીધેજ દ્રવ્ય, યશ, કુલા-
ચારકલા, સૌંદર્ય, તેજ, સુમિત્ર, ગુરૂપાસના
અને ધર્મચિંતા વિગેરે વિદ્યમાન એવા પણ

ગુણો નાશ પામે છે. જૂઓ; દ્યુતથીજ બુદ્ધિ ભ્રષ્ટ થઇ જવાને લીધે પાંડવોના પણ ગુણો નાશ પામ્યા હતા. દૃષ્ટાંત કહે છે કે સૂર્યની કાંતિ રહિત એવા આ વિશ્વને વિષે અંધકારને લીધે ઘટ, પટ, સ્થંભ વિગેરે શું સ્પષ્ટ દેખાય છે ખરા? ॥૧૦૬॥

(વસંતતિલકાવૃત્તમ્)

દ્યુતં ન કિં ત્યજત કિં દહત સ્વગેહં,
છાગં ચ મૂત્રયસિ કિં વદને સ્વકીયે ॥
તત્તાદશી પ્રિયતમાસહિતો નલો.ऽપિ,
જાનીત રોર ઇવ રાજ્યસુખાન્નિરસ્તઃ
॥૧૦૭॥

હે પ્રાણીયો! તમે દ્યુત કેમ ત્યજતા નથી? પોતાના ઘરને શા માટે બાળો છો? અને પોતાના મુખમાં બકરાને શા માટે

મૂતરાવો છો? કારણ તમે જાણો છો કે, એ ઘુતને લીધેજ નલરાજા તેવા પ્રકારની પોતાની પ્રિયા દમયંતી સહિત રાજ્યથી ભ્રષ્ટ થઈ દરિદ્રી સરખો થયો ।૧૦૭।

હવે બે કાવ્યથી માંસદ્વાર કહે છે.

માંસાશનાન્નરક એવ તતઃ સ દેવ-
સ્તલ્લોલુપં હરિનૃપં કૃતવાન્ સરોષઃ ।।
કિં પાકપેશલતરાશનદત્તતૃષ્ણે,
કિંપાકભોજિનિ મૃતેરપિ સંશયોઽસ્તિ
।।૧૦૮।।

માંસ ભક્ષણ કરવાથી નરક જ મલે છે? અને તેટલાજ માટે પૂર્વના વૈરને લીધે રોષ-યુક્ત એવા દેવતાએ હરિ નૃપતિને તે માંસમાં લોલુપ કર્યો હતો. દષ્ટાંત કહે છે

કે, પકવપણાથી મનોહર ભક્ષ્ય વસ્તુને વિષે અતિ લાલચુ બનેલા એવા કિંપાકફલનું ભોજન કરનારાને વિષે શું મરણનો સંશય રહે છે? અર્થાત્ નથી રહેતો ॥૧૦૮॥

**સ્નેહો દયાપિ હૃદિ કામિષલોલુપાનાં,**
**કિં ચિલ્લણાપિ પતિમાંસ-**
**દલાનિ નેચ્છત્ ॥**
**નાશ્નાતિ કિં નિજકુટુંબમપિ દ્વિજિહ્વી,**
**સ્થાનં સ્વમન્યદપિ હી દહતીહ**
**નાગ્નિઃ ॥૧૦૯॥**

માંસને વિષે લોલુપ એવા પ્રાણીઓના હૃદયને વિષે સ્નેહ કે દયા કયાંથી? શું ચિલ્લણાએ પણ પોતાના પતિના માંસની ઇચ્છા નહોતી કરી? દષ્ટાંત કહે છે કે, સાપણ

શું પોતાના કુટુંબને નથી ભક્ષણ કરતી? અથવા તો અગ્નિ શું પોતાના અને પરના સ્થાનને નથી બાળતો? અર્થાત્ સાપણ પોતાના કુટુંબને ભક્ષણ કરે છે અને અગ્નિ પોતાના તથા પરના સ્થાનને બાળે છે ।૧૦૯।

હવે બે કાવ્યથી મદ્યદ્વાર કહે છે.

**નાકૃત્યકૃત્યવિદલં મધુપાતમત્તો-**
**ભૂતાભિભૂત ઇવ શૂન્યમનોવચોંગઃ ॥**
**કિં દેવકીપરિણુયે મદપારવશ્યા-**
**ન્નાશ્લેષિ જીવયશસાપ્યતિમુક્તકર્ષિઃ**
**॥૧૧૦॥**

મદ્યપાનથી મત્ત થયેલો પુરુષ મન, વચન અને કાયાવાલો છતાં શૂન્ય થઇ જાણે ભૂત પ્રેતાદિકથી પરાભવ પામ્યો હોય નહિ! તેમ કૃત્ય અકૃત્યને જાણતો નથી. દૃષ્ટાંત કહે છે

કે, દેવકીના વિવાહપ્રસંગે મદ્યપાનથી પરવશ થયેલી જીવયશાએ શું અતિમુક્ત મુનિને આલિંગન નહોતા કર્યા ॥૧૧૦॥

(માલિનીવૃત્તમ્)

**મધુ મધુરવચોભિઃ પ્રેયસીપ્રેરિતો યઃ,**
**પિબતિ નિજકુલોત્થાં ચારુચિંતાં**
**વિમુચ્ય ॥**
**વરરુચિવદિહાપિ પ્રેક્ષતે દુર્ગતિં સઃ,**
**ક્વ ચ તનુદઢતા સ્યાદ્દ્ભોગિભુક્તા-**
**જયભોગૈઃ ॥૧૧૧॥**

મધુર વચનોએ કરીને પ્રિયાએ પ્રેરેલો જે પુરુષ પોતાના કુલાચારની ઉત્તમ ચિંતાને ત્યજી દઇને મદ્યપાન કરે છે તે પુરૂષ, વર- રુચિની પેઠે આ લોકમાં પણ દુર્ગતિને જૂએ

છે. દષ્ટાંત કહે છે કે, સર્પે ઓટેલા એવા ઘીને ખાવાથી શરીરની દઢતા કયાંથી થાય ? ॥૧૧૧॥

હવે બે કાવ્યથી વેશ્યાદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

વેશ્યા વિશ્વકલત્રમત્ર તદહો
પાનીયશાલાજલે,
યદ્વત્કાંદવિકાશને ચ શુચિતા
કા પ્રાયશસ્તાદશી ॥
તસ્માત્સા કૃતપુણ્યવત્ કૃતકમુ-
ચ્છોકોદયા કિં પ્રિયા,
પૂર્ણેંદ્વલં વિશદા સ્વભાવકલુષા
દોષાપિ નેંદૌ કૃશે ॥

વેશ્યા સકલ વિશ્વની સ્ત્રી છે તો પરબના જલ સમાન અને કંદોઇના ભોજન સમાન એ વેશ્યામાં પ્રાયે પવિત્રતાં ક્યાંથીજ હોય? તો જેણે બહુ ધન આપ્યા છતાં કૃતપુણ્ય શેઠને પ્રથમ હર્ષ અને પાછલથી શોક ઉત્પન્ન કર્યો હતો એવી તે વેશ્યા પ્રિય કેમ હોય? દૃષ્ટાંત કહે છે કે, ચંદ્રમા પૂર્ણકલાવાલો હોય અથવા તો ઓછો કલાવાલો હોય તો પણ સ્વભાવથીજ મલીન એવી રાત્રી શું અત્યંત નિર્મલ થાય ખરી? અર્થાત્ નજ થાય ॥૧૧૨॥

(માલિનીવૃત્તમ્.)

ક્વ લઘુનિ ગણિકાનાં હૃદ્યનેકે ગવાક્ષા
દધતિ યદનુવેલં તા રસં નવ્યનવ્યમ્।

તદજનિ હૃતવૃત્તઃ કૂલવાલોઽપિ તાભિ-
ર્ગલતિ હિમગિરિર્વા ભાનુભાભિ-
ર્દઢાભિઃ ॥૧૧૩॥

વેશ્યાઓના હલકા હૃદયને વિષે અનેક છિદ્રો ક્યાંથી થયા ? કારણ કે, તે દરેક વખતે નવનવા રસને ધારણ કરે છે. એવી વેશ્યાઓથીજ માસક્ષમણાદિ મહાતપ કરનારા કુલવાલક મુનિ વ્રતભ્રષ્ટ થયા. દષ્ટાંત કહે છે કે, સૂર્યની તીક્ષ્ણ કાંતિથી હિમાચલ પર્વત પણ ગલે છે. અર્થાત્ વેશ્યાના હાવભાવથી મોહ પામેલો પુરુષ કૃત્ય અને અકૃત્યને જાણતો નથી ॥૧૧૩॥

હવે બે કાવ્યથી પાપર્દ્ધિદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

વ્યાધો નાન્યહિતાય સત્યમસકૃ-
દ્વિશ્વસ્તજંતૂંસ્તુદન્,
ન સ્વસ્મિન્નપિ તુષ્ટયે ચ્યુતશર
ક્રોડાદિતોંતં વ્રજન્ ॥
મૃત્યા દુર્ગતિમાપ્તવાંશ્ચ મૃગયા
લોકદ્ધયાર્ત્યૈ તતો,
ગાંગેયેન સ શાંતનુક્ષિતિપતિ-
સ્તસ્યા નિષિદ્ધસ્તતઃ ॥૧૧૪॥

એ સત્ય છે કે, વિશ્વાસ પમાડેલા પ્રાણીઓને વારંવાર મારી નાખતો એવો પારધી અન્યના હિતને અર્થે નથી; એટલુંજ નહિ પણ બાણના પ્રહારથી બચી ગયેલા સૂવરાદિ પ્રાણીઓથી મૃત્યુ પામતો તે

પારધી પોતે પોતાની તુષ્ટિને અર્થે પણ થતો નથી. કારણ કે, મૃત્યુ થવાથી તે પોતે પણ દુર્ગતિને પામે છે. આ પ્રમાણે મૃગયા બન્ને લોકને વિષે દુઃખ આપનારી છે; તેટલાજ માટે ગાંગેયે શાંતનું રાજાને એ મૃગયાથી નિવાર્યો હતો ॥૧૧૪॥

પાપર્દ્ધૌ તનુમદ્વધોજ્ઝિતઘૃણઃ
પુત્રેઽપિ દુષ્ટાશય-
શ્ચંડઃ ખાંડવપાવકાદપિ સુધા
કંકું ન હન્યાજ્જડઃ ॥
કિં બાણેન જરાસુતો વનગતો
વિવ્યાધ નો બાંધવં,
પ્રાવોચ્ચૈર્મુનિઘાતપાતકભરં
કિં નાજરાજાંગજઃ ॥૧૧૫॥

મૃગયાને વિષે જીવોનો વધ કરવામાં નિર્દય અને ખાંડવનને બાળી નાખનારા અગ્નિ થકી ક્રુર એવો જડ પુરુષ પુત્રને વિષે પણ દુષ્ટ પરિણામવાળો છતો કયા કયા જીવોને નથી હણતો ? દ્દષ્ટાંત કહે છે કે, વનમાં ગયેલા એવા પણ જરાસુતે પોતાના બાંધવ એવા કૃષ્ણને શું બાણવડે નથી હણ્યા ? અથવા તો દશરથ રાજા મુનિ હત્યાના મ્હોટા પાપને શું નથી પામ્યા ? અર્થાત્ પામ્યા છે ॥૧૧૫॥

હવે બે કાવ્યથી ચૌર્યદ્વાર કહે છે.

ચૌરો દુઃખમુપૈતિ નારકસમં
સત્યોઽપિ તત્સંનિધેઃ,
શુષ્કે પ્રજ્વલિતે હિ સાર્દ્રમપિ કિં
નો વહ્નિના દહ્યતે ॥

**સંઘોલ્લુંટનસજ્જદગ્ધચરટ-**
**ગ્રામેઽગ્નિતપ્તપ્રજા-**
**મધ્યોત્પત્તિભવે સમં સગરજૈઃ**
**કિં કિં ન લેભે તદા ॥૧૧૬॥**

ચોર પુરુષ નરક સમાન દુઃખ પામે છે એટલુંજ નહીં પરંતુ તેની પાસે રહેનારો અચોર પણ દુઃખ પામે છે. જૂઓ, અગ્નિથી સૂકું બળે છતે તેની સાથે લીલું પણ શું નથી બળતું ? દૃષ્ટાંત કહે છે કે, અષ્ટાપદ પર્વતના ફરતી ખાઇ કરવાને અવસરે સંઘને લુંટવા તૈયાર થવાને લીધેજ પૂર્વભવે બાળી મૂકેલા ચરટ નામના ગામને વિષે અગ્નિથી તપ્ત થયેલી પ્રજાની મધ્યે ઉત્પત્તિવાલા ભવને વિષે સગર ચક્રવર્તીના પુત્રો શું શું દુઃખ નથી પામ્યા ? ॥૧૧૬॥

ચૌર્યં સ્વેન ચ વર્ણકે ન ચ કૃતં
મૂઢા દુરંતં ભવે-
દ્રાજ્ઞામંડિકશાલકોઽપિ ન હતઃ
કિં મૂલદેવેન સઃ ॥
કિં ચૈતત્ત્રિજગત્પ્રિયોઽપિ મદન-
સ્તચ્ચિત્તચૌર્યોદ્યતઃ,
શાપં પ્રાપ ન કિં પ્રજાપતિગિરા
દાહં ચ રૌદ્રાગ્નિના ॥૧૧૭॥

હે મૂઢ પુરુષો ! પોતે અથવા પોતાની જાતિના પુરુષે કરેલી ચોરી અંતે દુઃખદાયક થાય છે. જૂઓ, મૂલદેવ રાજાએ પોતાના શાળા મંડિકને પણ ચોરી કરવાના વાંકથી શું નથી હણ્યો ? દૃષ્ટાંત કહે છે કે, આ ત્રણે જગત્‌ને પ્રિય એવો કામદેવ પણ બ્રહ્મા અને શંકરનું ચિત્ત ચોરવાને ઉદ્યમ-

વંત થયો છતો શું બ્રહ્માથી શ્રાપને નથી પામ્યો? અને શંકરના ત્રીજાં નેત્રના અગ્નિથી દહન નથી થયો? ॥૧૧૭॥

હવે બે કાવ્યથી પરસ્ત્રીદ્વાર કહે છે.

પુણ્યાપુણ્યચયેન બુદ્ધિરમલા
સ્યાત્ કશ્મલાખ્યાંગિનાં,
વાતેનેવ યુગંધરી સદસતા
મુક્તાફલાંગારભા ॥
લંકેશો નલકૂબરપ્રિયતમાં
નામ્નોપરંભાં રતા-
મત્યાક્ષીદરતાં ચ રામવનિતાં
સીતાં જહારાશુ યત્ ॥૧૧૮॥

પુણ્યના સંચયથી પ્રાણીની બુદ્ધિ નિર્મળ થાય છે અને પાપના સંચયથી મલીન થાય

છે. જૂઓ કે, યુગંધરી-જાર સારા વાયુએ કરીને મુક્તાફળ સરખી કાંતિવાલી થાય છે અને નઠારા વાયુથી અંગારાના સરખી કાંતિ-વાલી થાય છે. દષ્ટાંત કહે છે કે, રાવણે પોતાને વિષે આસકત એવી નળકુબરની પ્રિયાને ધર્મના ઉદયથી ત્યજી દીધી અને રકત નહિ એવી સીતાને પાપના ઉદયથી શીઘ્ર હરણ કરી. ॥૧૧૮॥

(વસંતતિલકાવૃત્તમ્)

મૂઢ: પરસ્ત્રિયમુપેત્ય કુવાક્યબંધ-
ઘાતાપકીર્તિમૃતિદુર્ગતિદુ:ખપાત્રમ્ ॥
સ્યાદ્બ્રહ્મદારચુલ્લનીરતદીર્ઘવત્કિં,
લક્ષ્મક્ષયાદિ ન વિધોગુરુતલ્પગસ્ય ।૧૧૯।

મૂર્ખ માણસ પરસ્ત્રી ગમનથી બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી ચુલનીને વિષે આસક્ત એવા

દીર્ઘ પ્રધાનની પેઠે, કુવાકય, બંધ, ઘાત, અપકીર્તિ મૃત્યુ, દુર્ગતિ આદિ દુઃખોનું પાત્ર થાય છે. દષ્ટાંત કહે છે કે, બૃહસ્પતિની સ્ત્રી સાથે વ્યભિચાર કરનારા ચંદ્રને શું કલાના ક્ષય રુપ કલંક અને ક્ષય રોગ વિગેરે નથી થયું ? ॥૧૧૯॥

હવે બે કાવ્યથી કષાયદ્વાર કહે છે.

(પૃથ્વીવૃત્તમ્)

સુભૂમજમદગ્નિજપ્રતિમપુંદ્રુમાઘર્ષજે,
કષાયદવપાવકે વિષયવાત્યયાદીપિતે ॥
મહદ્ગુણવનં દહત્યહહ પુણ્યકલ્પદ્રુમ-
સ્તતોઽસ્તિ યદિ દૈવત: શમઘના-
ઘનો વર્ષતિ ॥૧૨૦॥

આઠમા સુભૂમ ચક્રવર્તી તથા પરશુરામ

જેવા પુરુષ રૂપ વૃક્ષોના ઘસારાથી ઉત્પન્ન થયેલા અને પંચ વિષય રૂપી વાયુએ પ્રદીપ્ત કરેલા એવા કષાય રુપી દવાગ્નિને વિષે મહા ગુણ રૂપી વન બળી જાય છે, તે વખતે જો દૈવયોગે શમતા રૂપ મેઘ વરસે તો પુણ્યરૂપ કલ્પવૃક્ષ ત્યાં રહે ॥૧૨૦॥

**જીવાઃ કુષાયવિવિશા ન વિચારયંતિ,**
**ચાણાકયવત્કિમપિ કૃત્યમકૃત્યમત્ર ॥**
**કલ્પાંતવાતવિતતિક્ષુભિતસ્ય પૂર્ણ-**
**રોદોંતરસ્ય જલધેર્નનુ કો વિવેકઃ ॥૧૨૧॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયથી વિહ્વલ થયેલા જીવો ચાણકયની પેઠે કૃત્ય અથવા અકૃત્યને જાણતા નથી. દષ્ટાંત કહે છે કે, કલ્પાંતકાલના પવનના

સમૂહથી ક્ષોભ પામેલા અને પૃથ્વી તથા આકાશના અંતરને પૂર્ણ કરનારા સમુદ્રને શું વિવેક હોય ખરો ? અર્થાત ન હોય ૧૨૧

હવે એ કાવ્યથી ક્રોધદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

મિષ્ટાન્નં ભુંક્ષ્વ હૃદ્યં પિબ જલમપિ
તાન્ ષડ્રસાન્ મા ચ રુંધ્ધિ,
કાયક્લેશં ત્યજાંગં વિમલય સુકર:
ક્રૂરકુંભર્ષિણોક્ત: ।।
મોક્ષોપાયોઽસ્તિ કોપં જય ભજશિવજં
શર્મ સાધો નિબોધ,
દ્રાક્ષેક્ષુક્ષીરખંડપ્રભૃતિરસવલા-
ત્સંનિપાતેઽપ્યદુષ્ટમ્ ।।૧૨૨।।

હે સાધુ ! મનોહર એવા મિષ્ટાંનનું

ભોજન કર, જલપાન કર. છ પ્રકારનો રસનો અનુભવ લે, કાયક્લેશનો ત્યાગ કર, અંગ નિર્મલ કર. પરંતુ કુરકુંભ મુનિએ મોક્ષનો સહેલો ઉપાય બતાવ્યો છે તે એ જાણજે કે, ફક્ત ક્રોધનો પરાજય કર એટલે મોક્ષ-સુખ પ્રાપ્ત થયું. દૃષ્ટાંત કહે છે કે, દ્રાખ, શેરડીનો રસ, દુધ અને સાકર એ સર્વ રસ-બળને લીધે એકઠું થાય તો પણ ખરાબ થતું નથી ॥૧૨૨॥

(માનિનીવૃત્તમ્)

યદિ શિવગતિરિષ્ટા સાર્યમેતાર્યવત્ત-
જજય રુષમુપસર્ગેઽપીપ્સિતા
દુર્ગતિશ્ચેત્ ॥
કુરડકુરડવત્તક્રોધમુચ્ચૈર્વિધેહિ,
સુરતરુકનકવદ્રોચેર્ચાં મતસ્તં ભજસ્વ ૧૨૩

જો તું મોક્ષગતિને ઇચ્છતો હોય તો મેતાર્ય મુનિની પેઠે ઉપસર્ગને વિષે પણ ક્રોધનો પરાજય કર, જો દુર્ગતિને ઇચ્છતો હોય તો કરડકુરડ મુનિની પેઠે અતિશય ક્રોધ કર. એક કલ્પવૃક્ષ છે અને બીજું ધંતુરાનું ઝાડ છે તે બન્નેમાંથી જે તને ગમે તેનો સ્વીકાર કર ॥૧૨૩॥

હવે બે કાવ્યથી માનદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

**માની તપઃશ્રુતશમવ્રતધર્મહીનઃ,**
**સ્યાન્નંદિષણ ઇવ પણ્યવધૂપહાસે ॥**
**કિં તારકઃ ક્રમલભૂવરદુર્દ્ધરોડપિ,**
**નાકારિ શંભુશિશુના હૃતસર્વગર્વઃ ૧૨૪**

જેમ વેશ્યાએ કરેલા ઉપહાસને લીધે નંદિષેણ મુનિ તપ શ્રુતાદિકથી ભ્રષ્ટ થયા

તેમ અભિમાની માણસ તપ, શ્રુત, શમ, વ્રત અને ધર્મરહિત થાય છે. દૃષ્ટાંત કહે છે કે, બ્રહ્માના વરદાનથી દુર્જય એવા તારકાસુરને શું શંભુપુત્ર કાર્તિકસ્વામીયે ગર્વરહિત નથી કર્યો? ॥૧૨૪॥

**સ્વસ્યાપરસ્ય ચ બલાન્યવિચિંત્યમાનઃ,**
**શક્રાભ્યમિત્રચમરેંદ્રવદાપદે સ્યાત ॥**
**શુક્રઃ કદાચિદિહ ચેત્તનુતે પ્રકાશ-**
**લેશં તતઃ સ્થગયતીંદુમહો મહત્કિમ્**

પોતાના અને પરના બળનો વિચાર નહિ કરનારો માણસ શક્રેંદ્રની સામા યુદ્ધ કરવા ગયેલા શત્રુ ચમરેંદ્રની પેઠે દુઃખી થાય છે. દૃષ્ટાંત કહે છે કે, શુક્રનો તારો આ લોકમાં કંઇ પ્રકાશ કરે, તો તેથી તે શું ચંદ્રના મ્હોટા તેજને ઢાંકી શકે ખરો? ॥૧૨૫॥

હવે બે કાવ્યથી માયાદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

માયાદુર્ગતિકૃદ્ભવેત્ પરભવે
ક્લેશાય વાસ્મિન્ પુનઃ
શ્રીવીરેણ સુરોઽપિ કૈતવસખા
કુબ્જિકૃતો મુષ્ટિના ।
કિં કર્ણસ્ય ન નિષ્ફલાયુધિ કલા
વિપ્રચ્છલાત્તાઽભવત્ ।
કિં શ્રીશો ન જગામ વામનતનુ-
દૈન્યં બલેર્બન્ધનમ્ ॥૧૨૬॥

માયા આ ભવને વિષે દુઃખદાયી અને પરભવને વિષે નરકગતિ આપનારી છે. કપટથી મિત્ર થયેલા દેવતાને પણ શ્રી વીરપ્રભુએ મુષ્ટિથી કુબ્જ કરી નાખ્યો હતો.

દૃષ્ટાંત કહે છે કે, પરશુરામ પાસેથી બ્રાહ્મણનું છલ કરીને અભ્યાસ કરેલી, કરણની કલા શું યુદ્ધને વિષે નિષ્ફળ નથી થઇ? અથવા તો વામનરૂપ ધારણ કરનારા શ્રીવિષ્ણુ બલિનાં બંધનને અને યાચકપણાને નથી પામ્યા?

(સ્રગ્ધરાવૃત્તમ્)

સર્વેઽપ્યેતે કષાયાઃ શઠસબલભૃતઃ
કિં તુ તીવ્રૈવ માયા,
જિત્વા યાઽઽષાઢભૂતિં નટમિવ નટયા-
માસ ગૌરીવ રુદ્રમ્ ॥
સ્રીત્વં સ્રીલિંગભાવાદિહ નૃષુ ન દદૌ
મલ્લિમુખ્યેષુ યા કિં,
સત્યં દુર્દંતદૈત્યં કપટસુરમણી-
રૂપવિષ્ણુર્જઘાન ॥૧૨૭॥

આ સર્વે કષાયો સમાન બળવાળા છે, પરંતુ તેમાં માયા સર્વથી ભયંકર છે. કારણ કે, જેમ પાર્વતીએ શિવને નચાવ્યા તે પ્રમાણે તે માયાએ આષાડભૂતિને જીતીને નટની પેઠે નચાવ્યા છે. વળી જે માયાએ પોતે સ્ત્રીજાતિ હોવાથી આ લોકમાં મલ્લિનાથ આદિને પણ શું સ્ત્રીપણું નથી આપ્યું ? એ સત્યજ છે કે, કપટથી સુંદર સ્ત્રીનું રૂપ લઇને વિષ્ણુએ દુર્દાંત એવા દૈત્યને હણ્યો છે ॥૧૨૭॥

હવે બે કાવ્યથી લોભદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

લોભી તૃપ્યતિ નો ધનૈરપિ ધનૈ-
રિચ્છન્નવં સ્વં નવા-

દપ્યાદ્ય: પિતૃકલ્પિતાનુજપદં
કિં વાર્ષભિર્નાચ્છિદત્ ॥
અશ્રાંતં સરિતાં શતૈપિ ભૃતઃ
કિં વાંબુધિઃ પૂર્યતે.
કિં વા શામ્યતિ કાષ્ટકોટિભિરપિ
જ્વાલાકરાલોડનલઃ ।૧૨૮।

નવા નવા દ્રવ્યની ઇચ્છા કરતો એવો લોભી પુરુષ બહુ દ્રવ્યથી પણ તૃપ્તિ પામતો નથી. પિતાએ આપેલા ન્હાનાભાઇ બાહુબલિ વિગેરેના રાજ્યને શું ભરત ચક્રવતીએ નથી છિનાવી લીધાં? દષ્ટાંત કહે છે કે, નિરંતર સેંકડો નદીઓથી પૂરાતો એવો પણ સમુદ્ર શું પૂર્ણ થાય છે? અથવા તો કોટીબંધ લાકડાં નાખવાથી પણ જવાલાથી વિકરાલ એવો અગ્નિ શું શાંત થાય છે? ॥૧૨૮॥

(સ્રગ્ધરાવૃત્તમ્)

ચિત્તાવન્યાં જનનાં કપિલસમધિયાં
વિત્તલેશાપ્તિમૂલઃ,
પ્રત્યાશાવારિસિક્તો ધનિવિવિધધન-
પ્રાર્થનાભોગવલ્ગુઃ ।।
ભૂપેંદ્રત્વાદિસંપન્મતિકુસુમતતિ-
ર્ભોગચિંતાફલર્દ્ધિ-
ર્લોભો ધૃત્યાશ્રવંત્યા વ્રજતુ કલિતરુ-
ર્વન્તુરપ્યર્તિહેતુઃ ।।૧૨૯।।

કપિલ સમાન બુદ્ધિવાલા માણસોનાં હૃદયરૂપ પૃથ્વીને વિષે દ્રવ્યના લેશની પ્રાપ્તિ રૂપ મૂલ છે જેનું એવું, આશારૂપ જળથી સિંચિંત થયેલું. ધનવંતોની વિવિધ પ્રાર્થના રૂપ જે થડ તેણે કરીને મનોહર, નૃપ અને ઇંદ્રાદિકની સંપત્તિ રૂપ પુષ્પની પંક્તિવાલું,

ભોગની ચિંતા રૂપ ફલસમૃદ્ધિવાલું, અને વાવનારને પણ પીડાનું કારણ એવું જે લોભરૂપ ક્લેશવૃક્ષ તે સંતોષ રૂપ નદીથી તણાઇ જાઓ. ૧૨૯

અહિંથી સુકૃતના દિવસને વિષે સત્કર્મના વીશ દ્વાર કહે છે.

હવે બે કાવ્યથી વર્ષાક્ષમાશ્રમણદ્વાર કહે છે.

સ્વર્મૂર્મેર્માતૃગર્ભેઽગમદુદયમહો
યઃ સુરૈર્મેરુશૈલે,
સિક્તસ્તાતાલયેઽગાદુપચયમનિશં
છાયયા કાંતવિશ્વઃ ।
પાદોપાંતે ચ નમ્રત્રિભુવનજનતાસ્વી-
કૃતોચ્ચૈર્ફલર્દ્ધિઃ,
શ્રીવીરો વોઽસ્તુ ચિંતાધિકતરવરદઃ
૧૦ કલ્પશાખી નવીનઃ ॥૧૩૦॥

જે સ્વર્ગથી આવીને માતાના ગર્ભને વિષે વૃદ્ધિ પામેલ છે; જેમને દેવતાઓએ મેરૂપર્વત ઉપર અભિષેક કરેલો છે; જેમનાં તેજથી ત્રણ લોક વ્યાપ્ત થઇ રહ્યાં છે; જે પિતાને ઘેર નિરંતર વૃદ્ધિ પામ્યા છે; જેમણે પોતાના ચરણની પાસે નમન કરતા ત્રણ લોકનાં પ્રાણીના સમૂહને માટે ઉંચી ફલ સમૃદ્ધિ મેળવી છે તે શ્રી વીરપ્રભુ રૂપ નવીન કલ્પવૃક્ષ અમને ઇચ્છાથી અધિક વર આપનારા થાઓ. ॥૧૩૦॥

સ્યુર્દ્વાત્રિંશત્સહસ્રા ભરતજનપદાઃ
સાર્દ્ધપંચાશ્રવિશા-
ત્યાર્યેષ્વાર્હત્પ્રબોધઃ સુગુરુભિરધુના
પંચષેષ્વસ્તિ ધર્મઃ ॥

સત્ક્ષેત્રં તત્ર ચાલ્પં લવણભુવિ યથા
પલ્લવે ગ્રીષ્મતુચ્છે,
પદ્મં હંસસ્ય તુષ્ટ્યૈ તદિહ બહુગુણે
સચ્ચતુર્માસકં નઃ ॥૧૩૧॥

આ ભરતક્ષેત્રના સર્વ મલી બત્રીશ હજાર દેશો છે, તેમાં સાડી પચ્ચીસ હજાર આર્યદેશોમાં અરિહંતનો પ્રતિબોધ છે. તેની અંદર પાંચ છ દેશોને વિષેજ હાલમાં સુવિહિત ગુરૂઓ ધર્મશ્રવણ કરાવે છે. તે પાંચ છ દેશોની અંદર પણ, ખારી ભૂમિમાં ઉનાલાને લીધે થોડા જલવાળા બની ગયેલા તલાવને વિષે કમલની પેઠે સત્ક્ષેત્ર (પ્રધાન ગામ નગરાદિક) બહુ થોડું છે. માટે આ બહુ ગુણવાળા ક્ષેત્રને વિષે પ્રધાન એવું ચોમાસું અમારા જીવની તુષ્ટિને માટે થાઓ.

હવે બે કાવ્યથી પ્રાઘુર્ણકવંદનદ્વાર કહે છે.

(આર્યાવૃત્તમ્.)

યન્નશ્ચિરં વિહારાજ્જિનનતિપુણ્યં તદાશુ
વોઽત્રાભૂત્ ।।
કર્ષુકશાલેર્યત્નાદ્વર્દ્ધકિશાલેર્દ્રુતં તુ
ફલમ્ ।।૧૩૨।।

હે ભવ્યજનો! પૃથ્વી ઉપર વિહાર કરતા જિનેશ્વરને નમસ્કાર કરવાથી જે પુણ્ય અમે બહુકાલે મેળવ્યું તે પુણ્ય તમે (સાધુઓને વંદન કરતા) શીઘ્ર મેળવ્યું. દૃષ્ટાંત કહે છે કે, ખેતીકારના ધાન્યનું ફલ વાવવું વિગેરે કરવાથી બહુકાલે મલે છે અને વર્દ્ધકી રત્નના ધાન્યનું ફલ તુરત મલે છે. ।।૧૩૨।।

કૃતકર્મ ક્ષર્મમર્મચ્છિદે ભવેદ્ભાવતો-
ઽન્યથા શ્રાંત્યૈ ।।

પુણ્યાધિકનિઃપુણ્યકકૃતકામદમંત્ર-
સાધનવત્ ॥૧૩૩॥

જેમ પુણ્યવંત પુરૂષે ભાવથી કરેલું ઇચ્છાપુરક મંત્રનું સાધન દારિદ્રનો નાશ કરનારૂં થાય છે અને અપુણ્યવંત પુરૂષે ભાવ વિના કરેલું ઇચ્છાપુરક મંત્રનું સાધન શ્રમને માટે થાય છે તેમ ભાવથી કરેલું વંદનાદિક કર્મ આઠ પ્રકારના કર્મના મર્મને છેદનારૂં થાય છે અને ભાવ વિના કરેલું વંદનાદિ કર્મ કેવલ શ્રમને માટે થાય છે. ॥૧૩૩॥

(હવે બે કાવ્યથી આષાઢચતુર્માસદ્વાર કહે છે.)

(સાર્દ્દૂલવિક્રીડિતવૃત્તમ્.)

રાજા વિશ્વહિતો જિનો નયપરા
વ્યાપારિણઃ શ્રાવકાઃ,

સ્થાને સર્વગુણોજ્વલેઽત્ર શમિનઃ
કૌટુંબિકાસ્તે વયમ્ ॥
જૈનાજ્ઞાગુણપત્રદત્તવિધિના વર્ષાસુ
તેન સ્થિતા,
જ્ઞાનક્ષેત્રમુપાસ્મહે બહુમિથઃ સ્યાદ્યેન
પુણ્યં ધનમ્ ૧૩૪

આ સર્વ ગુણથી ઉજ્વલ એવા ક્ષેત્રને વિષે વિશ્વને હિતકારી એવા જિનેશ્વરરૂપ રાજા, ન્યાયમાં તત્પર એવા શ્રાવકોરૂપ મંત્રી વિગેરે અને ઉપશમ ધારી એવા અમે ખેડુત લોકો (રાજપુરૂષો) છીએ, એજ કારણથી જિનાજ્ઞા ગુણરૂપ પત્રમાં કહેલી આધરરૂપ વિધિએ કરી વર્ષાકાલને વિષે અમે પરસ્પર જ્ઞાનરૂપ ખેતરને ખેડીયે છીએ

કે જેથી પુણ્યરૂપ પુષ્કલ દ્રવ્ય પ્રાપ્ત થાય ॥ ૧૩૪ ॥

ફુલ્લક્રોધવિષદ્રુમં બહુરજો
માનપ્રચંડાનિલં,
માયોઘ-મૃગતૃષ્ણિકં પરિલસ-
લ્લોભાબ્ધિમાપન્નિધિમ્ ॥
ભિંદન્મોહનિદાઘકાલમભિતઃ સદ્ધ્યાન-
વૃષ્ટ્યા ભવ-
ભ્રાંતિશ્રાંતિભિદેઽસ્તુ વો નવઘન-
શ્રીમચ્ચતુર્માસકમ્ ॥૧૩૫॥

પ્રફુલ્લિત થયાં છે ક્રોધરૂપી ધંતુરાના ઝાડો જેમાં, બહુ પાપરૂપ ઉડતી છે ધૂળ જેમાં, માનરૂપ પ્રચંડ પવનવાલા, માયારૂપ પ્રગટ થઇ છે. મૃગતૃષ્ણા

જેમાં, ઉચ્છળી રહ્યો છે લોભરૂપ સમુદ્ર જેમાં અને આપત્તિઓના ભંડાર એવા મોહરૂપ ઉનાળાના સમયને ઉત્તમ ધ્યાનરૂપ વૃષ્ટિથી ભેદી નાખતું એવું નવીન મેઘરૂપ આષાઢ ચોમાસું, તમારા સંસારમાં ભ્રમણ કરવારૂપ શ્રમને દૂર કરો ।।૧૩૫।।

હવે બે કાવ્યથી પારણકદ્વાર કહે છે.

(માલિનીવૃત્તમ્.)

પ્રતિદિનમપિદાનં પુણ્યસંપન્નિદાનં,
પુનરધિકફલં સ્યાત્પારણાહોત્તરાહે ।।
દિશતિ જલભૃદન્નં કૃતિકાદૌ સુવૃષ્ટઃ,
પુનરમલમનર્ઘ્યં મૌક્તિકં સ્વાતિયોગે
।।૧૩૬।।

નિરંતર આપેલું દાન ધર્મ લક્ષ્મીનું કારણ છે, પરંતુ ઉત્તર પારણાને દિવસે આપેલું દાન અધિક ફલવાળું હોય છે; દૃષ્ટાંત કહે છે કે, કૃતિકા નક્ષત્રને વિષે વરસેલો મેઘ શાલી વિગેરે ધાન્ય આપે છે; પરંતુ સ્વાતિ નક્ષત્રમાં વરસેલો મેઘ તો નિર્મલ એવાં અમૂલ્ય મુકતાફલ આપે છે ॥૧૩૬॥

જિતભવદકષાયઃ પાક્ષિકાદેર્દિનોઽગ્ર્યો,
વિતરણકરણૈઃ પ્રાક્પશ્ચિમાવપ્યુદારૌ ।
વિહિતભુવનમુક્તિઃ પાર્વણશ્ચંદ્ર એકઃ
તદિતરશશિનૌ કિં નો મુહુર્ત્તપ્રકાશૌ
॥૧૩૭॥

જીત્યો છે સંસારદાયક ક્રોધાદિ કષાય

જેણે એવો પખ્ખી (આઠમ અથવા ચૌદશ વિગેરે)નો દિવસ શ્રેષ્ઠ છે. વલી પારણાનો અને ઉત્તરપારણાનો દિવસ વિધિવિધાનના કરવા વડે કરીને (તે પખ્ખીનો પ્રથમનો અને પછીનો એમ બંને દિવસો) પણ ઉત્તમ ફલ આપનારા છે. દૃષ્ટાંત કહે છે કે, શું પર્વણિ–પુનમનો ચંદ્રમા એકજ ત્રણ લોકને હર્ષ કરનારો છે. તેના (પર્વણિના ચંદ્ર) વિના ફકત બે જ ઘડીના અપ્રકાશવાળો શુકલ ચોદશનો ચંદ્રમા અથવા તો કૃષ્ણ પડવાનો ચંદ્રમા એમ બંને ચંદ્રો ત્રણલોકને હર્ષ કરનારા થતા નથી કે શું ? અર્થાત્ તેઓ પણ હર્ષકારી થાય છે.

—

હવે બે કાવ્યથી વાખ્યાનારંભ દ્વાર કહે છે.

[શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્.]

વ્યાખ્યાનશ્રવણં સદૈવ હિ મુદે
પીયૂષપાનં યથા,
વર્ષાસ્વસ્ય પુનર્વિશેષમહિમા
યદ્વન્મયૂરધ્વનેઃ ।।
તદ્દભવ્યા ઈહ કુત્રિકાપણનિભે
પૂજ્યપ્રસાદોદયાત્,
દાનાદ્યં ગણિમાદિવસ્તુવદલં
ગૃહ્ણન્તુ પુણ્યવર્દ્ધયે ।।૧૩૮।।

જેવી રીતે અમૃતનું પાન હર્ષને માટે છે તેવી રીતે નિરંતર વ્યાખ્યાનનું સાંભળવું પણ નિશ્ચે હર્ષને માટે છે. વલી જેવી રીતે વર્ષા ઋતુમાં મયૂરનો શબ્દ વિશેષે આનંદ આપનારો છે તેવી રીતે

વર્ષાઋતુમાં વ્યાખ્યાનનું સાંભળવું પણ વિશેષ પ્રભાવવાળું છે; માટે હે ભવ્યજનો! તમે ક્રય વિક્રય કરવાના હાટ સમાન તે વ્યાખ્યાનને સાંભળવામાં દેવગુરુની પ્રસન્નતાથી ધર્મરૂપ સમૃદ્ધિને માટે દાન, તપ અને ભાવનાને સોપારીપ્રમુખ વસ્તુની પેઠે ખરીદ કરો ॥૧૩૮॥

વર્ષાંતર્બહુવર્દ્ધિનો નવરસો-
જ્જાડ્યક્રુધોર્વચ્છિદઃ,
શશ્વચ્છ્રીજિનસન્નિધરભિનવા-
દ્વ્યાખ્યાનરત્નાકરાત્ ॥
માદગ્વાગ્લહરીસ્ફુટં શમસુધા-
સમ્યક્ત્વચિંતામણિ-
શ્રેયઃસ્વસ્તરુમુખ્યરત્નનિવહં
ગૃણું ત્વનાયાસતઃ ॥૧૩૯॥

હે ભવ્યજનો ! વર્ષાકાલને વિષે શૃંગારાદિ નવ રસોથી બહુ વૃદ્ધિ પામતા, મૂર્ખાઇ અને ક્રોધ રૂપ વડવાનલને છેદન કરતા તેમજ જેની પાસે નિરંતર શ્રી જિનરાજ નિવાસ કરે છે એવા નવીન વ્યાખ્યાન રૂપ સમુદ્રથી મ્હારા સરખા પુરૂષોની વાણીવડે પ્રગટ થયેલાં (ઉપશમરૂપ અમૃત, સમકિત રૂપ ચિંતામણિ અને મોક્ષરૂપ કલ્પવૃક્ષ વિગેરે) રત્નના સમૂહોને તમે મથન કરવાના પ્રયાસ વિના જ ગ્રહણ કરો. આ કાવ્યને વિષે સમુદ્રને અભિનવ વિશેષણ આપ્યું છે; તેનું કારણ એ કે, જે બીજો સમુદ્ર છે તે વર્ષા ઋતુમાં બહુ વૃદ્ધિ પામતો નથી અને વડવાનલને છેદે છે તેમજ પોતે વડવાનલથી શોષાય છે અને વ્યાખ્યાનરૂપ

સમુદ્ર વર્ષા ઋતુમાં વૃદ્ધિ પામે છે, તથા ક્રોધ અને મૂર્ખાઇરૂપ વડવાનલને બૂઝવી નાખે છે. વલી આ બીજા સમુદ્ર પાસે લક્ષ્મીનારાયણ રૂપ જિનેશ્વર ફક્ત વર્ષા-ઋતુમાં રહે છે અને વ્યાખ્યાનરૂપ સમુદ્ર પાસે નિરંતર વસે છે. એજ હેતુ છે. ૧૩૯

હવે બે કાવ્યથી પુણ્યતિથીદ્વાર કહે છે.

હવે બે કાવ્યથી પુણ્યતિથિદ્વાર કહે છે.

[ અનુષ્ટુપ્વૃત્તમ્. ]

અષ્ટમી વ્યભિચારાય,
શ્રેયઃકર્મણિ કિં મયા ॥
તુલ્યઃ પક્ષદ્વયેઽપીંદુર્ધૃતઃ
પક્ષાંતરસ્થયા ॥૧૪૦॥

શુકલ અને કૃષ્ણ એવા બે પક્ષના મધ્ય ભાગને વિષે રહેલી એવી જે આઠમે ચંદ્રને

સરખી રીતે ધારણ કરાયો છે તે આઠમ શું પુણ્યના કાર્યનો નાશ કરવાનું કારણ થાય છે ? અર્થાત્ નથી થતી.

એકૈકાપિ હિ પુણ્યાય, ભૂતેષ્ટાપિ
તદંતિકે ॥
યોગે કિં ત્વબ્ધિવેલાયાં, ગંગાય-
મુનયોરિવ ॥૧૪૧॥

ગંગા અને જમુના એ બે નદીયોજ તીર્થ છે એટલુંજ નહિ પણ તે બે નદીયોના યોગથી જેમ સમુદ્રની વેલા તીર્થપણું પામે છે તેમ ફક્ત એક ચૌદશજ પૂણ્યને અર્થે નથી, પરંતુ તેની પાસે રહેલી પૂનમ અને અમાસ તે પણ પુણ્યને અર્થેજ છે ॥ ૧૪૧ ॥

હવે એક કાવ્યથી રક્ષાદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

અર્હચ્ચિંતામણિત્વં કનકકુસુમતાં
પંચ યદ્ભૂષણાનિ,
યસ્યાં સત્કંકણુત્વં દધતિ ચ સતતં
પંચ યલ્લક્ષણાનિ ॥
ધર્મઃ સિદ્ધાર્થસાર્થઃ સગુરુપદરજો
દોરકસ્તદ્ગુણાલી,
ધાયા સમ્યક્ત્વરક્ષા કુગતિભયભિદે
સદ્ગતિશ્રેયસે ચ ॥

હે ભવ્યલોકો! જેમાં અરિહંત પ્રભુ ચિંતામણિ રત્નપણાને, પાંચ આભૂષણો સુવર્ણનાં પુષ્પપણાને અને પાંચ લક્ષણો ઉત્તમ કંકણપણાને પામેલાં છે. વળી ધર્મ-

રૂપ સર્ષવનો ઢગલો, જેના ગુણોના સમૂહ-રૂપ ઉત્તમગુરૂના ચરણની રજ સહિત દોરો બનેલો છે, તે સમ્યક્ત્વની રક્ષા તમે કુગતિને દુર કરવા માટે તથા સદ્દગતિ રૂપ કલ્યાણને માટે ધારણ કરો. ॥૧૪૨॥

હવે એ કાવ્યથી પર્યૂષણદ્વાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્.)

કલ્પાખ્યાનકપંચદિવ્યનિહિત:
ક્લૃપ્તાભિષેકોત્સવો,
ભવ્યૈઃ પર્યુષણામહઃક્ષિતિપતિ-
ર્મિથ્યાત્વકોપાદિકમ્ ॥
કૃષ્ટ્વા પંચ કુલં જનેઽતિવિષમં
ભવ્યં નવં સ્થાપયન્,
સમ્યક્ત્વં શમમાર્દવાર્જવનિરી-
હત્વં શિવાયાસ્તુ વઃ ॥૧૪૩॥

હે ભવ્યજનો ! કલ્પસૂત્રના વ્યાખ્યાન-રૂપ પંચદિવ્ય-હસ્તિ વિગેરેથી રાજ્ય ઉપર સ્થાપન કરેલો અને ભવિકજનોએ કર્યો છે પટ્ટાભિષેક જેને એવો પર્યુષણપર્વોત્સવ રૂપ રાજા, લોકને વિષે અતિ વિષમ એવા મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા અને લોભરૂપ પંચકુલને દૂર કરી સમ્યક્ત્વ, ક્ષમા, કોમલ-પણું, સરલપણું, અને નિર્લોભીપણું એ રૂપ ઉત્તમ નવીન પંચકુલનું સ્થાપન કરતો છતો તમારા કલ્યાણને અર્થે થાઓ ॥૧૪૩॥

[ સ્રગ્ધરાવૃત્તમ્ ]

ચેતઃસ્થાલં વિશાલં કલમકણગણઃ
શ્રાવકાણાં ગુણાલી,
શમ્યક્ત્વં સદ્દુકુલત્રિતયમનુપમં
નાલિકેરં વિવેકઃ ॥

જૈનાજ્ઞા મૂર્ધ્નિ દૂર્વા મલયજઘુસૃણે
ભાવલોકાનુરાગો,
સત્કીર્ત્તિઃ પુણ્યવર્દ્ધાપનમિતિ
ભવતાદાંતરદ્વિડ્જયે વઃ ॥૧૪॥

જેમાં ચિત્તરૂપ મ્હોટું પાત્ર, શ્રાવકોના ગુણ સમૂહરૂપ ચોખાનો સમૂહ, સમ્યક્ત્વરૂપ ત્રણ રેશમી વસ્ત્ર, ધર્મારાધના વિવેકરૂપ ઉત્તમ નાલીયેર ઉપર જિનશાસનરૂપ દૂર્વા, ભાવરૂપ ચંદન, લોકના અનુરાગરૂપ કુંકુમ શોભી રહ્યાં છે એવું પર્યુષણપર્વના પુણ્યરૂપ વર્દ્ધાપન, કે જેનાથી ઉત્તમ કીર્તિ થાય છે તે તમારા અંતરના શત્રુને જીતનારું થાઓ ॥૧૪॥

હવે નવ કાવ્યથી અષ્ટાહ્નિકાદ્વાર કહે છે.

[ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ]

સૌખ્યં શાશ્વતમેક એવ હિ જિનઃ
કુર્યાન્તુ શેષૈઃ સુરૈઃ,
સ્યાચ્ચેદૈહિકમેવ કિંચન તતો
યદ્વા સવિત્રા યથા ।।
તદ્વત્કિં શશિદીપતારમણિભિર્વિંદ્ય-
પ્રકાશો ભવે
દેવં મંગલદીપકોચ્ચશિખયા
ચાષ્ટાહ્નિકા શંસતિ ।।૧૪૫।।

પહેલી અટ્ઠાઇ, મંગલ દીવાની ઉંચી શિખાથી એમ કહે છે કે, શાશ્વત સુખ તો ફક્ત એજ જિનરાજ જ આપી શકે છે અને કદાપિ બીજા દેવતા જો આપે તો તે ફક્ત આ લોકના અલ્પ સુખ આપે છે.

દૃષ્ટાંત કહે છે કે, સૂર્ય જેવો વિશ્વને પ્રકાશ કરે છે તેવો પ્રકાશ ચંદ્ર, દીવા, તારા અથવા તો મણિઓથી પણ શું થાય ખરો? અર્થાત્ ન જ થાય ॥૧૪૫॥

રાગદ્વેષજિતોઽર્હતોંઽઘ્રિયુગલં
પાણિદ્વયેનાર્ચયન્,
સાધુશ્રાવકધર્મભાક્ પરભવે
સ્વર્ગાપવર્ગૌ ભજેત્ ॥
દક્ષણ્દ્વિતીયેન રૂપગુણભુ-
ગ્યેહાપિ તોષં પરં,
ઘંટાચામરચેષ્ટિતેન વિવૃણો-
ત્યષ્ટાહ્નિકે કોત્તરા ॥૧૪૬॥

બીજી અઠ્ઠાઇ ઘંટા અને ચામરના ચેષ્ટિતથી એમ પ્રગટ કહે છે કે, રાગદ્વેષ-

રહિત એવા જિનરાજના બે ચરણકમલને બે હાથથી પૂજન કરનારો માણસ, સાધુ કે શ્રાવકના ધર્મને સેવનારો થઇ પરભવે સ્વર્ગ અને મોક્ષને પામે છે. વલી બે નેત્રથી શ્રી જિનેશ્વરના સ્વરૂપને નિરખનારો અને બે કાનથી જિનરાજના ગુણોને સાંભલનારો તે માણસ આ લોકને વિષે પણ ઉત્કૃષ્ટ એવા સંતોષને પામે છે ॥૧૪૬॥

ત્રૈલોક્યં ત્રિપદીતનુસ્ત્રિપથગા
પ્રીણાતિ યસ્યાન્વહં,
કાલેષુ ત્રિષુ તં ત્રિકાલવિદુરં દેવં
ત્રિશુદ્ધ્યા મહ ।
સ્વચ્છત્રત્રયસંપદે દિશતિ વો
યેનૈષ રત્નત્રયં,
ત્રિઃપુષ્પાંજલિસંજ્ઞયા જ્ઞપયતીત્ય-
હ્નચ્યુત્તરા ॥

ત્રીજી અઠ્ઠાઇ, ત્રણ પુષ્પાંજલિની સંજ્ઞાથી એમ સમજાવે છે કે, હે ભવ્યજન! જેની 'ઉપન્ને વા, વિગમે વા, ધ્રુવે વા', રૂપ ત્રણ-પદના શરીરવાલી ગંગા ત્રણલોકને નિરંતર પવિત્ર કરે છે એવા ત્રિકાલના જાણ શ્રી અરિહંત દેવને પ્રભાત, મધ્યાન્હ અને સાયંકાલને વિષે મન, વચન અને કાયાની શુદ્ધિએ કરીને પૂજન કર કે, જેથી કરીને તે દેવ; પોતાના છત્રત્રયરૂપ સંપત્તિને અર્થે રત્નત્રય (જ્ઞાન, દર્શન અને ચારિત્ર આપે છે ॥૧૪૭॥

વ્યાખ્યાસદ્મ ચતુર્વિધામરકૃતં
પ્રાપ્યાવદધશ્ચતુ-
ર્મૂર્ત્તિસ્તીર્થપતિશ્ચતુર્ગતિહિતં
ધર્મં ચતુર્દ્ધા બુધાઃ ॥

તં કુર્વંતુ ચતુઃકષાયરહિતાસ્તૂર્યે પુમર્થે રતાઃ
બ્રૂતે સંઘકૃતસ્તુતિપ્રતિસ્વને-
રતૂર્યેયમષ્ટાહિકા ॥૧૪૮॥

આ ચોથી અઠ્ઠાઇ, ચારપ્રકારના સંઘે કરેલી સ્તુતિના પડછંદાથી એમ કહે છે કે, જે ચાર મૂર્તિવાળા શ્રી તીર્થંકર પ્રભુએ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવતાઓએ રચેલા સમવસરણ પ્રત્યે વિરાજિત થઇ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચારપ્રકારની ગતિને સુખકારી એવા દાન. શીલ, તપ, અને ભાવ રૂપ જે ચાર પ્રકારનો ધર્મ કહ્યો છે તે ધર્મને હે પંડિત લોકો! તમે કામ, ક્રોધ, માયા અને લોભરૂપ ચાર કષાયથી રહિત

થઈને અને મોક્ષ નામના પુરૂષાર્થને વિષે પ્રીતિવાલા થઇને આદરો.

કિં પંચેંદ્રિયશર્મ પંચવિષયૈ-
મૂઁઢા મિતં વાછતો-
દંચંત્યશ્ચ સુભાવનાનિ દધતાં
પંચવ્રતાન્યુચ્ચકૈઃ ॥
પંચજ્ઞાનવતાં યથા બહુસુખા વઃ
સ્યાદ્ગતિઃ પંચમી,
સ્પષ્ટં જલ્પતિ પંચશબ્દનિનદૈ-
રષ્ટાહિકા પંચમી ॥૧૪૯॥

પાંચમી અટ્ઠાઇ વાજીત્રોના શબ્દથી એમ પ્રકટ કહે છે કે, હે મૂર્ખજનો! તમે સ્પર્શ રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર ઇંદ્રિયના પરિણામવાળા અલ્પ સુખને શા માટે ઇચ્છો છો! અતિશયે સ્ફુરાયમાન એવા ઉત્તમ ભાવનાવાલા પાંચ મહાવ્રતો

ધારણ કરો કે, જેથી મતિ, શ્રુત અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનવંત થયેલા તમને નિત્યસુખ આપનારી મોક્ષ રૂપ પાંચમી ગતી થાય ॥૧૪૯॥

જિત્વા ષડ્વિકૃતિસ્પૃહાં ષડપિ તાન્
મુક્ત્વારસાન્ શક્તિતઃ ।
ષડ્જીવાવનતસ્તપઃ કુરુત
ષડ્ભેદં બહિશ્ચાબહિઃ ॥
દ્વિડ્ષડ્વર્ગજયો મતઃ ષડતુજા
પૂજા ચ ચેન્માનસે,
ભટ્ટોજ્ઞાદિતષડ્પદધ્વનિરુવા-
ચાષ્ટાહિકા ષષ્ટિકા ॥૧૫૦॥

સુભટોએ બગાડેલા ષટ્પદના શબ્દ રૂપ છઠી અઠ્ઠાઇ એમ કહે છે કે, હે ભવ્યજનો! જો તમારા ચિત્તને વિષે છ શત્રુઓથી વિજય

કરવો માન્ય હોય અને છ ઋતુમાં ઉત્પન્ન થયેલી પૂજા માન્ય હોય તો તમે તેલ, ઘી, ગોળ, દુધ, દહીં અને પકવાન્ન રૂપ છ વિકૃતિની સ્પૃહા ત્યજી દઇ તથા મીઠા, તીખા કડવા, કહેલા, ખાટા અને ખારા એમ છ પ્રકારના રસને પણ મનના દઢપણાથી ત્યજી દઇ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોને રક્ષણ કરવાથી છ અંતરના અને છ બાહ્યના એમ બાર ભેદવાંલુ તપ કરો ॥૧૫૦॥

સપ્તાપિ વ્યસનાનિ સપ્તનરક-
દ્વારાણ્યહો સપ્તભી-
હેતૂનિ ત્યજતાશું પુણ્યનૃપતેઃ
ક્ષેત્રાણિ રાજ્યાંગવત્ ।

**સપ્તાપ્યાપ્નુત સપ્તભૂમિકગૃહે તત્ત્વે**
**વસંતુ સ્વયં,**
**સત્સપ્તસ્વરગીતકૈતવમુવા-**
**ચાષ્ટાહ્નિકા સપ્તમી ॥૧૫૧॥**

સાતમી અઠ્ઠાઇ ઉત્તમ એવા સાત સ્વર-વાલા ગીતના કપટને જેમ હોય તેમ કહે છે કે, હે ભવ્યજનો ! તમે, સાત નરકના અને સાત ભયના કારણ એવા સાત વ્યસનને ત્યજી દ્યો અને પુણ્ય રૂપ ભૂપતિના જિન-ભવનાદિ સાત ક્ષેત્રોને રાજ્યાંગની પેઠે શીઘ્ર મેળવો. તથા સાત માળના મહેલ સમાન સાત તત્ત્વને વિષે નિવાસ કરો ।૧૫૧।

**સુકૃત્વાષ્ટૌ મદકારણાન્યવિરત**
**સત્પ્રાતિહાર્યાષ્ટકં,**
**દૈવં પૂજ્ય પૂજ્યાષ્ટવિધયા**
**યેનેષ તુષ્ટ: પદમ્ ॥**

તદ્દ્વો યચ્છતિ યત્ર નાસ્તિ પતનં
દુષ્ટાષ્ટકર્માપદા,
ચષ્ટે માંગલિકાષ્ટદીપકમિષા-
દષ્ટાહ્નિકાષ્યષ્ટમી ॥૧૫૨॥

આઠમી અઠ્ઠાઇ અષ્ટમંગલિક દીવાથી એમ કહે છે કે, હે ભવ્યજનો। તમે જાતિ, કુલ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ, સંપત્તિ રૂપ મદના આઠ કારણોને ત્યજી દઇ ઉત્તમ પ્રકારની ફુલ, ચોખા, જળ, ફલ, ચંદન, દીવો, નૈવેદ્ય એ વિગેરેથી આઠ પ્રકારી પૂજાએ કરીને તે દેવની પૂજા કરો કે, જે દેવ તે પૂજાથી પ્રસન્ન થઇ તમને તેવું પદ આપશે કે, જે પદથી દુષ્ટ આઠ કર્મરૂપ આપત્તિએ કરીને પણ સંસારમાં પડવાપણું નહિ થાય ॥૧૫૨॥

નૈતેડપ્યેત હ્યુવાપમાનવિગમા-
દષ્ટાહ્નિકા વાસરા,
એકૈકોચ્ચકલા ઇતીંદુસદ્દશાઃ
કિંચિત્ત્વભૂવન્નિમે ।।
શ્રાદ્ધસ્વાંતપયોધિનેત્રકુમદ-
શ્રેણી ચકોરક્ષણો-
લ્લાસાય સ્મરતાપમોહતિમિરો-
ચ્છિત્ત્યૈ યતોડહર્નિશમ્ ।।૧૫૩।।

એ પૂર્વે કહેલા અઠ્ઠાઇના દિવસો ઉપમારહિત હોવાથી તે પોતે ન હોય તેવા દેખાય છે. વળી તેઓ એક એકથી અધિક મહિમાવાળા હોવાને લીધે કાંઇક ચંદ્રસમાન છે. તે કારણ માટે તે દિવસો શ્રાવકનાં ચિત્તરૂપ સમુદ્રના ઉલ્લાસને માટે, શ્રાવકનાં નેત્ર રૂપ કુમુદની પંક્તિના હર્ષને

માટે અને શ્રાવક રૂપ ચકોરનાં નેત્રના આનંદને માટે હો. વળી કામદેવના તાપના નાશને અર્થે અને મોહ રૂપ અંધકારના ક્ષયને માટે પણ હો ॥૧૫૩॥

હવે બે કાવ્યથી દીપોત્સવદ્વાર કહે છે.

(વસંતતિલકાવૃત્તમ્)

કલ્યાણકં ભગવતાં ધુરિ યત્ર ચાભૂત,
શ્રેષ્ઠઃ સ એવ દિવસઃ પુનરાગતોઽદ્યઃ ॥
શ્રીવીરમોક્ષદિવસોદ્ભવદીપપર્વ,
યદ્વત્તતઃ સુકૃતિનોઽત્ર મહોઽનુવર્ષમ્૧૫૪

જે દિવસે શ્રી વીરપ્રભુના નિર્વાણ કલ્યાણકથી ઉત્પન્ન થયેલા દીવાળીના પર્વની પેઠે તીર્થંકરોનું ધુરંધર કલ્યાણક છે. તે અતિ ઉત્તમ એવો દિવસ વળી આજે પ્રાપ્ત થયો;

માટે પુણ્યવંત માણસોએ દરેક વર્ષમાં આ કલ્યાણકના દિવસને વિષે ઉત્સવ કરવો.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

સદ્ધ્યાનોજ્વલદીપકઃ પ્રવિલસ-
ત્સ્વાધ્યાયમેરાત્રિકઃ,
કલ્પાચારસુભોજનઃ સુગુણવા-
ક્તાં બુલશોભાશુભઃ ॥
અશ્રીનિર્ગમલક્ષ્મ્યુપાગમજય-
જ્યેષ્ઠાવનામોત્તરઃ,
શીલાલંકૃતિભાગ્ મુદે ભવતુ વો-
ઽર્હદ્ધર્મદીપોત્સવઃ ॥૧૫૫॥

ઉત્તમ ધ્યાન રૂપ જાજવલ્યમાન દીવા-વાળો, દેદીપ્યમાન સ્વાધ્યાય રૂપ મેરાયાવાલો કલ્પાચાર રૂપ ઉત્તમ ભોજન છે જેને વિષે

એવો, ઉત્તમ ગુણોની વાણી રૂપ તાંબુલની શોભાથી મનોહર, અલક્ષ્મીના જવાથી, લક્ષ્મીના આવવાથી, જયથી અને ગુર્વાદિ જનોને પ્રણામ કરવાથી ઉત્કૃષ્ટ તથા શીલ રૂપ અલંકારને ધારણ કરનારો એવો જે દીવાળીનો ઉત્સવ તે તમારા હર્ષને અર્થે થાઓ ॥૧૫૫॥

હવે બે કાવ્યથી વ્યાખ્યાનસમર્થનદ્વાર કહે છે.

**વ્યાખ્યાનં શ્રુતદુગ્ધસારમધિકં**
**સ્નિગ્ધં નિપીયાદરા-**
**-ન્માત્યાશુ રસિતા સુધા શમદધિ-**
**શ્રેયોધૃતોચ્છ્રાયકૃત્ ॥**
**અસ્માત્તસ્ય સમર્થનાદ્યતદિદં**
**કાલેન ભવ્યૈઃ પુનઃ,**

સમ્યક્ત્વાંગવિવૃદ્ધિકૃદ્ બહુતૃષા
પેયં તમસ્તાપભિત્ ॥૧૫૬॥

હે ભવ્યજનો! ઉપશમ રૂપ દહીં અને મોક્ષ રૂપ ઘીની વૃદ્ધિ કરનારું એવું જે સિદ્ધાંત રૂપ દુધ તેનાં સમાન સારભૂત એવા વ્યાખ્યાનને બહુ આદરથી સાંભળીને તૃપ્ત થયા છતા તેને (વ્યાખ્યાનરૂપ દુધને) ત્યજી દેશો નહિ. કારણ તે વ્યાખ્યાન રૂપ દુધની હમણાં પણ યાચના કરાય છે અને તેથીજ સમ્યક્ત્વ રૂપ શરીરની વૃદ્ધિ કરનારું તથા અજ્ઞાન રૂપ તાપને ભેદી નાખનારું તે વ્યાખ્યાન રૂપ દુધ અવસરે તમારા સરખા ભવ્યજનોએ બહુ તૃષાથી પાન કરવા યોગ્ય છે ॥૧૫૬॥

સિદ્ધાંતાંબુધિસંભવેડધ વિરતે
વ્યાખ્યાઘને સદ્રસૌ-
દૃષ્ટાંતૈઃ સકષાયતાપજનહૃ-
દ્ભૂમિં શમિત્વાભિતઃ ॥
સપ્તક્ષેત્રધરાસુ વિત્તવપનં
કુર્વંતુ વઃ પુણ્યતો-
નિઃસપ્તવ્યસનેતિભીતિ વિવિધં
શસ્યં યથા સ્યાજ્જનાઃ ॥૧૫૭॥

હે સજ્જન પુરુષો ! સિદ્ધાંત રૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલો વ્યાખ્યાન રૂપ મેઘ, દૃષ્ટાંત રૂપ ઉત્તમજલે કરીને કષાયના તાપવાળા જનોનાં હૃદય રૂપ પૃથ્વીને સિંચન કરીને વિરામ પામે છતે તમે સાતક્ષેત્ર રૂપ પૃથ્વીને વિષે વિત્તનું વાવવું કરો કે, જેથી પુણ્યને લીધે સાત વ્યસન રૂપ સાત ઇતીના

ભય રહિત એવું બહુ પ્રકારનું ધાન્ય તમને પ્રાપ્ત થાય ।૧૫૭॥

હવે એક કાવ્યથી કાર્તિક ચાતુર્માસદ્વાર કહે છે.

વ્યાખ્યાનાંબુધરોપદેશસલિલૈઃ
સુશ્રાદ્ધચેતઃ સરઃ-
પૂર્ત્તિઃ કીર્તિનદીતત્તિર્મલરજ-
શ્છિત્તિશ્ચ યત્રાભવત્ ॥
બાલશ્રાવકભેકકેકિપઠન-
સ્વાધ્યાય કોલાહલં,
સત્કૃત્યાન્નફલાય વો ભવતુ
તદ્વર્ષાચતુર્માસકમ્ ।૧૫૮।

જે કાર્તિક ચોમાસાને વિષે વ્યાખ્યાન [illegible] જળવડે સુશ્રાવકના

ચિત્ત રૂપ તળાવો ભરપૂર થાય છે. કીર્તિ-રૂપ નદીનો પ્રવાહ વહે છે અને પાપ રૂપ રજનો નાશ થાય છે. તે બાલશ્રાવક રુપ દેડકા અને મોરના અભ્યાસનો છે શબ્દ જેને વિષે એવું કાર્તિક ચોમાસું તમારા સત્કૃત્ય રૂપ ધાન્યનાં ફળને અર્થે થાઓ ॥૧૫૮॥

હવે એક કાવ્યથી વિહારદ્વાર કહે છે.

(સ્રગ્ધરાવૃત્તમ્)

ઘસ્રે શીતોષ્ણકાલે પ્રથમવયસિ
તત્કર્મ કુર્વીત વિદ્વાન્,
યેનાંતે સ્યાત્સુખીતોવયમપિ તદહો-
ડ્વેત્યકુર્મોવિહારમ્ ।
નાનાર્હત્તીર્થયાત્રા શ્રુતધરનમનં
સંશય્યાંતઃ શ્રુતાય:,

શુદ્ધાન્નોપધ્યવાપ્તિઃ પ્રવચનમહિમા
મૂઢબોધાદ્યતો યત્ ॥૧૫૯॥

વિદ્વાન માણસે દિવસે, શિયાળામાં, ઉનાળામાં અને યુવાવસ્થામાં તેવું કાર્ય કરવું જોઇએ કે, જેથી રાત્રિમાં, વર્ષાકાલમાં અને વૃદ્ધાવસ્થામાં સુખી થવાય. એજ કારણથી અમે પણ તે કાર્યને જાણી વિહાર કરીએ છીએ કે, જેથી નાના પ્રકારના અર્હંતના તીર્થની યાત્રા, સિદ્ધાંતના જાણ એવા ગુર્વાદિને નમસ્કાર, શાસ્ત્રના સંશયનો નાશ, શુદ્ધ એવા આહાર અને ઉપધિનો લાભ તેમજ મૂર્ખજનને પ્રતિબોધ કરવાથી જિનશાસનની ઉન્નતિ એ સઘલું થાય છે. આવાં કારણથી અમે વિહાર કરીએ છીએ ॥૧૫૯॥

હવે બે કાવ્યથી કાર્તિકપારણુક કહે છે.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

ચાતુર્માસિકમેકપારણુદિનં
નૂનં ફલં પ્રાપ્નુયાત્ ,
ભર્તુર્વાર્ષિકમપ્યવાપ ન કથં
શ્રેયાંસ એકાહ્નયપિ ॥
સ્થાનસ્થાસનિખાતકોટિવિભવઃ
કોટીશ્વરઃ કિં ભવેત્ ,
કોટિમૂલ્યમહામણિં કરતલે કિં
બેલયન્નાપરઃ ॥૧૬૦॥

એક પારણાના દિવસપ્રત્યે ચોમાસાનું ફલ પ્રાપ્ત થાય છે. જૂઓ કે, શ્રેયાંસકુમારે એકજ દિવસે શ્રી આદિનાથને પારણું કરાવી શું વર્ષનું ફલ નથી મેલવ્યું ? દૃષ્ટાંત કહે

છે કે, સ્થાને સ્થાને કોટીસંખ્યાવાલું દ્રવ્ય ભૂમિમાં દાટી રાખનારો માણુસ શું કોટીશ્વર કહેવાય ? અને બીજો કોટીમૂલ્યના રત્નને હાથમાં ખેલાવનારો શું કોટીશ્વર ન કહેવાય. અર્થાત્ બન્ને કોટીશ્વર કહેવાય છે ॥૧૬૦॥

હવે જે કાવ્યથી સંઘાચાર્યદ્વાર કહે છે.

તીર્થૈશ્ચૈવર્તધર્મપોષણપુર-
સ્કારાત્પરામુન્નતિં,
નીતં યચ્ચ દદાતિ ભૂતિમતુલાં
શ્રીશાલિભદ્રાદિવત્ ॥
તન્નિઃસત્ત્વતિરસ્કૃિયાલઘુ કલૌ
દાનં ત્વયોલ્લાસિતં,
કૈઃ કૈર્ભંદ્ર પુનઃ ફેલિષ્યતિ ફલે-
સ્તત્વૈજિંનો વેત્તિ તત્ ॥૧૬૧॥

વ્રતને વિષે અને ચાર પ્રકારના ધર્મને વિષે અનુકંપાદાન મુખ્ય છે. એ કારણથી એ અનુકંપાદાનને તીર્થંકરોએ વ્રત ધર્મના પોષણને વિષે અગ્રેસર કરવાથી મ્હોટી ઉન્નતિને પમાડયું છે. તે દાન શાલીભદ્રને આપી તેમ બીજાઓને પણ બહુ લક્ષ્મી આપનારું થાય છે. હે પુણ્યવંત જીવ! તેં તેવા દાનને આ કલિયુગને વિષે દરિદ્રી લોકોને કાઢી મૂકવાથી લઘુપણા રૂપ પ્રકટ કર્યું, તો તે દાન તને કેવાં કેવાં ફલોથી ફલીભૂત થશે. તે જો જાણી શકે તો તત્ત્વથી જિનેશ્વર જ જાણી શકે તેમ છે, પણ બીજાથી જાણી શકાય તેવું નથી ॥૧૬૧॥

**માન્યસ્તીર્થપતેઃ પરિગ્રહ ઇવ**
**ક્ષ્માપસ્ય સંઘો ધ્રુવં,**

**ધન્યો યસ્ય ગૃહાંગણું સ ચરણાં-**
**ભોજૈઃ પુનીતેતરામ્ ॥**
**કિં બ્રૂમઃ ફલમસ્ય તદ્ભરતવ-**
**દ્યોઽર્ચત્યમું સંમદાત્,**
**શ્રીરપ્યસ્ય ગ્રહે સ્થિરાઃ પ્રતિભુવઃ**
**શ્રીજૈનપાદા ઇમે ॥૧૬૨॥**

જેવી રીતે રાજાને પોતાનો મંત્રી વિગેરે પરિવાર માન્યકારી હોય છે તેવીરીતે શ્રી તીર્થંકરને નિશ્ચે સંઘ માન્યકારી છે. માટે તે સંઘ પોતાના ચરણકમલે કરીને જે પુરૂષના ઘરને પવિત્ર કરે છે, તે પુરૂષને ધન્ય જાણવો. એ સંઘનું પૂજન કરનારને ફલ તો શું કહીયે ? પરંતુ જે પુરૂષ ભરતરાજાના પેઠે અતિ હર્ષથી એ સંઘનું પૂજન કરે છે તેના ઘરને વિષે લક્ષ્મી નિશ્ચલપણે નિવાસ કરે છે તેમાં

આ પ્રત્યક્ષ જિનેશ્વરના ચરણોજ સાક્ષિરૂપ છે ॥૧૬૨॥

**નાત્વા ક્ષેત્રે પવિત્રે ઘનસમયમમી**
**સંયતા રાજહંસા-**
**સ્તત્તત્સ્થાને વિજહ્રુઃ સુકૃતિભિરનિશં-**
**જાડચશીતં ચ ભિન્નમ્**
**શીલક્ષોમૈસ્તપોગ્નિવ્રતનિયમગૃહૈ-**
**ર્ભાવનાગંધતૈલૈ-**
**ર્યત્રાચાર્યાર્કગોભિર્હિમસમયચતુ-**
**ર્માસકં તુન્મુદે સ્તાત્ ॥૧૬૩॥**

આ સાધુરૂપ રાજહંસો પવિત્ર ક્ષેત્રને વિષે વર્ષાકાલને નિવૃત્ત કરી તે તે દેશમાં વિહાર કરે છે કે, જે દેશમાં શિયાળાના ચાર માસને વિષે પુણ્યવંત માણસો શીલ-

રૂપ વસ્ત્ર, તપરૂપ અગ્નિ, વ્રત અને નિયમરૂપ ઘર, ભાવનારૂપ સુગંધી તેલ અને આચાર્યરૂપ સૂર્યનો તાપ ઇત્યાદિવડે મૂર્ખપણારૂપ ટાઢને દૂર કરે છે, તે ફાલગુન ચોમાસું હર્ષને અર્થે થાઓ ॥૧૬૩॥

એક કાવ્યથી રજઃપર્વ કહે છે.

ચાતુર્માસિકપર્વસંભવતપો-
વહ્નિસ્તદાવશ્યક-
ભ્રશ્યત્કર્મદલોચ્છ્રિતસ્થગણક-
સ્તોમેઽત્ર ભસ્મીકૃતે ॥
પ્રાતર્વંદનકે મુખાંશુકવિધિ-
વ્યાજાદ્વિકીર્ણેઽલિતઃ,
ધન્યોઽર્હદ્ગુણફાલ્ગુનોઽમલરજાઃ
સ્યાદાગમાંભઃપ્લવૈઃ ॥૧૬૪॥

ચાતુર્માસ પર્વથી ઉત્પન્ન થયેલા તપ-રૂપ અગ્નિમાં ચાતુર્માસ પર્વના પ્રતિક્રમણ વડે પડતાં એવાં કર્મના દલરૂપ ઉચ્છળતાં છાણાંનો સમૂહ ભસ્મ થયે છતે અને તે ભસ્મ પ્રાતઃકાલના વંદનને વિષે મુખવસ્ત્રિ-કાના મીષથી ચારે તરફ ઉડી ગયે છતે અરિહંતના ગુણરૂપ ધન્ય એવો ફાલ્ગુન માસ આગમરૂપ જલના સ્નાનથી પાપરહિત થાય છે ॥૧૬૪॥

બે કાવ્યથી ઈંદ્ર મહોત્સવ દ્વાર કહે છે.

**સ્પર્દ્ધા મહત્સુ નરવાફ્ શુકવત્ ફૂલમાય,**
**સત્યં પુનઃ પદમુપૈતિ જનઃ સમર્થઃ ॥**
**મર્ત્યા હિ પંચમગુણસ્થિતિમુક્તિયોગ્યાઃ,**
**શ્રાદ્ધેષુ તજ્જિનમહેડનુચિતેંદ્રતાડપિ**
**॥૧૬૫॥**

જેવી રીતે માણસની ભાષા પોપટને શ્રમ માટે થાય છે તેમ મ્હોટા પુરૂષને વિષે સ્પર્ધા કરવી એ પણ શ્રમને માટે જ થાય છે—એ સત્ય છે. માણસો પાંચમી ગુણ-સ્થિતિ અને મુકિતને યોગ્ય છે. તો જિને-શ્વરના કલ્યાણકને વિષે શ્રાવકોને ઇંદ્રપણું પણ અયોગ્ય છે. કારણ કે, ઇંદ્રને પણ ચોથી ગુણસ્થિતિએ રહેવાપણું છે ॥૧૬૫॥

દેવૈર્જિનસ્ય યદિ જન્મમહાદિ ચક્રે,
ન શ્રાવકૈરનુકૃતિઃ ક્રિયતાં તદેષામ્ ॥
સ્વઃ શક્રદંતિમદતુંબરુગાનરંભા-
નૃત્યાદિ ચેદ્દ્ભુવિ ન કોઽપિ તતઃ કરોતુ
॥૧૬૬॥

જો દેવતાએ જિનરાજના જન્મ મહોત્સવાદિ કર્યાં છે, તો શ્રાવકોએ તે પ્રમાણ શું ન કરવું જોઇએ ? અર્થાત્ કરવું જોઇએ

દૃષ્ટાંતે કહે છે કે, જો સ્વર્ગમાં ઐરાવત હાથીનો મદ, તુંબુરૂ નામના ગંધર્વનું ગાન અને રંભા અપ્સરાનું નૃત્યાદિ છે તો પછી પૃથ્વીને વિષે મદ, માન અને નૃત્યાદિ કોઇ શું ન કરે ? અર્થાત્ કરે ॥૧૬૬॥

હવે બે કાવ્યથી મહાપૂજાદ્વાર કહે છે.

**જૈનાચર્યાપિ નવભિઃ કુસુમૈરશોક**
**ઉચ્ચોચ્ચસંપદભવન્નવસેવધીશઃ ॥**
**લક્ષાર્ચનને તુ ફલં જિન એવ વેત્તિ,**
**સદ્ભૂસ્થકાલઘનસિક્તસુબીજવત્તત્**
**॥૧૬૭॥**

અશોક નામનો માલી નવ પુષ્પોવડે કરેલી જિનરાજની પૂજાથી અધિક સંપત્તિ વાલો થઇ નવનિધાનનો અધિપતિ થયો તો પછી લક્ષ દ્રવ્ય ખરચીને કરેલી જિનરાજની પૂજાનું ફલ તો ઉત્તમ ભૂમિમાં

રહેલાં અને વર્ષાકાલના મેઘથી સિંચન થયેલાં શ્રેષ્ઠ બીજની પેઠે કેવલી એવા જિનરાજ પોતે જ જાણે છે. ॥૧૬૭॥

આશ્ચર્યકારિ ફલમપ્યતુલં પ્રદાસ્ય-
ત્યાશ્ચર્યભંગિભિરિયં વિહિતા જિનાર્ચા॥
કાર્યં હિ કારણગુણેન ભવેત્તુ ચિત્રં,
પુષ્પૈરિમૈસ્ત્રિદશવૃક્ષફલપ્રસૂતિ॥૧૬૮॥

આશ્ચર્યકારક રચનાવડે કરેલી જિનરાજની પૂજા નિશ્ચે આશ્ચર્યકારી બહુ સમૃદ્ધિ વિગેરે તે પૂજાનું ફલ આપે છે. કારણ કે, કારણના ગુણથી એટલે એકઠા થયેલા કારણરૂપ તંતૂ (ત્રાગડા) થી પટ (વસ્ત્ર) રૂપ કાર્ય થાય છે. અહિં આશ્ચર્ય એજ છે કે, આ પૃથ્વીમાં ઉત્પન્ન થયેલા

પુષ્પથી કલ્પવૃક્ષ જે ફલ આપે છે તે ફલ મલે છે ॥૧૬૮॥

હવે એ કાવ્યથી ચૈત્યપરિપાટી દ્વાર કહે છે.

અપ્યેકજૈનભવનસ્નપનાદિમા યદ્ભ-
ભાવાદુપાર્જિ સુકૃતં શિવકૃદ્ભવદ્ભિઃ ॥
સ્થાનં ક્વ ચૈત્યપરિપાટિકયાર્જિતસ્ય,
જ્ઞાતં મહત્સ્તુતિકૃતાં હૃદયાનિ સંતિ
॥૧૬૯॥

તમે ભાવથી એક જિનરાજની પૂજાવડે મોક્ષ આપનારૂં પુણ્ય મેળવ્યું; તો પછી ચૈત્યપરિપાટીથી મેલવેલા પુણ્યનું સ્થાન કયાં ? હા મે જાણ્યું ? મહોત્સવને વિષે સ્તુતિ કરનારાઓનાં હૃદયો ચૈત્યપરિપાટીથી મેળવેલાં પુણ્યનાં સ્થાન હોય છે ॥૧૬૯॥

**અર્ઘોદિયાય સુદિનો ભવતાં કલા વા,**
**જજ્ઞે યદલ્પવસુનાપિ હિ ભૂરિલાભઃ ॥**
**ચૈત્યાવલીષુ યદુપાર્જિ શિવાય પુણ્યં,**
**ભકૂત્યા સુલભ્યદલપુષ્પફલોપહારૈઃ**
**॥૧૭૦॥**

આજે તમારો મનોહર દિવસ ઉગ્યો અથવા તો તમારૂં ઉત્તમ વિજ્ઞાન ઉદય પામ્યું. કારણ કે, તમને થોડા ધનથી મ્હોટો લાભ મળ્યો છે. તે લાભ એકે, સુખે મેળવી શકાય એવાં પત્ર, પુષ્પ અને ફળો અર્પણ કરવારૂપ જિનમંદિરોમાં કરેલી ભક્તિપૂર્વક પૂજાથી તમે જે પુણ્ય મેળવ્યું તે પુણ્ય મોક્ષને માટે થયું. આજ કારણથી તમને થોડા ધન વડે મ્હોટો લાભ થયો ॥૧૭૦॥

હવે ત્રણ કાવ્યથી ઉદ્યાપન દ્વાર કહે છે.

[ ઈંદ્રવજ્રાવૃત્તમ્ ]

શુદ્ધં તપઃ કેવલમપ્યુદારં,
સોદ્યાપનસ્યાસ્ય પુનઃ સ્તુમઃ કિમ્ ॥
હૃદ્યં પયો ધેનુગુણેન તત્તુ,
દ્રાક્ષાસિતાક્ષોદયુતં સુધૈવ ॥૧૭૧॥

ઉદ્યાપનાદિ વિના પણ કરેલું શુદ્ધ તપ બહુ ફલ આપનારૂં થાય છે તો પછી ઉદ્યાપન સહિત એવાં તે તપનું તો શું વર્ણન કરીયે? દૃષ્ટાંત કહે છે કે, દુધ એ ગાયના ગુણથીજ પુષ્ટિ કારક છે તો પછી દ્રાક્ષ અને સાકર સહિત એવું તે દુધ ખરેખરૂં અમૃતજ થાય છે ॥૧૭૧॥

સિંહતપઃપ્રક્રમ એવ તાવત્,
દુઃકર્મદંતાબલમંડલીનામ્ ॥
તદદ્ય તસ્મિન્ પ્રખરાનિવેશો,
યદ્ધદ્યદુદ્યાપનવિસ્તરોઽયમ્ ॥૧૭૨॥

પ્રથમ આઠ કર્મ રૂપ દુષ્ટ હસ્તિઓની પંક્તિને નાશ કરવામાં તપક્રમ સિંહ છે. તે કારણથી આજે તે તપક્રમને વિષેજ જેમ સિંહ ઉત્કટ નિવેશરૂપ છે તેવો આ પ્રત્યક્ષ ઉદ્યાપનનો વિસ્તાર છે. ॥૧૭૨॥

વૃક્ષો યથા દોહદપૂરણેન,
કાયો યથા સદ્રસભોજનેન ॥
વિશેષશોભાં લભતે યથોક્તે-
નોદ્યાપનેનૈવ તથા તપોઽપિ ॥૧૭૩॥

જેમ ઝાડ ઇચ્છા પૂરક ફલ આપવાથી

વધારે શોભા પામે અને જેમ શરીર ઉત્તમ ભોજન કરવાથી વધારે શોભા પામે તેમ તપ પણ શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ઉદ્યાપન કરવાથી વધારે શોભા પામે છે. ॥૧૭૩॥

એક કાવ્યથી ધ્વજારોપ કહે છે.

ભૂંપચ્છત્રગુરૂદરાવૃતિરથાદ્યેષૂપયોગાન્મયા
વંશત્વે કટસુંડકાદિષુ જના-
શ્ચારાધિતા ભૂરિશઃ ॥
નેતકૃત્રાપિ મહત્ત્વમાપિ વિલસ-
ત્કેત્વગ્રહસ્તો રણત્-
ઘંટાવાગ્ભિરિતિ ધ્વજસ્ત્વરયતે
વો દેવતારાધને ॥૧૭૪॥

હે લોકો ! જિનેશ્વરના પ્રાસાદ ઉપર રહેલો વાંસરૂપ ધ્વજ ઉડતા લુગડા રૂપ

હાથને લાંબો કરીને વાગતિ એવી ઘુઘરીયો-
ના શબ્દથી એમ કહે છે કે, મેં રાજાઓના
છત્રમાં, રથની ધજામાં, વાડીમાં તેમજ
સાદડી અને સુંડલાદિકમાં ઉપયોગથી બહુ
માણસોને સેવ્યા છે, તો પણ આવું મ્હોટા-
ઇપણું પામ્યો નથી ॥૧૭૪॥

હવે એક કાવ્યથી અષ્ટવિધ પૂજા કહે છે.

નૈવેદ્યૈઃ સજલૈઃ શિવાદેવસુખદં
સ્પષ્ટં સમં શંબલં,
ધૂપેનોર્ધ્વગતિઃ સુગંધિતદિશા-
વાસેન શુભ્રં યશઃ ॥
નૃસ્વર્ગાદિફલં ફલૈશ્ચ કલશૈ-
ર્જૈનાટકાર્ચાત્મનઃ;
પુષ્પૈર્લોકશિરઃ સ્થિતિઃ શિવતનુ-
દીપૈર્જિનાર્ચાફલમ્ ॥૧૭૫॥

જળ સહિત નૈવેદ્યવડે જિનરાજની પૂજા કરવાથી મોક્ષમાર્ગને વિષે સુખ આપનારું પ્રગટ ભાથું મળે છે. ધૂપવડે પૂજા કરવાથી ઉંચી ગતિ, સુગંધિ દિશા કરવાથી ઉજવળ યશ, ફૂળવડે પૂજા કરવાથી મનુષ્ય અને દેવાદિ ફળ અને ચોખાવડે પૂજા કરવાથી અક્ષતપણું (નહિં ક્ષય થવાપણું) પ્રાપ્ત થાય છે. વળી પુષ્પવડે જિનરાજની પૂજા કરવાથી સર્વ લોક ઉપર નિવાસ અને દીપવડે પૂજા કરવાથી મોક્ષશરીર આવી મળે છે; માટે જેવી રીતે પૂજા કરીએ તેવું ફળ પ્રાપ્ત થાય છે ॥૧૭૫॥

હવે એક કાવ્યથી અષ્ટમંગળ કહે છે.

**આદર્શોદિતકેવલર્દ્ધિરસમૌ-**

**શ્ચર્યશ્ચ ભદ્રાસના-**

દ્બ્રહ્માંડસ્ય શરાવસંપુટતનોઃ-
યઃ કામકુંભઃ પુરઃ ॥
શ્રીવત્સાંગમિવ સ્ફુટશ્ચ તનુતે
નિત્યોત્સવઃ સ્વસ્તિકા-
ન્નંદાવર્તવદદ્ભુતાકૃતિકૃતા-
નંદઃસ વોઽવ્યાજ્જિનઃ ॥

જેમને દર્પણની પેઠે કેવળ પ્રાપ્ત થયું છે. ભદ્રાસનથી જેમને મ્હોટું ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે. પાત્રના સંપુટ સમાન શરીરવાળા બ્રહ્માંડની આગળ જે પૂર્ણકલશ રૂપ છે. સ્વસ્તિકથી જેમને શ્રીવત્સાંગની પેઠે પ્રત્યક્ષ હંમેશાં ઉત્સવ છે. નંદાવર્તની પેઠે જેમણે અદ્ભુત આકૃતિથી આનંદ ઉપજાવ્યો છે એવા તે જિનરાજ તમારું રક્ષણ કરો ॥૧૭૬॥

હવે બે કાવ્યથી મુક્તિદ્વાર કહે છે.

મુક્તેઃ સૌખ્યપ્રમાણં ભવતુ સુરગિરિઃ
સોઽસ્તિ વા યોજનાનાં,
લક્ષં વાર્દ્ધિઃ સ્વયંભૂરમણ ઇતિ પુનઃ
સોઽસ્તિ રજ્જુપ્રમાણઃ ।
લોકાતીતં તદેતજ્જિનપતિરપિ વા
નોપમાતું પ્રગલ્ભો,
ભૂમૃદ્ભોગાનુભૂતિં સ્વજનમનુવદન્
યદ્વદજ્ઞઃ પુલિંદઃ ॥૧૭૭॥

મોક્ષસુખનું પ્રમાણ મેરુપર્વત જેટલું મ્હોટું કહીએ તો તે ઘટતું નથી. 'કારણ કે, મેરુપર્વત લાખ યોજનનો છે મુક્તિસુખ બહુ મ્હોટું છે. વળી મોક્ષસુખનું પ્રમાણ સ્વયંભૂરમણ સમુદ્ર જેટલું કહીએ તો તે

પણ ઘટતું નથી; કારણ તે પણ રજ્જુપ્રજ્ઞાણ એટલે દોરડીવતી માપી શકાય તેટલો છે. અર્થાત્ મેરુપર્વત અને સ્વયંભૂરમણસમુદ્ર એ બન્ને લોકમાં છે માટે તેમનું પ્રમાણ જાણી શકાય છે અને મોક્ષસુખનું પ્રમાણ જાણી શકાતું નથી. તે મોક્ષસુખ તો લોકના સુખથી બહાર છે; માટે તે સુખ જિનેશ્વરો જાણી શકતા હશે; પરંતુ જિનેશ્વરો પણ રાજાની ભોગલક્ષ્મીના અનુભવને જાણતા છતા પણ પોતાના કુટુંબીને કહેવા સમર્થ નહિ થયેલા ભીલ્લની પેઠે તે મોક્ષસુખને ઉપમાથી દૃઢ કરવાને સમર્થ થતા નથી ॥૧૭૭॥

યત્પાદાંબુજભૃંગતામવિરતં
ભેજુસ્ત્રિલોકીજના,

યશ્ચિંતામણિવત્તદીયરુદયા-
ભીષ્ટાર્થસંપાદકઃ ॥
સોઽપ્યર્હન્મહિતો યદર્થમતિશં
તત્તત્તપસ્તપ્તવા-
ન્નાભિષ્ટંહૃદિ કસ્ય કસ્ય તદહો
નૈઃ શ્રેયસં મંગલમ્ ॥૧૭૮॥

ત્રણ લોકના પ્રાણીઓ જેમના ચરણ-કમળને ભમરાની પેઠે સેવન કરે છે અને જે ચિંતામણિ રત્નની પેઠે તે સેવા કરનારાને મનોવાંછિત આપે છે તે પૂજ્ય શ્રી અરિહંત પ્રભુએ મુક્તિને માટે નિરંતર તે તપ કર્યું. અહો ! આશ્ચર્ય છે કે, કોના કોના હૃદયને વિષે મોક્ષરૂપ માંગલિક ઈષ્ટ નથ ! અર્થાત્ સર્વને ઈષ્ટ છે ॥૧૭૮॥

હવે એક કાવ્યથી ગ્રંથકર્તા પોતાનું નામ દર્શાવે છે.

**શ્રી વજ્રસેનસ્ય ગુરોસ્ત્રિષષ્ઠિ-**
**સારપ્રબંધસ્ફુટસદ્‌ગુણસ્ય ।।**
**શિષ્યેણ ચક્રે હરિણેયમિષ્ટા,**
**સૂક્તાવલી નેમિચરિત્રકર્ત્રા ।૧૭૯।**

ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્રના કર્તા શ્રી વજ્રસેન ગુરુના શિષ્ય એવા હરિ નામના કવીશ્વર કે, જેમણે શ્રી નેમિનાથનું ચરિત્ર રચ્યું છે તે કવીશ્વરે આ સૂક્તમૂકતાવલી (કર્પૂરપ્રકર) નામનો ગ્રંથ રચ્યો છે ।૧૭૯।

**।। ઇતિ કર્પૂરપ્રકર સમાપ્તમ્ ।।**

# નિત્ય સ્વાધ્યાયમાં ઉપયોગી

પૂજ્ય સાધુ – સાધ્વીજી તથા તેઓશ્રી પાસે આવતા શ્રાવક–શ્રાવિકા સંક્ષેપમાં સ્વાધ્યાય કરી શકે, તાત્વિક બોધ મેળવી શકે, ચાતુર્માસમાં નાના નાના પ્રકરણો કંઠસ્થ કરી શકે, સમયનો સદુપયોગ થાય, સામાયિક શાળા, સત્સંગ મંડળમાં પણ ઉપયોગી બને, અરસ – પરસ અનુપ્રેક્ષા કરે તેવું ઉપયોગી સાહિત્ય, નાના કદમાં થોડા પેજનું આ રીતે પ્રગટ થાય છે. તે સૌ જ્ઞાન પિપાસુઓને ઉપયોગી બને એજ અભિલાષા.